शास्त्रकर्तृआशिष.

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखीभवन्तु लोकाः ॥ १ ॥

[illegible] શાંતિ પ્રસરો ! સમસ્ત પ્રાણીઓ [illegible] થાઓ ! [illegible] નિર્મૂળ થાઓ ! અને [illegible] સુખી સુખી થાઓ ! १

परमार्थभावना.

[illegible] ॥ २ ॥

[illegible]

જ્ઞાનદાન સૌથી શ્રેષ્ઠ છે તેથી આબાલવૃદ્ધ, અલ્પમતિ તેમજ પંડિત જનોને ઉપયોગી થઇ પડે તેવા પૂર્વાચાર્ય પ્રણીત ઉત્તમ ગ્રંથો તેમજ ચાલુ જમાનાને અનુકૂળ જૈન શૈલી અનુસાર વિદ્વદ્વર્ય મુનિ મહારાજ તેમજ મુનિપુંગવ શ્રાવકોની કુશાગ્રેલી કલમથી લખાયેલા ગ્રંથોને ઉદાર સદ્ગૃહસ્થોની સહાયથી છપાવી તેને વિના મુલ્યે કે અલ્પ મુલ્યે આપી, તેનો બહોળો ફેલાવો જૈન તેમજ જૈનેતર કોમમાં કરવાનો અમારો આ પ્રયત્ન વર્ષો થયા ચાલ્યા કરે છે. ઉક્ત હેતુને અનુસરીને અમોએ વૈરાગ્ય અને શાંત રસના પોષક, ક્રિયાકાંડની સમજવાળા, તત્વજ્ઞાન અને નૈતિક વિષયોથી ભરપૂર અનેક ગ્રંથો છપાવી બહાર પાડ્યા છે. દિવસો દિવસે સજ્જન પુરૂષોને અમારા તરફથી બહાર પડતા ગ્રંથોની વધારે આવશ્યકતા જણાયાથી અમારો ઉત્સાહ વધતો ગયો. જેના પરિણામે અમારી ગ્રંથમાળાના ૨૭ મા મણકા તરીકે શ્રી પર્યુષણ મહાપર્વ માહાત્મ્ય નામનું આ અતિ ઉપયોગી પુસ્તક બહાર પાડવાને અમે ભાગ્યશાળી થયા છીએ. પર્યુષણ પર્વ એ દરેક લોકોત્તર પર્વમાં શ્રેષ્ઠ છે તેથી તે દિવસોમાં શ્રવણ મનન કરવા યોગ્ય કલ્પસૂત્ર વગેરે શાસ્ત્રશ્રવણ સદ્ગુરૂનો યોગ ન હોય ત્યાં પણ થઈ શકે એવા હેતુથી આ ગ્રંથની યોજના કરવામાં આવી છે.

આ ગ્રંથમાં પર્યુષણ પર્વના બધા વ્યાખ્યાનોનો અનુક્રમે સમાવેશ કરવામાં આવ્યો છે, એટલે પ્રથમના ત્રણ દિવસોમાં પર્યુષણા-અઠાઈ વ્યાખ્યાન તરીકે ચિંતામણી પ્રકરણ ભાષાંતર.

ત્યાર પછી કલ્પધરથી માંડી ચાર દિવસ પર્યંત અનુક્રમે સવાર બપોરના બબ્બે વ્યાખ્યાન મળી આઠ વ્યાખ્યાન અને છેવટે સંવત્સરીના દિવસે મૂળ બારસેં સૂત્રની પેરે મૂળ ગ્રંથની સંપૂર્ણ ઢાળો એકી સાથે નવમા વ્યાખ્યાન તરીકે આપવામાં આવી છે. તે છેલ્લે દિવસે અર્થના ઉપયોગ સાથે વાંચવા લક્ષ રાખવાનું છે.

શ્રી વીર પ્રભુને શ્રેણિક મહારાજાએ પૂછવાથી પર્યુષણ પર્વમાં જે જે કરણી કરવી ઘટે અને તે પર્વનું આરાધન કરવાથી ગજસિંહ કુમાર રાજઋદ્ધિ અને દેવલોકપર્યંતના સુખ પામ્યા અને મોક્ષ સુખ પામશે તે બાબતનાં ચમત્કારિક વર્ણન, શ્રીવીર પ્રભુએ કરેલ તેનો ઉલ્લેખ પર્યુષણા ચિંતામણી પ્રકરણમાં "શ્રી અમૃત કુશળ" ગણિએ સં. ૧૮૫૬ માં શ્રી જુનાગઢ મધ્યે કરેલો છે તે પ્રકરણ અઠ્ઠાઈ વ્યાખ્યાન તરીકે આ ગ્રંથમાં પ્રથમ આપવામાં આવ્યું છે. ત્યાર પછી શ્રી કલ્પસૂત્ર ઉપર "શ્રી જ્ઞાનવિમલસૂરિજી"એ રચેલ સજ્ઝાય અને તેના ઉપર "શ્રી ઉદયસાગર ગણિ"એ કરેલ ટબો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ કલ્પસૂત્ર સાંભળવાની રીતિ,દશ પ્રકારનો યતિનો આચાર,પર્વદિવસે શ્રાવકોએ કરવા યોગ્ય ૧૩ પ્રકારનાં કૃત્યો, કલ્પસૂત્ર પુસ્તકારૂઢ થયાનો સમય, સભા સમક્ષ વાંચવાનો સંપ્રદાય, શબ્દ શ્રવણથી પણ થતા ઉત્તમ લાભ, અઠ્ઠમ તપ ઉપર નાગકેતુનું દૃષ્ટાંત, શ્રીવીરપ્રભુની દેવાનંદા માતાને ચૌદ સ્વપ્નનું દર્શન, હાલના સૌધર્મેંદ્રની પૂર્વ જન્મની કથા, પ્રભુનું ચ્યવન જાણી ઇંદ્રે કરેલ શક્રસ્તવ અને મેઘકુમારની કથા; એ બાબતોના રસભર્યા વર્ણનથી પહેલું વ્યાખ્યાન પૂર્ણ થાય છે. ત્યાર પછી બીજા વ્યાખ્યાનમાં પ્રભુ, નીચ (બ્રાહ્મણ) કુલમાં અવતર્યા જાણી ઇંદ્રે હરિણગમેષી દેવને આદેશ કરી ૮૩ દિવસે વીર પ્રભુને દેવાનંદા બ્રાહ્મણીની કુખથકી ઉદ્ધરાવી ત્રીશલા ક્ષત્રીયાણીની કુખે સ્થાપન કરાવ્યાની હકીકત, આ અવ

સર્પિણી કાળમાં થયેલા દશ અચ્છેરાં (આશ્ચર્યભૂત બાબતો), વીરપ્રભુના સત્તાવીશ ભવનું વર્ણન અને ત્રીશલા માતાએ ચૌદ મહા સ્વપ્ન દેખ્યાં તે માંહેના ચાર સ્વપ્નનું વર્ણન આવે છે. તે પછી ત્રીજા વ્યાખ્યાનમાં બાકીના દશ સ્વપ્નનું વર્ણન, સ્વપ્નની હકીકત સિદ્ધાર્થ રાજાને નિવેદી, સ્વપ્નપાઠકને તેના અર્થમાટે બોલાવ્યા, સ્વપ્ન પાઠકે વર્ણવ્યાં સ્વપ્ન ફળ, અને ત્યાર બાદ તેમને આપેલ અપરિમિત દાન વગેરે બાબતનું વર્ણન છે. તે પછી ચોથા વ્યાખ્યાનમાં ભગવાન ગર્ભમાં નિશ્ચલ રહેવાથી માતાપિતાને ઉત્પન્ન થએલ શોક; પ્રભુનું અંગ ફરકવાથી ચોતરફ ફેલાએલ આનંદ, માતાને ઉત્પન્ન થએલ દોહદનું વર્ણન, ગર્ભની પ્રતિપાલના અને વીર પ્રભુના જન્મનું વર્ણન છે. પાંચમા વ્યાખ્યાનમાં છપ્પન દિક્ કુમારીઓએ કરેલ જન્મ મહોત્સવ, ઈંદ્રાદિ દેવોએ કરેલ જન્મ મહોત્સવ, અને પછી સિદ્ધાર્થ નૃપે કરેલ જન્મ મહોત્સવ, પ્રભુનું નામ સ્થાપન તથા તે પ્રસંગે સ્વજનને કરેલ ભોજન સત્કાર અને પહેરામણીની સવિસ્તર હકીકત, આમલકી ક્રિડા, નિશાળ ગરણું; સંવત્સરી દાન અને દીક્ષા કલ્યાણકનું વર્ણન છે. છઠ્ઠા વ્યાખ્યાનમાં પ્રભુને થયેલા અનેક ઉપસર્ગો અને તેનું સમભાવે સહન કરવું, ઇંદ્રે સહાય આપવા જણાવ્યા છતાં તેનો અસ્વીકાર, કેવળજ્ઞાનની ઉત્પત્તિ, પ્રભુએ કરેલાં તીવ્ર તપનું વર્ણન, ઇંદ્રભૂતિ આદિ અગ્યાર મહાવિપ્રોને પ્રતિબોધી ગણધર પદે સ્થાપન, પ્રભુનું નિર્વાણ, ભસ્મગ્રહનું જન્મરાશી ઉપર સંક્રમણ અને તેથી પ્રભુના શાસનને થવાની આગન્તુક પીડા વિગેરે બાબતોનું વર્ણન છે. ત્યાર પછી સાતમા વ્યાખ્યાનમાં શ્રી પાર્શ્વનાથ અને શ્રી નેમિનાથનાં પાંચ પાંચ કલ્યાણકોનું વર્ણન (જેમાં શ્રીકૃષ્ણ ચરિત્ર પણ અંતર્ગત થાય છે) અને વીર પ્રભુથી શ્રી ઋષભદેવસ્વામી પર્યંત ૨૪ તીર્થંકરોનાં નિર્વાણ કાળનાં આંતરાનું પશ્ચાનુપૂર્વીએ વર્ણન અને પાર્શ્વ પ્રભુને કમઠ સાથે વૈરનું

કારણ વગેરે વર્ણવેલ છે. તે પછી આઠમા વ્યાખ્યાનમાં શ્રી ઋષભદેવજીનું ચરિત્ર અને સ્થવીરોની નામાવલી આવેલ છે. એ રીતે જ્ઞાનવિમલસૂરિ કૃત સજ્ઝાયનો પરમાર્થ પૂર્ણ થાય છે. તે પછી સંવત્સરીના દિવસે બારસો સૂત્ર બદલ વાંચવાને અનુકુળતાની ખાતર તે સજ્ઝાયનું મૂળ એકલું આપવામાં આવ્યું છે. તે પછી શ્રાવકવર્ય હંસરાજજી કૃત વીર પ્રભુના પાંચ કલ્યાણકનું સ્તવન છે. અને તે પછી શ્રી વીર પ્રભુનું ત્રણ ઢાળનું સ્તવન અને પાંચ વધાવા દાખલ કરેલ છે. તે પછી જુદા જુદા ગ્રંથોમાંથી ઉદ્ધરેલા પ્રકીર્ણ વિચારો ઉપયોગી જાણી દાખલ કર્યા છે. અને અંત્ય મંગલ તરિકે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી કૃત પાર્શ્વજિન સ્તવન ગોઠવેલ છે.

આ ગ્રંથ પર્યુષણના દિવસોમાં તેમ જ હમેશના માટે ઉપયોગી થાય એ હેતુથી આ ગ્રંથની પ્રસ્તાવના સાથે જ પ્રથમ સાધુ નિયમ કુલક, ગુરૂ પ્રદક્ષિણા કુલક, પુણ્ય કુલક, દાન કુલક, શીયલ કુલક, તપ કુલક અને ભાવ કુલક, એ સાત કુલક મૂળ અને ભાષાંતર સાથે દાખલ કરવામાં આવ્યાં છે, જેનું વાંચન, મનન, હર હમેશાં ભવ્યાત્માઓને કરવા યોગ્ય છે, જેથી આત્માનો શુભ અને શુદ્ધ પ્રવૃત્તિ તરફ વીર્યોલ્લાસ જાગૃત રહે અને અશુભ પ્રવૃત્તિ કરતાં દૂર રહે.

પર્યુષણ મહાપર્વનાં વ્યાખ્યાનો સભા સમક્ષ વાંચનાર વક્તા ચતુર્થ વ્રતધારી હોય તો વિશેષ શ્રેષ્ઠ અને તેમ ન હોય તો પછી વાંચનાર વક્તાએ પર્યુષણના દિવસોમાં તો અવશ્ય બ્રહ્મચર્ય પાળવું અને સામાયિક કે પોષધ લઇને વાંચવું તથા સચિત્ત વસ્તુ વાપરવાનો ત્યાગ કરવો જોઇએ. કલ્પધરના દિવસે કલ્પસૂત્ર [illegible] વાંચવાનો આરંભ કરતાં પહેલાં જ્ઞાનની સ્થાપના કરીને જ્ઞાન પૂજન ભણાવી સર્વ શ્રાવક શ્રાવિકાઓએ વાસક્ષેપ [illegible] વિધિથી જ્ઞાન પૂજન કરવું. તથા એક ઘીનો દીપ

સંવત્સરી દિવસના વ્યાખ્યાનપર્યંત અખંડ રાખવો. યથાયોગ્ય વિધાનપૂર્વક કરેલી ક્રિયા જ યથાર્થ ફળદાયી થાય છે એ વાત લક્ષમાં રાખી વિધિપૂર્વક કરણી કરવાને ઉજમાળ થવું.

આ ગ્રંથની યોજના 'કલ્પસુબોધિકાદિકના આધારે પુષ્કળ પરિશ્રમ ઉઠાવી યોગ્ય સુધારા વધારા સાથે સંશોધન કરીને શાંતમૂર્તિ મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના શિષ્ય મુનિશ્રી કર્પૂરવિજયજીએ કરેલ છે અને પ્રસ્તાવના પણ તેઓશ્રીએ જ લખી આપીછે. તેથી તેઓ સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનવા સાથે તેઓશ્રી હજુ વધારે વધારે પ્રયત્ન કરી આવાં ઉત્તમ કાર્ય વડે શ્રી જૈન કોમને વિશેષ આભારી કરતા રહે એમ ઇચ્છી અત્ર વિરમીએ છીએ

આ ગ્રંથમાં મતિ મંદતાથી કે પ્રમાદ વશાત્ કાંઇ ભૂલ ચૂક થઇ હોય તેનો મિથ્યા દુષ્કૃત દેવા સાથે સજ્જનોને તે સુધારી વાંચવા વિનંતિ કરીએ છીએ, તેમજ આ ગ્રંથ પ્રસિદ્ધિ માટે કરેલ દ્રવ્ય સહાય માટે મદદગાર સખી ગૃહસ્થોનો અંતઃકરણ પૂર્વક આભાર માનવા સાથે બીજા ગૃહસ્થોને તેનું અનુકરણ કરી પોતાનો ઉદાર હાથ લંબાવવા વિનંતિ કરવાની તક લઇએ છીએ.

મૌન એકાદશી સં. ૧૯૭૭

લી. પ્રસિદ્ધ કર્તા.

महोध्याय श्रीयशोविजयगणिस्तुत्यष्टकम् ॥

(वसन्ततिलकावृत्तम्)

શ્રી જૈનશાસનનયામૃતપૂરસિન્ધો,
ચારૂચાચન્દ્રકકલાં કલયાંચકાર ।

શોભામમન્યસદૃશં સુદૃશાં વિધાતા,
વિદ્યાનિધિર્વરયશોવિજયઃ સ વંદ્યઃ ॥ ૧ ॥
જન્તૂપકારકરણં કરણાગ્નિવારિ,
યન્નામમંત્રમનુસૃત્ય જનાવલીયમ્ ।
જૈનોદયાય યતને સતતં પ્રવીણા,
નમ્રાનકે ભુવિ યશોવિજયં નમેયુઃ ॥ ૨ ॥
સંબોધબન્ધુરધુરીણ હૃદા મુદા સં-
સ્કૃત્યાભિયુક્તિતતિમાગમમાર્ગવૃત્ત્યા ।
તત્કાલમદ્ભુતમતીન્વિબુધાન્વિજેત્રા,
પાણ્યોઽન્યના કિમુ યશોવિજયેન તુલ્યઃ ॥ ૩ ॥
ઠપ્રૌઢિમાનમખિલં પરિખણ્ડયન્તમ્,
શાસ્ત્રૌઘમુત્તમમતીનમનોહરન્તમ્ ।
લાભપ્રદં કૃતવતે યતમાનસાય,
અન્યે નતિં નનુ યશોવિજયાય કુર્યામ્ ॥ ૪ ॥
હેયપ્રકાશનપટિષ્ઠવરિષ્ઠશુદ્ધૈઃ,
શાસ્તુઃ પ્રપંચપટુવાદિવરેણ્યબુદ્ધેઃ ।
નમ્રાશયૈર્બુધગણૈર્નતપાદપદ્માત્,
પુટપ્રમઃ કિમુ યશોવિજયાદ્વિદોન્યઃ ॥ ૫ ॥
રીજ્યાનિયુક્તમનસો મતિશોધનસ્ય,

ચૂર્ણં પ્રવૃત્તિપવનસ્ય યશોઘનસ્ય ।
ચિત્રમપૂતચરિતોચિતધર્મવૃત્તે—
રંહો વિનશ્યતિ યશોવિજયસ્ય નામ્ના ॥ ૬ ॥

સત્કાવ્યશક્તિવશસાધિતવાગ્મિમન્ત્રે,
મેધાપ્રકર્ષપરિભાવિતસર્વતન્ત્રે ।
ધર્માબ્ધિવીરચરતા નૃપપૂજ્યતાયાં,
તાં તાં નિબોધત યશોવિજયે ગુણાલીમ્ ॥ ૭ ॥

ભૂભૂષણ! પ્રતનુ કર્મકૃતોપકાર!,
વાગ્મે પ્રપન્નતપસાં યતમાનમુખ્ય!!
લોકોત્તર પ્રવરપણ્ડિતમણ્ડિતાઙ્ઘ્રે!
યે યં સ્તવાવતુ યશોવિજય! પ્રશસ્તિતઃ ॥ ૮ ॥

ઇત્થં ક્લેશવિવર્જિતોર્જિતગુણગ્રામો ગુણિગ્રામણી,
ર્હીનાદ્ભુતભૂરિભાગ્યવિભવો વન્દ્યવિદ્યાશ્રયઃ;
કલ્યાણાંકુરવર્ધને જલધરઃ પ્રોદ્યત્પ્રભાવાકરઃ,
ન્યાયવિશારદો વિજયતે સ્વર્નાથમાન્યોઽધુના ॥૯॥

ઇતિમુનિપ્રવરમુનિશ્રીકેશરવિજયચરણરાજસેવિના
મુનિકલ્યાણવિજયેન વિનિર્મિતં મહોપાધ્યાય-
શ્રીયશોવિજયગણિસ્તુત્યષ્ટકમ્ ॥

પ્રસ્તાવના.

પરિ (સમંતાત્) ઉષણા (વસવું) પર્યુષણા તે બે પ્રકારે કહેલ છે. એક તો સમસ્ત પ્રકારે (સ્થિરતાપૂર્વક) સાધુ સંતોએ ચાતુર્માસ પર્યંત એક સ્થળે વસી જવું, જેના પણ કેટલાક પ્રકાર આ ગ્રંથમાં જ નિરૂપ્યા છે તે. અને બીજો પ્રકાર વાર્ષિક પર્વ રૂપ છે. જૈન શાસનમાં અનેક લોકોત્તર પર્વ કહ્યાં છે તેમાં આ પર્વ સર્વ શિરોમણિ ભાવ ધારણ કરે છે તેથી તેનું માહાત્મ્ય અહીં વિશેષતઃ વર્ણવવામાં આવે છે.

પ્રથમ એ વાર્ષિક પર્વવિશિષ્ટ કાર્ય ભાદ્રવા શુદ્ધ પંચમીના દિવસે જ કરવામાં આવતું તે યુગ પ્રધાનાગમ શ્રીમાન્ કાલિકાચાર્ય મહારાજથી માંડી "અંતરા વિ સે કપ્પઇ" એ સૂત્રના આલંબનવડે ભાદ્રવા શુદ્ધ ચતુર્થીના દિવસે જ કરવામાં આવે છે. એ ઉત્તમ પર્વ પ્રસંગે વિશેષ પ્રકારે શાસનની પ્રભાવના નિમિત્તે જેમ ઇંદ્રાદિક દેવતાઓ નંદીશ્વર દ્વીપે જઇ ત્યાં શાશ્વત જિન મંદિરોમાં અઠ્ઠાઇ મહોત્સવ કરે છે તેમ અહીં મનુષ્ય લોકમાં પણ શાસન રસિક ભવ્યાત્માઓ યથાશક્તિ શાસનની પ્રભાવના નિમિત્તે પર્યુષણ પર્વ સંબંધી અઠ્ઠાઇનું પાલન કરે છે તે પ્રસંગે જે જે સદાચરણ કરવું ઘટે છે તે આ ગ્રંથની શરૂઆતમાં આપેલા અઠ્ઠાઇના વ્યાખ્યાનમાં બતાવેલ છે. આ શિવાય બીજાં પણ અઠ્ઠાઇ સંબંધી ઘણાં વ્યાખ્યાનો ગુંથવામાં આવેલાં છે. તે સહુમાં એક અથવા બીજા પ્રકારે સદુપદેશનું જ સિંચન કરવામાં આવેલું છે. તેમાં પણ જુદાં જુદાં વ્યાખ્યાનોમાં અભયદાન, સુપાત્રદાન અને અનુકંપાદિક દાન ઉપર તેમ જ નિર્મળ શીલ પાળવા ઉપર, અઠ્ઠમાદિક વિશિષ્ટ તપ કરવા ઉપર

અને મૈત્રી મુદિતા, કરૂણા અને મધ્યસ્થ ભાવના ઉપર બહુ જ સરસ શૈલીમાં દાખલા દલીલો સાથે શ્રોતા જનોનું હૃદય દ્રવી જાય અને તે મુજબ વર્તન કરવા પ્રવૃત્ત થાય તેમ પ્રતિપાદન કરવામાં આવેલું છે. આ ગ્રંથમાં જે અઠ્ઠાઇ વ્યાખ્યાન આપવામાં આવેલ છે તે 'કથા સંગ્રહમાં'થી ઉદ્ધરી તેની ભાષા શૈલી પ્રમુખમાં સહજ સુધારો કરી આપેલું છે તેથી તે કંઇક અધિક રસદાયક થઇ શકશે. બાકી આ ઉપરાંત અન્ય અઠ્ઠાઇ વ્યાખ્યાનોમાં જુદે જુદે પ્રસંગે આવેલાં મહાન્ પુરૂષોનાં ઉદાર ચરિત્રો જેવાં કે-આર્દ્રકુમાર, સૂર્યયશા, સંપ્રતિ રાજા, કુમારપાળ રાજા અને હીરસૂરીશ્વર પ્રમુખનાં ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે. એથી આપણા આત્મામાં નવી જાગૃતિ આવે છે અને તેથી આપણું જીવન સુધારવા છતું બળ વીર્ય ગોપવ્યા વગર યથાશક્તિ તેમના પગલે પગલે ચાલવા આપણે ઉત્સાહિત થઇએ છીએ. એક અન્ય વ્યાખ્યાનમાં સામાયિકના અધિકારે તેના આઠ પર્યાયો ઉપર આપેલાં મેતાર્ય, દમસાર પ્રમુખ મહા મુનિઓનાં દૃષ્ટાંત પણ સમતા ગુણ આદરવા માટે બહુ જ ઉપયોગી છે. આ અઠ્ઠાઇનાં વ્યાખ્યાન પ્રથમના ત્રણ દિવસમાં વાંચવાનો સંપ્રદાય દેખાય છે. ત્યાર પછી મુનિરાજનો યોગ હોય તો તેમની સમીપે વિનય બહુમાનપૂર્વક કલ્પસૂત્ર અનુક્રમે નવ વ્યાખ્યાનોવડે સાંભળવામાં આવે છે. આ કલ્પસૂત્રની રચના ચતુર્દશ પૂર્વધારી યુગ પ્રધાન શ્રીમાન્ ભદ્રબાહુ સૂરીશ્વરે પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમા પૂર્વમાંથી ઉદ્ધરીને દશાશ્રુત સ્કંધના આઠમા અધ્યયન તરીકે કરેલી છે. તેથી તે પ્રાચીન, પ્રમાણભૂત અને અતિ ગંભીરાર્થ હોઇ એકાગ્રચિત્તે ખાસ શ્રવણ કરવા યોગ્ય છે. આ કલ્પસૂત્ર ઉપર પ્રાચીન તેમ જ અર્વાચીન અનેક સંસ્કૃત ટીકાઓ છે તેમ છતાં આજકાલ સરલ અને સુબોધ એવી 'કલ્પ-સુબોધિકા' નામની ટીકા શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયે બનાવેલી જ્યાં ત્યાં વ્યાખ્યાનમાં વાંચવાનો

[illegible]
[illegible] માંગણી [illegible]
[illegible] ભક્તિથી [illegible] તૈયાર કર્યો છે. આ [illegible]
[illegible] શ્રી [illegible]
એક [illegible], [illegible] પુસ્તકમાં પણ [illegible]
[illegible]. તેમાં [illegible] અને [illegible]
તેટલી દૂર કરી તેનો ગુજરાતી [illegible] એવી અભિલાષા ઘણા
વખત થયાં રહેતી હતી. [illegible] તેની એક કોપી [illegible]
થીના ભંડારમાંથી મેળવી સાણંદ મુકામે ચતુર્માસના આગ્રહ
વખતે તે કાર્ય શરૂ કર્યું અને શાસન પ્રભાવથી થોડા દિવસોમાં તે
કાર્ય પૂર્ણ કરી શકાયું. આ રીતે તૈયાર કરેલું પુસ્તક પ્રસિદ્ધ કરી
જે જે સ્થળે મુનિરાજોનો યોગ ઓછો બનતો હોય તે તે સ્થળે
આ પુસ્તક સહેલાઈથી મળવી ઉપયોગમાં લઈ શકાય એવી બુ-
દ્ધિથી સાણંદના વિજયગચ્છના આગેવાનોએ જ્ઞાન ખાતા-
માંથી એક ઉદાર રકમ કાઢી શ્રી જૈન શ્રેયસ્કર મંડળને(મેસાણે)સોંપી.
તેને લઈને આ પુસ્તક પ્રસિદ્ધ થવા પામેલ છે. આ પર્યુષણ
મહાપર્વ માહાત્મ્યમાં કયાકયા અધિકારો આવેલા છે? અને તે બધાં
વાંચવા-વિચારવાની અતિ અગત્ય શા માટે છે? તે બતાવનારી

જે એક ગાથા પર્યુષણકલ્પ સંબંધી પ્રત્યેક વ્યાખ્યાનની શરૂ-આતમાં અધિકારી પુરૂષો કહે છે, તે તેની મતલબ સાથે અત્ર જણાવવી જરૂરની છે.

પુરિમચરિમાણ કપ્પો, મંગલં વદ્ધમાણતિથ્થંમિ;
ઇહ પરિકહિયા જિણગણ-હરાઇથેરાવલી ચરિત્તં ".

ભાવાર્થ:—ઋષભદેવ અને વીર પ્રભુના શાસનનો આ કલ્પ-આચાર જ છે કે વૃષ્ટિ થાય અથવા ન થાય પણ અવશ્ય પર્યુ-ષણા (ચતુર્માસ-સ્થિરતા-સ્થિતિ લક્ષણ) કરવા અને ઉપ લક્ષણથી કલ્પસૂત્ર વાંચવું. એક તો આ આચાર છે અને વળી બીજું શ્રી વર્દ્ધમાન પ્રભુના શાસનમાં મંગળકારણ પણ થાય છે. કેમકે આ કલ્પસૂત્રમાં (૧) તીર્થંકરોનાં ચરિત્ર, (૨) ગણધરાદિ સ્થવિરાવલી અને (૩) સાધુ સામાચારી એ ત્રણ વાનાં સારી રીતે કથન કરાયાં છે. તેમાં પ્રથમ અધિકારે શ્રી તીર્થંકરોનાં ચરિત્ર મધ્યે આસન્ન ઉપકારી હોવાથી શ્રીવીરપ્રભુનું ચરિત્ર શ્રી ભદ્રબાહુ સ્વામીજી પ્રથમ વર્ણવે છે. શ્રી વીરપ્રભુના પરમ પવિત્ર ચરિત્રનો આબેહૂબ ચિતાર શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ-ના ચરણોપાસક પ્રાજ્ઞ સુહૃદય કવિવર શ્રી હંસરાજજીએ કરેલા શ્રી વીરપ્રભુના પંચ કલ્યાણક ગર્ભિત સ્તવનમાં આપેલ છે. તે સહૃદય ભાઇ બ્હેનોને વધારે ઉપયોગી-ઉપકારક જાણીને આ ગ્રંથમાં જ પૃષ્ઠ ૩૮૨ દાખલ કરેલ છે; આ સ્તવનની ભાષાશૈલી અત્યંત રસભરી અને હૃદયદ્રાવિણી છે. જોકે જુની દેશીમાં છે તો પણ તે સહૃદય વાનારને ખરો પ્રેમ પ્રગટાવે એવું છે, તેથી તે આથી ઇતિ સુધી વાંચવા અને વિચારવા તેમ જ બની શકે તો તેને કંઠાગ્ર કરી લેવા ખાસ ભલામણ છે. ૧ ચ્યવન, ૨ જન્મ, ૩ દીક્ષા, ૪ કેવળ અને ૫ નિર્વાણ એ પાંચ કલ્યાણકો પ્રત્યેક પ્ર-

ભુનાં હોય છે. તેમ અહીં મૂળ સૂત્રમાં પણ વીર પ્રભુનાં પાંચ કલ્યાણકો પ્રથમ જઘન્ય મધ્યમ વાચનાઓ કહી, પછી વિસ્તાર વાચનાવડે કહ્યાં છે. આ સૂત્ર-ટીકામાં ધ્યાન ખેંચનારી ઘણી વાતો છે. આ વાતો કંઈ પુરાણોની જેવી કલ્પનામય નથી, પણ ચોક્કસ બનેલી (Historical facts) છે. તે એતદ્દેશીય સર્વ શાસ્ત્રની એક વાક્યતાથી સિદ્ધ થઇ શકે છે. તેમાં પણ સ્વર્ગથી ચ્યવી માતાના ગર્ભમાં આવતાં પ્રભુની માતાએ જે ઉત્તમ ચૌદ સ્વપ્નાં દેખ્યાં, તે સિદ્ધાર્થ રાજાને નિવેદન કર્યા અને સ્વપ્ન લક્ષણ પાઠકોને તેના અર્થ પૂછયા, જેનો ઉત્તર એક મતથી અપાયો, પછી તેમને સંતોષી વિદાય કર્યા, દિન દિન પ્રભુના માત પિતા સાર વસ્તુથી વૃદ્ધિ પામ્યા, ગર્ભમાં માતાની અનુકંપાથી પ્રભુ સ્થિર રહ્યા તેથી માતાને ઉદ્વેગ થયો તે પ્રભુએ જ્ઞાનથી જાણી સમાવ્યો અને જે ઉચિત પ્રતિજ્ઞા કરી, માતાને જે ઉત્તમ પ્રકારના ગર્ભદોહદ થયા તે સિદ્ધાર્થ રાજાએ પૂર્ણ કર્યા, માતાને સખીઓએ ગર્ભનું પોષણ કરવા જે જે હિત શિક્ષા આપી તે તે આદરપૂર્વક પાળી માતાએ ગર્ભ પોષણ કર્યું, અનુક્રમે ઉચ્ચ સ્થાનમાં ગ્રહો અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રે પ્રધાન ચંદ્રમાનો યોગ આવ્યે છતે યાવત્ સર્વત્ર સર્વ પ્રકારનાં માંગલિક ચિન્હો જણાયે છતે પ્રભુનો જન્મ થયો જેથી સર્વત્ર ઉદ્યોત થયો. પછી પ્રભુનો જન્મ ઉત્સવ કર્યો, આમલકી ક્રીડા, નિશાળ ગરણું, પાઠકના સંશયોનું નિરાકરણ, યશોદા સાથે પ્રભુનું પાણિગ્રહણ યાવત્ વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણની તૈયારી, દીક્ષા લઇ ઘોર તપસ્યા સાથે વિવિધ પરિસહાદિકને સહન કરી સમતા ભાવે રમતાં પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યાં ક્ષણભર દેશના દઇ પ્રભુ મહસેન વનમાં આવ્યા, ત્યાં ઇંદ્રભૂતિ પ્રમુખ ૧૧ ગણધરોની સ્થાપના કરી તીર્થ પ્રવર્તાવ્યું, ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. છેવટે પ્રભુ અપાપાપુરી (પાવાપુરી)માં હસ્તીપાળ રાજાની જીર્ણ શાળામાં

અંતિમ ચતુર્માસ રહી નિર્વાણ પામ્યા. એ બધી વાતો આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એ જ રીતે પાર્શ્વનાથજીનું ચરિત્ર અને નેમિનાથજીનું ચરિત્ર, પછી બધા ભગવાનોના આંતરા (અંતર કાળ) અને પછી શ્રી ઋષભદેવ ભગવાનનું ઉદાર ચરિત્ર કહેવામાં આવેલ છે. ત્યાર બાદ સંક્ષિપ્ત વાંચનાથી અને પછી વિસ્તર વાંચનાથી સ્થવિરાવળી કહેવામાં આવી છે. આમાં કઇ કઇ નામના ગણ અને તેમાંથી કઇ કઇ નામની શાખાઓ અને કઇ કઇ નામનાં કુળ નિકળ્યાં છે. એ બધા અદ્યાપિ પર્યંત શ્રી સુધર્મા સ્વામીજીનાં શિષ્ય સંતાન જાણવાં. હાલમાં થોડું વર્ષો મથુરા નગરીમાંથી નીકળેલી જુની પ્રતિમાઓ અને સ્થંભો ઉપર પ્રાચીન લેખો આ સ્થવિરાવળી ઉપર બહુ સારું અજવાળું પાડે છે. ઐતિહાસિક દૃષ્ટિથી તે તે ગણ, કુળ અને શાખાઓની સાબીતી કરે છે અને જે સંપ્રદાયમાં આ મહા પુરૂષો થઇ ગયા છે, તેની પ્રાચીનતા એકે અવાજે સિદ્ધ કરે છે. આર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધી સ્થવિરાવળી અહિં આપવામાં આવી છે. કેમ કે તેમણે (વલ્લભીપુરમાં) શાસ્ત્રને પુસ્તકારૂઢ કરેલું છે.

લી૰ પવિત્ર શાસન રૂચી મુનિ કર્પૂરવિજય.



સદ્ગ્રન્થોના પ્રચારાર્થે જૈનબંધુઓને

બે બોલ.

દિવ્ય પ્રતિભાવંત શાસ્ત્રકારોના હૃદયમાંથી નીકળેલા જ્ઞાનામૃતના ઝરણાંઓના સંગ્રહ રૂપ ગ્રન્થો જગતનું અનેકધા હિત સાધે છે. તેમ હૃદયોમાં શાન્તિ રેડે છે અને મરવા પડેલી દિવ્ય ભાવનાઓને પુનર્જીવન આપેછે, જ્ઞાનીઓના સ્થૂલ દેહના વિરહે તેમના અક્ષર દેહનો સમાગમ પણ અત્યંત ઉપકારક નિવડે છે. એવા પુરુષોના અક્ષર દેહરૂપ ગ્રંથો એ દેશ પ્રજા અને ધર્મની બેમુલી સીલક છે. તેને સંભાળ ભરેલી રીતે જાળવી રાખવા. સર્વત્ર વિસ્તારવા અને તેના પરથી યોગ્યતાનુસાર અનુવાદ કરવા: એ દેશ પ્રજા અને ધર્મની ઉત્તમ સેવા બજાવવારૂપ છે.

પોતાના વ્હાલાંઓના પુણ્યાર્થે કે સ્મરણાર્થે વિધિવાદ, અર્થવાદ કે કથાઓના ગ્રન્થો છપાવી તેને વિના મુલ્યે કે અલ્પ મુલ્યે ગામોગામ અને ઘરેઘર ફેલાવવાની જરૂર છે. એ જરૂરને કાંઈક અંશે પુરી પાડવાને અમોએ ધનવાન અને ઉદાર સજ્જન સ્ત્રી પુરુષોની દ્રવ્યાદિ સ્હાયવડે આચાર અને તત્ત્વના ન્હાના મ્હોટા ગ્રન્થો છપાવી પ્રજામાં હજારોની સંખ્યામાં ફેલાવ્યા છે. હજુ પણ અમારો એજ ઉદ્દેશ છે.

જે જે સજ્જન સ્ત્રી પુરુષોને પોતાના કે પોતાના વ્હાલાંઓના પુણ્યાર્થે સ્મરણાર્થે કે માત્ર પરમાર્થ દાવે એવા ઉત્તમ ગ્રંથો છપાવી પ્રજામાં પ્હોંચાવવા હોય તેમનું કામ અમો નિસ્પૃહ ભાવે કરી આપવાને તૈયાર છીએ. દરેક કુટુંબ તરફથી ન્હાનું કે મ્હોટું એક પણ ઉત્તમ પુસ્તક સર્વત્ર છૂટથી ફેલાવી જગતમાં પોતાની હૈયાતી સફળ કરવી જોઇયે. મદદગારોએ નીચેના શિરનામે પત્ર વ્યવહાર કરવો.

લી૦ સેવક વેણીચંદ સુરચંદ.

સેક્રેટરી-શ્રીજૈનશ્રેયસ્કરમંડળ.

શ્રી મહેસાણા.

ॐ

नमः सद्गुरुभ्यः

सारहस्यं श्रीगुरुपदक्षिणाकुलकम्.

ગોઅમ સુહમ્મ જંબુ, પભવો સિજ્જંભવાઇ આયરિયા;
અન્નેવિ જુગપ્પહાણા, પઇ દિટ્ઠે સુગુરૂ તે દિટ્ઠા. ૧
અજ્જ કયત્થો જમ્મો, અજ્જ કયત્થં ચ જીવિયં મજ્ઝ;
જેણ તુહ દંસણામય–રસેણ સિત્તાઇં નયણાઇં. ૨
સો દેસો તં નગરં, તં ગામો સો અ આસમો ધન્નો;
જત્થ પહુ તુમ્હ પાયા, વિહરંતિ સયાવિ સુપસન્ના. ૩
હત્થા તે સુકયત્થા, જે કિઇકમ્મં કુણંતિ તુહ ચલણે;
વાણી બહુગુણખાણી, સુગુરૂગુણા વન્નિઆ જીએ. ૪
અવયરિયા સુરધેણૂ, સંજાયા મહગિહે કણયવુટ્ઠી;
દારિદ્દં અજ્જ ગયં, દિટ્ઠે તુહ સુગુરૂ મુહકમલે. ૫
ચિંતામણિસારિચ્છં, સમત્તં પાવિયં મએ અજ્જ;
સંસારો દૂરીકઓ, દિટ્ઠે તુહ સુગુરૂ મુહકમલે. ૬

ભાવાર્થ:—હે સદ્‌ગુરૂજી! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌતમસ્વામી, શ્રીસુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી, શ્રી પ્રભવ સ્વામી અને શ્રીસ્વયંભવ આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગ પ્રધાનોનું દર્શન કર્યું માનુંછું. (૧)

આજ મારો જન્મ કૃતાર્થ થયો. આજ મારૂં જીવિત સફળ થયું. કે જેથી આપના દર્શન રૂપ અમૃત રસ વડે કરીને મારાં નેત્ર સિંચિત થયાં. અર્થાત્ આપનું અદ્ભુત દર્શન મને પ્રાપ્ત થયું. (૨)

અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં;
અહો તે ઉત્તમા ખંતી, અહો તે મુત્તિ ઉત્તમા. ૧૫
ઇહં સિ ઉત્તમો ભંતે, ઇચ્છા હોહિસિ ઉત્તમો:
લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ. ૧૬
આયરિય નમુકકારો, જીવં મોએઇ ભવ સહસ્સાઓ;
ભાવેણ કિરમાણો, હોઇ પુણો બોહિલાભાએ. ૧
આયરિય નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સંવ્વેસિં, તઇયં હવઇ મંગલં. ૧૮

ભાવાર્થ—(સ્પષ્ટ છે) ૧૩

અહો! ઇતિ આશ્ચર્યે! આપે ક્રોધનો કેવો જય કર્યો છે? માનનો કેવો પરાજય કર્યો છે? માયાને કેવી દૂર કરી છે? અને લોભને કેવો વશ કર્યો છે? (૧૪)

અહો આપનું આર્જવ (સરલપણું) કેવું ઉત્તમ છે? અહો આપનું માર્દવ (નમ્રપણું) કેવું રૂડું છે? અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે? અને આપની સંતોષ વૃત્તિ કેવી શ્રેષ્ઠ છે. (૧૫)

હે ભગવંત! આપ અહિં પ્રગટ જ ઉત્તમ છો વળી આપની ઇચ્છા-મનોરથ વડે કરીને પણ ઉત્તમ છો અં અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાન પામવાના છો. (૧૬)

આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજાર ગમે ભવભય થકી મુક્ત કરે છે. અને તે ભાવ સહિત કરવામાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. (૧૭)

ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર સર્વ પા પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે. અને તે સર્વ મં ત્રીજું મંગલ છે. ૧૮.

ઇતિશમ.

શ્રીમત્સોમસુન્દરસૂરિવિરચિતં

સંવિજ્ઞસાધુ યોગ્યં નિયમકુલકમ્.

ભુવણિક્કપઈવસમં, વીરં નિયગુરૂપએ અ નમિઊણં;
વીરઈઅર દિખ્ખિઆણં, જુગ્ગે નિયમે પવક્ખામિ. ૧

નિઅઉઅરપૂરણફલા, આજીવિઆમિત્તં હોઇ પવજ્જા;
મૂલિઅઢીરાયત્તાણુજ્જ-સંકિઆ, ગંવેસિં હસણિજ્જે. ૨

તમ્હા પંચાયારા,—રાહણહેઉં ગહિજ્જ ઇઅ નિઅમે;
લોઆઇકટ્ટરૂવા, પવ્વજ્જા જહ ભવે સફલા. ૩

પંચાચાર નિયમાઃ—તત્ર જ્ઞાનાચારે યથા—

નાણારાહણહેઉં, પઇદિઅહં પંચગાહ પઢણં મે;
પરિવાડીઓ ગિણ્હે, પણગાહાણં ચ સહી ય. ૪

અણુદિણં પઢણત્થં, પણગાહાઓ લિહેમિ તહ નિચ્ચં;
પરિવાડીઓ પંચ ય, દેમિ પઢંતાણ, પઇદિઅહં ૫

૧. ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીર પ્રભુને અને નિજ ગુરૂનાં ચરણ કમળને નમીને સર્વ વિરતિવંત-સાધુ જનો યોગ્ય (સુખે નિર્વહી શકાય એવા) નિયમો હું (સોમસુંદર સૂરિ) કહીશ.

૨. યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) કેવળ નિજ ઉદર પૂરણ કરવા રૂપ-આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. અને એવી દીક્ષા (તો) ભિખારીના બાવા(ફકીર)ની જેવી ઘણું લોકને હસવા યોગ્ય બને છે.

અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં;
અહો તે ઉત્તમા ખંતી, અહો તે મુત્તિ ઉત્તમા. ૧૫

ઇહં સિ ઉત્તમો ભંતે, ઇચ્છા હોહિસિ ઉત્તમો;
લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ. ૧૬

આયરિય નમુક્કારો, જીવં મોએઇ ભવ સહસ્સાઓ;
ભાવેણ કિરમાણો, હોઇ પુણો બોહિલાભાએ. ૧૭

આયરિય નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સંવેસિં, તઇયં હવઇ મંગલં. ૧૮

ભાવાર્થ—(સ્પષ્ટ છે) ૧૩

અહો! ઇતિ આશ્ચર્યે! આપે ક્રોધનો કેવો જ કર્યો છે? માનનો કેવો પરાજય કર્યો છે? માયાને કેવી દૂર કરી છે? અને લોભને કેવો વશ કર્યો છે? (૧૪)

અહો આપનું આર્જવ (સરલપણું) કેવું ઉત્તમ છે? અહો આપનું માર્દવ (નમ્રપણું) કેવું રૂડું છે? અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે? અને આપની સંતોષ વૃત્તિ કેવી શ્રેષ્ઠ છે. (૧૫)

હે ભગવંત! આપ અહિં પ્રગટ જ ઉત્તમ છો વળી આપની ઇચ્છા-મનોરથ વડે કરીને પણ ઉત્તમ છો અ અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાન પામવાના છો. (૧૬)

આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજા ગમે ભવભય થકી મુક્ત કરે છે. અને તે ભાવ સહિત કરવાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. (૧૭)

ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર સર્વ પા પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે. અને તે સર્વ મંગલ ત્રીજું મંગલ છે. ૧૮.

ઇતિશમ.

प्रभुश्रीसोमसुंदरसूरिपादैरुपदिष्टं

સંવિજ્ઞસાધુ યોગ્યં નિયમકુલકમ્.

ભુવણિક્કપઈવસમં, વીરં નિયગુરૂપએ અ નમિઊણં;
વીરઇઅર હિઅિઅઆણં. જુગ્ગે નિયમે પવક્ખામિ. ૧

નિઅઇઆરપૂરણકુસા, આજન્મિઅમિત હોઇ પવજ્જા;
પુલિંદદીવયરયણુજ્જ-સરિસા. સવ્વેસિં હસણિજ્જા. ૨

તમ્હા પંચાયારા,—રાહણહેઉં ગહિજ્જઇ ઇઅ નિઅમે;
સોઆઇકટ્ઠરૂવા, પવ્વજ્જા જહ ભવે સફલા. ૩

પંચાચાર નિયમાઃ—તત્ર જ્ઞાનાચારે યથા—

નાણારાહણહેઉં, પઇદિઅહં પંચગાહ પઢણં મે;
પરિવાડીઓ ગિણ્હે, પણગાહાણં ચ સહીય. ૪

અણ્ણેસિં પઢણત્થં, પણગાહાઓ લિહેમિ તહ નિચ્ચં;
પરિવાડીઓ પંચ ય, દેમિ પઢંતાણ, પઇદિઅહં ૫

૧. સકલ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીર પ્રભુને અને નિજ ગુરૂનાં ચરણ કમળને નમીને સર્વ વિરતિવંત-સાધુ જનો યોગ્ય (સુખે નિર્વહી શકાય એવા) નિયમો હું (સોમસુંદર સૂરિ) કહીશ.

૨. યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) કેવળ નિજ ઉદર પૂરણ કરવા રૂપ-આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. અને એવી દીક્ષા (તો) ભિલ્લણીના શાન(પ્રસાદ)ની જેવી સહુ કોઇને હસવા યોગ્ય બને છે.

૩. તે માટે પંચાચાર (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-આચાર) ના આરાધન હેતે લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઇએ કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય.

"જ્ઞાનાચાર સંબંધી નિયમો"

૪. જ્ઞાન આરાધન હેતે મ્હારે હમેશાં પાંચ ગાથાઓ ભણવી. કંઠાગ્ર કરવી અને પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૫. વળી હું બીજાઓને ભણવા માટે હમેશાં પાંચ ગાથાઓ લખું. અને ભણનારાઓને હમેશાં પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથા આપું. (ભણાવું-અર્થ ધરાવું વિગેરે)

વાસાસુ પંચસયા, અટ્ઠય સિસિરે અ તિન્નિ ગિમ્હંમિ;
પઇદિવસં સજ્ઝાયં, કરેમિ સિદ્ધંતગુણણેણં. ૬
નવસિદ્ધિનવપયાણં, સયમેગં પયદિણં ગણામિ અહં;
ઇતિ જ્ઞાનાચારનિયમાઃ, અથ દર્શનાચારે યથા—
અહ દંસણાયારે, ગેણ્હામિ નિયમે ઇમે સમ્મં. ૭
[illegible]
[illegible] ૮
[illegible]
[illegible] ૯
[illegible]
[illegible] ૧૦

[illegible]

અનેજલે લબ્ભંતે, વિહરે નો ધાવણું સઠંજેણં;
અગલિઅજલં ન વિહરે, જરવાણીયં વિસેસેણં. ૧૫

૧૦ હમેશાં વડિલ સાધુને નિત્યે ત્રણ વાર [ત્રિકાળ] વંદન કરૂંજ અને બીજા ગ્લાન (વ્યાધિગ્રસ્ત) તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરૂં.

"ચારિત્રાચાર સંબંધી નિયમો."

૧૧ હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહીત અંગિકાર કરૂં છું. ઇર્યા સમિતિ[૧] —વડી નીતિ, લઘુ નીતિ કરવા અથવા આહાર પાણી વહોરવા જતાં ઇર્યાસમિતિ પાળવા માટે (જીવ રક્ષા અર્થે) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું વર્જુ-ત્યાગ કરૂં.

૧૨ યથાકાળ પુંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યાં જવાય તો, અંગ પડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા (કાંબળી) વગર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર કરવા (ખમાસમણા દેવા) અથવા પાંચ નવકાર મંત્રનો જાપ કરવો.

૧૩. ભાષાસમિતિ[૨]—ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વગર) બોલુંજ નહિ. તેમ છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા-મુખે બોલી જાઉં તેટલી વાર (ઇરિયાવહી પૂર્વક) લોગસ્સનો કાઉસ્સગ્ગ કરૂં.

૧૪ આહાર પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઇ મહત્વના કાર્ય વગર કોઇને કાંઇ કહું નહિ એટલે કે કોઇ સંગાતે વાર્તાલાપ કરૂં નહિં. એજ રીતે આપણી (સુખે નિર્વહી શકાય અને ઉપયોગમાં લહી શકાય એટલી બધી) ઉપધિની પડીલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ.

૧૫ એષણા સમિતિ[1]—બીજાં નિર્દોષ પ્રાસુક (નિર્જીવ) જળ મળતાં હોય ત્યાં સુધી પોતાને પ્રયોજન (ખપ) જેટલાં ધોવણ (વાણું જળ) હું ગ્રહણ કરૂં નહિં. વળી અણગળ (ગાળ્યા વગરનું) જળ હું લઉં નહિ અને ઝરવાણી[2] તો વિશેષ કરીને સાધું નહિ.

અથ આદાનનિક્ષેપણાસમિતિનિયમાઃ, યથા—

સિક્કિયસુત્તદ્ધિમાઇ, પંજિઅ નિખ્ખિવેમિ ગિન્હેમિ;
જઇ ન પમજ્જેમિ તઓ, તત્થેવ કહેમિ નમુક્કારં. ૧૬
જઇય ન તત્થવ ઉજ્જણિ, દંડગઉવહીણ અંબિલં કુવ્વે;
સયમેગં સજ્ઝાયં; ઉસ્સગ્ગે વા ગણેમિ અહં. ૧૭

અથ પારિષ્ઠાપણિકાસમિતિનિયમાઃ, યથા—

મત્તગપરિટ્ઠવણંમિ અ, જીવવિણાસે કરેમિ નિવ્વિયં,
અવિહીય વિઉરિણે, પરિટ્ઠવણે અંબિલં કુવ્વે. ૧૮
અણુજાણહ જસ્સુગ્ગહો, કહેમિ ઉચ્ચારમત્તગાઇસુ;
તહ સન્ના ડગલગ જોગ, કપ્પતિપ્પાઇ વોસિરે નિચ્ચં. ૧૯

અથ ગુપ્તિત્રયનિયમાઃ, યથા—

રાગમયે મણુવયણે, ઇક્કિક્કં નિવ્વિયં કરેમિ અહં;
કાયકુચિટ્ઠાએ પુણો, ઉવવાસં અંબિલં વા વિ. ૨૦

૧૬ આદાન—નિક્ષેપણાસમિતિ[1]—આપણી પોતાની ઉપધિ પ્રમુખ પુંજી—પ્રમાર્જીને તેને ભૂમિ ઉપર સ્થાપન કરૂં તેમજ ભૂમિ ઉપરથી ગ્રહણ કરૂં. જો તેમ પુંજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાંજ નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરૂં (નવકાર ગણું.)

૨ ઝરવાણી—[illegible] સમજવું.

૧૭ દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (અસ્તવ્યસ્ત-ઢંગ ધડા વગર) મૂકી દેવાય તો તે બદલ એક આયંબિલ કરૂં અથવા ઉભા ઉભા કાઉસગ્ગ મુદ્રાએ રહી એક સો શ્લોક યા સો ગાથા જેટલું સજ્ઝાય ધ્યાન કરૂં.

૧૮ પારિઠાવણિયા સમિતિ—લઘુનીતિ વડીનીતિ કે એઠાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવી કરૂં અને અવિધિથી (સદોષ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરૂં.

૧૯ વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ-વડી નીતિ પાણી લેપ અને ડગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું.

૨૦ મન-વચન-કાય ગુપ્તિ (૬-૭-૮)—મન અને વચન રાગદ્વેષ-રાગાકુળ થાય તો હું એક એક નિવિ કરૂં, અને જો કાયકુચેષ્ટા થાય-ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરૂં.

અહિંસાવ્રતે નિયમાઃ, યથા—

બેઇંદિયમાઇણું વહે, ઇંદિઅસંખા કરેમિ નિવ્વિગયં;

સત્યવ્રતે નિયમાઃ, યથા—

અણાભોગજણિયે કુ મ્ભીવાય કુંમિ આંબિલયં; ૨૧

અસ્તેયવ્રતે નિયમાઃ, યથા—

અદત્તાદિયાઇ ન ગિન્હે, ગમાઇ વત્થુણ ગુરુમાદિટ્ઠાણં;

ડગલપાણમાઈ, અદિન્નગહણે ય આંબિલયં ૨૨

અજ્ઞાનતો નિયમાઃ, યથા—

અણગળીઉદ્ધિં વારિં, ન કરે પરિવાદિકાણ અવિ નાહિં,

પરિગ્રહપરિમાણતો નિયમાઃ યથા—

[illegible], [illegible] ન હાવેમિ. ૨૩

[illegible], [illegible] હાવેમિ.

[illegible] નિયમાઃ, યથા—

[illegible], [illegible] ન કરે. ૨૪

[illegible] ન કરેમિ [illegible] પાણીઇં ન [illegible]

[illegible] નીરંપિ ન [illegible]. ૨૫

" [illegible] નિયમા "

૨૩. [illegible]

[illegible]

૨૪. [illegible]

[illegible]

૨૫. [illegible]

[illegible]

૨૬. [illegible]

[illegible]

[illegible]
[illegible] માની મેં ચારજ થી '

અહવા નિચ્ચિરણચ્ચ રાએ, કારે નીરં તિવિહ આહારં;
અણહારોસહસંનિહિ,-મવિ નો ઠાવેમિ વસહીએ. ૨૬

ઇતિ ચારિત્રાચારનિયમાઃ, અથ તપાચારનિયમાઃ, યથા -

તવઆયારે ગિણ્હે, અહ નિયમે કવિ સત્તીએ;
જોગાહિયં ન કપ્પઇ, છટ્ઠાઇણં વિણા ન લેમિ અ. ૨૭
નિવ્વિયતિગં ચ અંબિલ,-દુગં ચ વિણુ નો કરેમિ વિગયગહં;
વિગઇ દિણે ખંડાઇ, ણુકાર નિયમો અ અવસ્સં. ૨૮
નિવ્વિયાઇં ન ગિણ્હે, નિવ્વિયતિગમજ્ઝિ વિગઇ દિવસે અ;
વિગઇં નો ગિણ્હેમિ ય, દુન્નિ દિણે કારણં મુત્તું. ૨૯
અટ્ઠમીચઉદ્દસીસું, કરે અહં નિવ્વિયાઇં તિન્નેવ;
અંબિલદુગં ચ કુવ્વે, ઉવવાસં વા જહાસત્તિં. ૩૦

૨૬ અથવા સૂર્ય નિશ્ચે આથમતે છતે જ ઉચિત અવસરે સદાય જળપાન કરી લઉં-સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લઉં. અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ.

" તપ આચાર સંબંધી નિયમો "—

૨૭ હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરું છું. છઠ્ઠ (સાથે બે ઉપવાસ) આદિક તપ કર્યો હોય તેમ જ યોગ વહન કરતો હોઉં તે વગર મને અવગાહિત? ભિક્ષા કલ્પે નહિ.

૨૮ લાગલાગાં ત્રણ નીવીઓ અથવા બે આંબિલ કર્યા વગર હું વિગય (દૂધ દહીં ઘી પ્રમુખ) વાપરૂં નહિં અને વિગઈ વાપરૂં તે દિવસે ખાંડ પ્રમુખ વિશેષ (સાથે ભેળવી નહિ વાપરવાનો) નિયમ જાવજ્જીવ સુધી પાળું.

૨૯ ત્રણ નીવી લાગોલાગ થાય તે દરમીયાન તેમજ વિગઈ વાપરવાના દિવસે નિવિયાતાં ગ્રહણ કરૂં નહિં-વાપરૂં નહિં. તેમજ બે દિવસ સુધી લાગટ કોઈ તેવા પુષ્ટ કારણ વગર વિગઈ વાપરૂં નહિ.

૩૦ પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરૂં, નહિ તો તે બદલ બે આંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું.

દવ્વખિત્તાઇગયા, દિણે દિણે અભિગ્ગહે ગિણ્હ;
ઇયંમિ જઓ ભણિયં, પચ્છિત્તમભિગ્ગહાભાવે. ૩૧

ઇતિ તપાચારનિયમાઃ, અથ વીર્યાચારનિયમાઃ, યથા—

વિરિયાયારનિયમે, ગિણ્હે કઇઅવિ જહાસત્તિ;
દિણુ પણ ગાહાઇણં, અત્થં ગિણ્હે મણેણ સયા. ૩૨

પણ વારં દિણુ મજ્ઝે, પમાયયંતાણ દેમિ હિયસિક્ખં;
એગં પરિટ્ઠવેમિ ય, ગણાણં સવ્વસાહૂણં. ૩૩

ચઉવીસં વીસં વા, લોગસ્સે કરેમિ કાઉસ્સગ્ગંમિ;
કમ્મક્ખયટ્ઠા પઇદિણ, સજ્ઝાયં વા વિ તમ્મિત્તં. ૩૪

નિદ્દાઇપમાએણું, મંડલિભંગે કરેમિ અંબિલયં;
નિયમા કરેમિ ઇગં, નિસ્સામણ્ણં ચ સાહૂણં. ૩૫

૩૧ પ્રતિદિન કલ્પ [illegible] અભિગ્રહ* ધારણ કરવા કેમકે ભગવાને [illegible] એમ ઉક્ત કહેવામાં આવ્યું છે.

"વીર્યાચાર સંબંધી નિયમો"

૩૨ વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરૂં છું. સદા-સર્વદા પાંચ ગાથાદિકના અર્થ હું ગ્રહણ કરી મનન કરૂં.

૩૩ આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મકાર્યમાં) પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું અને સર્વ સાધુઓનું એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું.

૩૪ પ્રતિદિવસ કર્મક્ષય અર્થે ચાલીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરૂં, અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાય ધ્યાન કાઉસ્સગ્ગમાં રહી સ્થિરતાથી કરૂં.

૩૫. નિદ્રાદિક પ્રમાદવડે મંડલીનો ભંગ થઇ જાય (મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકું) તો એક આંબિલ કરૂં. અને સહુ સાધુ જનોની એક વખત વિશ્રામણા-વૈયાવચ્ચ નિશ્ચે કરૂં.

સેહગિલાણાઇણં, લિણાવિ સંથાડયાઇસંબંધં;
પડિલેહણમઇસગપરિ–ડવણાઇ કુવ્વે જહાસત્તિ. ૩૬

ઇતિવીર્યાચારનિયમાઃ અથ દશવિધસમાચારીવિષયાનિયમાઃ યથા-

વસહી પવેસિ નિગ્ગમિ, નિસીહિ આવસ્સિયાણ વિસ્સરણે;
પાયાડપમજ્જણે વિ ય, તથ્થેવ કહેમિ નવકારં. ૩૭
ભયવં પસાઉ કરિઉં, ઇચ્છાઇ અભાસણંમિ વુઢ્ઢેસુ;

*અમુક વસ્તુ અમુક સ્થળે અમુક વખતે અને અમુક રીત્યે મળે તે જ ભિક્ષા વખતે લેવી એવા પ્રકારની વિશિષ્ટ પ્રતિજ્ઞા ધારવી તે.

ઇચ્છાકારાકરણે, સહુજી સાહુજી કજ્જેસુ. ૩૮
અન્નસ્સવિ પડિકૂલં, મિચ્છાકારસ્સ અકરણે તહ ય;
આગમનાઇ વિ સહિઓ, કહિયવ્વો પંચ નવકારો. ૩૯
ગુરુકેર વિણ પુચ્છં, વિસેસવત્થું ન દેમિ ગિણ્હે વા;
અન્નાંપિ ય મહકજ્જં, ગુરુ પુચ્છિય કરેમિ સયા. ૪૦

ઇતિ દશવિધસામાચારીવિષયઃ દ્વિપંચનિયમાઃ

૩૬ સામાચારીનો કશો સંબંધ ન હોય તો પણ સર્વ શિષ્ય (આપણ)ને વસ્ત્ર સાધુ પ્રમુખનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેળ પ્રમુખાદિની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું સદા શક્તિ કરી આપું.

" સામાચારી વિષે નીયમો. "

૩૭ વસતિ (ઉપાશ્રય-સ્થાન) માં પેસતાં નિસીહી અને તેમાંથી નિકળતાં આવસ્સહી કહેવી ભૂલી જાઉં તેમ જ ગામમાં પેસતાં કે નિકળતાં પગ પુંજવા વિસરી જાઉં તો (યાદ આવે તે જ સ્થળે) નવકાર મંત્ર ગણું.

૩૮-૩૯ કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને હે ભગવાન્! પસાય કરી મને આપ આપો 'ઇચ્છકાર' એટલે તેમની ઇચ્છા પ્રમાણે જ પ્રવર્તવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે મિચ્છામિ દુક્કડં એમ કહેવું એ બંને તે વિસરી જાઉં તો જ્યારે મને પોતાને સાંભરી આવે અથવા કોઈ બિજાથી સાંભરી આવે ત્યારે તત્કાળ મ્હારે નવકાર મંત્ર ગણવો.

૪૦ ગુરુ (વડીલ) ને પૂછ્યા વગર વિશેષ વસ્ત્ર (આદિક વસ્તુ) લઉં દઉં નહિં અને મ્હોટાં કામ ગુરુ (વડીલ) ને પૂછીને જ સદાય કરું, પણ પૂછ્યા વગર કરું નહિ,

દુબ્બલ સંઘયણાણ વિ, એએ નિયમા સુહાવહા પાયં;
કિંચિવિ વેરગ્ગેણં, ગિહિવાસો છડ્ડિઓ જેહિં. ૪૧

સંપઇકાલે વિ ઇમં, કાઉં સક્કે કરેઇ નો નિઅમે;
સો સાહુત્ત ગિહિત્તણ, ઉભય ભટ્ઠો મુણેયવ્વો. ૪૨

જસ્સ હિઅયંમિ ભાવો, થોવો વિ ન હોઇ નિયમગહણંમિ;
તસ્સ કહણં નિરત્થય,–મસિરાવણિ કૂવખણણં વ. ૪૩

સંઘયણકાલબલદૂસમા,–રયાલંબણાઇં ધિત્તુણં;
સવ્વં ચિઅ નિઅમ ધુરં, નિરુજ્જમાઓ પમુચ્ચંતિ. ૪૪

વુચ્છિન્નો જિણકપ્પો, પડિમાકપ્પો અ સંપઇ નત્થિ;
સુદ્ધો અ થેર કપ્પો, સંઘયણાઇ હાણીએ. ૪૫

૪૧ જેમનો શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતાં પણ જેમણે કંઇક વૈરાગ્યથી ગૃહસ્થ વાસ [illegible] છે તેમને આ ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાયઃ [illegible] છે

૪૨ [illegible] પણ સુખે પાળી શકાય એવા આ નિ[illegible] પાળે નહિં, તે સાધુપણાથકી અને ગૃહસ્થ [illegible] થયો જાણવો.

૪૩ [illegible] નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ [illegible] આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા [illegible] જેવા નિરર્થક-નિષ્ફળ થાય છે.

૪૪ નબળાં સંઘયણ, કાળ, બળ, અને દુષમ આરો, એ દિ હીણાં આલંબન પકડીને પુરૂષાર્થ વગરના પામર જીવો આળસાદથી બધી નિયમ ધુરાને છોડી દે છે.

૪૫ (સંપ્રતિ કાળે) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે, વળી તેમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાની શુદ્ધ સ્થવીરકલ્પ પણ પાળી શકાતો નથી.

વિ જઇ એએ નિયમા-રાહણવિહિએ જએ જણા સંજમંમિ;
ઉજ્જમુવઉત્તચિત્તો, તો નિયમારાહગો હોઇ. ૪૬
એએ સવ્વે નિયમા, જે સમ્મં પાલયંતિ વેરગ્ગા;
તેસિં દિક્ખાગહિઆ, સહલા સિવસુહફલં દેઇ. ૪૭

તિશ્રી સોમસુંદરસૂરિપાદપદ્મોપદિષ્ટ સંવિગ્નસાધુયોગ્ય નિયમ કુલકમ્ સમાપ્ત.

૪૬ તો પણ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન વિધિવડે સંયમ ઉપયુક્ત ચિત્ત થઇ ચારિત્ર સેવનમાં ઉજમાળ બનશે તો તે નિયમા—નીશ્ચે આરાધક ભાવને પામશે.

૪૭ આ સર્વે નિયમોને જે (શુભાશયો) વૈરાગ્યથી સમ્યક્ પાળે છે, તેઓએ ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય જેથી તે શિવ સુખ ફળને આપે છે. ઇતિ શમ્.

ઇતિશ્રી સંવિગ્ન સાધુ યોગ્ય નીયમ કુલક ભાષાંતર સમાપ્ત. સંવત ૧૯૫૭ ના વર્ષમાં લખાએલી પ્રત ઉપરથી સુધારીને તૈયાર કર્યું છે.

મૂર રહેલું, તેમજ સંવેગ-મોક્ષાભિલાષ અને નિર્વેદ-ભવ વૈરાગ્ય એ એ બધાં વાનાં પ્રભુત પુન્ય યોગે પ્રાપ્ત થાય છે.

૮ નિર્મળ-શુદ્ધ શીલનો અભ્યાસ, સુપાત્રાદિક દાન દેતાં ઉલ્લાસ, હિતાહિત સંબંધી વિવેક સહિતપણું અને ચાર ગતિનાં દુઃખથકી સંપૂર્ણ ત્રાસ એ બધાં વાનાં મહા પુન્યના યોગે પ્રાપ્ત થાય છે.

૯ કરેલાં પાપ કૃત્યની આલોચના-નિંદા, સારાં કૃત્યો કર્યા હોય તેની અનુમોદના, કરેલાં પાપનો છેદ કરવા માટે ગુરૂ મહારાજે બતાવેલા તપનું કરવું-આચરવું, શુભ ધ્યાન ધરવું અને નવકાર મહામંત્રનો જાપ કરવો એ સઘળાં વાનાં મહા પુન્યયોગે પ્રાપ્ત થઇ શકે છે.

૧૦ આ ઉપર બતાવ્યા મુજબ ગુણમણિ-રત્નના ભંડાર જેવાં સુકૃત્યો, સઘળી રૂડી સામગ્રી પ્રાપ્ત કરીને જે મહાનુભાવો કરે છે-આચરે છે તે પુણ્યાત્માઓ સઘળા મોહપાસથી સર્વથા મુક્ત થઇને શાશ્વત સુખરૂપ મોક્ષ પદને પામે છે.

ઇતિ પુણ્યપ્રભાવ પ્રદર્શક શ્રી પુણ્યકુલકં.

અથ દાનમહિમાગર્ભિત શ્રીદાનકુલકમ્.

૧ હરિઅ રજજસારો, ઉપ્પાડિઅ સંજમિક્કગુરૂભારો;
ખંધાઓ દેવદૂસં, વિઅરંતો જયઉ વીરજિણો.
ધમ્મત્થકામભેયા, તિવિહં દાણં જયંમિ વિખ્ખાયં;
તહવિ અ જિણિંદમુણિણો, ધમ્મદાણં પસંસંતિ.
દાણં સોહગ્ગકરં, દાણં આરૂગ્ગકારણં પરમં;
દાણં ભોગનિહાણં, દાણં ઠાણં ગુણગણાણં.

દાણેણ ફુરઈ કિત્તી, દાણેણ હોઇ નિમ્મલા કંતિ;
દાણાવજ્જિઅહિઅઓ, વૈરી વિ હુ પાણિયં વહઇ. ૪
ધણસત્થવાહજમ્મે, જં ઘયદાણં કયં સુસાહૂણં;
તક્કારણમુસભજિણો, તેલુક્કપિયામહો જાઓ.

૧ સમસ્ત રાજ્ય આદિનો અનાદર કરીને સંયમ સંબંધી અતિ ઘણો ભાર જેમણે ઉપાડ્યો છે અને ઇન્દ્ર મહારાજે દીક્ષા સમયે સ્કંધ ઉપર સ્થાપેલું દેવદુષ્ય વસ્ત્ર પણ જેમણે પછાડી લાગેલા વિપ્રને આપી દીધું તે શ્રી વીરપ્રભુ જયવંતા વર્તો.

૨ ધર્મ દાન, અર્થ દાન અને કામ દાન એમ ત્રણ પ્રકારનું દાન દુનીઆમાં પ્રસિદ્ધ છે. તો પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞાના રસિક મુનિઓ ધાર્મિક દાનને જ પ્રશંસે છે.

૩ દાન સુખ-સૌભાગ્યકારી છે. દાન પરમ આરોગ્યકારી છે. દાન પુણ્યનું નિધાન છે એટલે ભોગફળકારી છે અને અનેક ગુણગણોનું ઠેકાણું છે.

૪ દાનવડે કીર્તિ વાધે છે, દાનથી નિર્મળ કાંતિરૂપ લાવણ્ય, સુખ સૌભાગ્ય વાધે છે અને દાનથી વશ થયેલા હૃદયવાળો દુશ્મન પણ દાતારના ઘરે પાણી ભરે છે.

૫ ધનસાર્થવાહના ભવમાં સુસાધુજનોને જે ઘીનું દાન દીધું હતું તે પુણ્યના પ્રભાવથી ઋષભદેવ ભગવાન્ ત્રણ લોકના પિતામહ (દાદા) થયા.

કરૂણાઇ દિન્નદાણો, જમ્મંતરગહિઅપુન્નકિરિઆણો;
તિત્થયરચક્કરિદ્ધિં, સંપત્તો સંતિનાહો વિ. ૬
પંચસયસાહુભોયણ, દાણાવજ્જિઅ સુપુન્નપબ્ભારો;

ર્યંત લોકમાં પ્રસિદ્ધ થઇ ગયું છે.

તિયલોયબંધવેહિં, તબ્ભવસિદ્ધેહિં જિણવરિંદેહિં;
કયકિચ્ચેહિં વિ દિન્નં, સંવચ્છરિયં મહાદાણં. ૧૬
સિરિ સેયંસકુમારો, નિસ્સેયસસામિઓ કહ ન હોઇ;
ફાસુઅદાણપવાહો, પયાસિઓ જેણ ભરહંમિ. ૧૭
... ા ન પસંસિજ્જઇ, ચંદણબાલા જિણંદદાણેણં;
.સિઅ તવ તવિઓ, નિવ્વવિઓ જિણો વીરજિણો. ૧૮
.ઇ પારણાઇં, અકરિંસુ કરંતિ તહ કરિસ્સંતિ;
.તા ભગવંતો, જસ્સ ઘરે તેસિં ધુવ સિદ્ધિ. ૧૯
ભવણ બિંબ પુત્થય, સંઘસરૂવેસુ સત્ત ખત્તેસુ;
.અં ધણંપિ જાયઇ, સિવફલયમહો અણંતગુણં. ૨૦

૧૬ ત્રીલોકી બંધુ એવા જિનેશ્વરો તેજ ભવમાં મોક્ષ જવાના .ત અને કૃતકૃત્ય છતાં પણ તેમણે સાંવત્સરિક (એક વર્ષ પર્યંત) .દાન આપ્યું.

૧૭ જેણે પ્રાસુક (નિર્દોષ) દાનનો પ્રવાહ આ ભરતક્ષેત્રમાં .વ્યો એવો શ્રી શ્રેયાંસકુમાર મોક્ષનો અધિકારી કેમ ન થાય?

૧૮ છ માસી તપ જેમણે કરેલો છે એવા વીરપ્રભુને જેણીએ .દના બાકુલા પડિલાભવાવડે સંતોષ્યા તે ચંદનબાળાની કેમ .સા ન કરીએ?

૧૯ અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ (તપનાં) પારણાં કર્યાં કરે છે અને કરશે તે ભવ્યાત્માઓ અવશ્ય મોક્ષગામીજ જાણવા.

૨૦ અહો ઇતિ આશ્ચર્યે જિનભુવન (જિનમંદિર) જિનબિંબ .તિમા) પુસ્તક અને ચતુર્વિધસંઘરૂપ સાતે ક્ષેત્રોમાં વાવેલું ધન

કર્મનું અક્ષયફળ આપનારૂં થાય છે એમ સમજી ધન મમતા તજી તેનો સદ્વ્યય કરી ધનવંત લોકોએ તેનો લ્હાવો લેવો. ઇતિશમ્.

ઇતિ દાન કુલકં સમાપ્તં.

અથ શીલમહિમાગર્ભિત શીલકુલકમ્.

સોહગ્ગમહાનિહિણો, પાએ પણમામિ નેમિજિણવઇણો;
બાલેણ ભુયબલેણં, જણદ્દણો જેણ નિજ્જિણિઓ. ૧
સીલં ઉત્તમવિત્તં, સીલં જીવાણ મંગલં પરમં;
સીલં દોહગ્ગહરં, સીલં સુક્ખાણ કુલભવણં. ૨
સીલં ધમ્મનિહાણં, સીલં પાવાણ ખંડણં ભણિયં;
સીલં જંતૂણ જએ, અકિત્તિમં મંડણં પરમં. ૩
નરગદુવારનિરુંભણ, કવાડસંપુડસહોયરચ્છાય;
સુરલોઅધવલમંદિર-આરુહણે પવરનિસ્સેણિં. ૪
સિરિઉગ્ગસેણધૂયા, રાઇમઈ લહઉ સીલવઇરેહં;
ગિરિવિવરગઓ જીએ, રહનેમિ ઠાવિઓ મગ્ગે. ૫

૧ જેમણે બાલ્યાવસ્થામાં પોતાના ભુજબળવડે કૃષ્ણજીને સર્વથા જીતી લીધા હતા તે શુભ સૌભાગ્યના સમુદ્ર એવા શ્રી નેમિનાથ પ્રભુનાં ચરણ કમળને હું પ્રણમું છું.

૨ શીલ-સદાચરણજ પ્રાણીઓનું ઉત્તમ ધન છે, શીલ જ પરમ મંગળરૂપ છે. શીલ જ દુર્ભાગ્ય દારિદ્રને હરનારૂં છે અને શીલ જ સકળ સુખનું ધામ છે.

૩ શીલ જ ધર્મનું નિધાન છે. શીલ-સદાચરણજ પાપને ખંડન-

૧૨ હરિ, હર, બ્રહ્મા અને ઇન્દ્રના મદને ગાળી નાખનાર કામદેવની શકિતનો ગર્વ જેણે લીલા માત્રમાં દળી નાખ્યો તે સ્થૂલભદ્ર (મુનિરાજ) અમારૂં કલ્યાણ કરો.

૧૩ મનોહર યૌવન વયમાં અનેક સ્ત્રીસમુદાયવડે (વિષય માટે) પ્રાર્થના કરાતાં છતા જે મેરૂગિરિ જેવા નિશ્ચળ ચિત્તવાળા (દૃઢ) રહ્યા તે શ્રી વજ્રસ્વામી મહારાજ જયવંતા વર્તો !

૧૪ તે સુદર્શન શ્રાવકના ગુણગણને ગાવા ઇન્દ્ર પણ સમર્થ થઈ શકે નહિ કે જે ભારે સંકટમાં આવી પડયા છતાં અખંડ શીલને રાખી શકયો છે.

૧૫ સુંદરી, સુનંદા, ચિલણા, મનોરમા, અંજના અને મૃગાવતી વિગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ થયેલી મહા સતીઓ સુખશાંતિ આપો !

અચ્ચંકારિઅ દટ્ઠૂણ, (સુણિઊણ) કો ન ધુણઇ શિર સીસં;
જા અખંડિઅ સીલા, ભિલ્લવઇ કયાત્થઆ વિ. ૧
નિયમિત્તં નિયભાયા, નિય જણઓ નિય પિયામહો વા વિ
નિયપુત્તો વિ કુસીલો, ન વલ્લહો હોઇ લોઆણં. ૧
સવ્વેસિં પિ વયાણં, ભગ્ગાણં અત્થિ કોઇ પડિઆરો;
પક્કઘડસ્સ વ કન્ના, ના હોઇ સીલં પુણો ભગ્ગં. ૧
વેઆલભૂઅરક્ખસ-કેસરિચિત્તયગઇંદસપ્પાણં;
લીલાઇ દલઇ દપ્પં, પાલંતો નિમ્મલં સીલં. ૧
જે કેઇ કમ્મમુક્કા, સિદ્ધા સિઝંતિ સિઝિહિંતિ તહા;
સવ્વેસિં તેસિં બલં, વિસાલસીલસ્સ દુલ્લલિઅં (માહપ્પં) ૨

૧૬ અચ્ચંકારીભટ્ટાનું (અદ્ભુત) ચરિત્ર સાંભળીને સ્વર્ગ

(મસ્તક) કોણ ન ધુણાવે ? કે જેણીએ ભિલ્લપતિએ અત્યંત કદર્થના કર્યા છતાં મરણપર્યંત સ્વશીલને અખંડ સાચવી રાખ્યું.

૧૭ ગમે તો નિજ મિત્ર, નિજ બંધુ, નિજ તાત, નિજ તાતનો તાત કે નિજ પુત્ર હોય પણ જો કુશીલ હશે તો તે લોકોને પ્રિય થઇ શકશે નહિ.

૧૮ બીજાં બધાં વ્રત ભગ્ન થયાં હોય તો તેનો ઉપાય કંઇને કંઇ આલોચના-નિંદા પ્રાયશ્ચિત્તાદિક રૂપ હોઇ શકે પણ, પાકા ઘડાને કાંઠા સાંધવાની પેરે ભાંગેલા શીલને સાંધવું દુર્ઘટ-દુઃશક્ય છે.

૧૯ નિર્મલ શીલનું રક્ષણ કરનાર ભવ્યાત્મા, વેતાલ, ભૂત રાક્ષસ કેસરીસિંહ ચિત્રા, હાથી અને સર્પના દર્પ (અહંકાર) ને લીલા માત્રમાં (જોત જોતામાં) દળી નાંખે છે.

૨૦ જે કોઇ મહાશયો સર્વ કર્મ મુક્ત થઇને સિદ્ધિ પદને પામ્યા છે. વર્તમાનકાળમાં (મહાવિદેહાદિક ક્ષેત્રમાં) સિદ્ધિ પદને પામે છે અને ભવિષ્યકાળમાં આ ભરતાદિક ક્ષેત્રમાં પણ સિદ્ધિપદને પામશે તે આ પવિત્ર શીલનોજ પ્રભાવ જાણવો. ઉત્તમ શીલ ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર) ની પ્રાપ્તિ કરનારની અવશ્ય સિદ્ધિ થાય જ છે. શીલ-ચારિત્રનું આવું ઉત્તમ માહાત્મ્ય શાસ્ત્રકારોએ જણાવેલું છે, તે ચિત્તમાં લઇ ભવ્યજનોએ (નર નારી બન્નેએ) નિર્મળ શીલ-રત્નનું પરિપાલન કરવા સદૈવ

ઇતિ શીલકુલક ૨

અથ શ્રી તપઃકુલકમ્

સો જયઉ જુગાઇજિણો, જસ્સંગે સોહએ જડાજૂડો
તવઝાણગ્ગિપજ્જલિઅ-કમ્મિંધણધૂમલિહિવ્વ (લિહિ વ્વ)॥
સંવચ્છરિઅ તવેણં, કાઉસ્સગ્ગંમિ જો ઠિઓ ભયવં ૨
પૂરિઅ નિયય પઇન્નો, હરઉ દુરિઆઇં બાહુબલી.
અથિરં પિ થિરં વંકં પિ ઉજ્જુઅં દુલ્લહં પિ તહ સુલહં ૩
દુસ્સઝં પિ સુસઝં, તવેણ સંપજ્જએ કજ્જં.
છટ્ઠં છટ્ઠેણ તવં, કુણમાણો પઢમગણહરો ભયવં; ૪
અક્ખીણમહાણસીઓ, સિરિગોયમસામિઓ જયઉ.
સોહઇ સણંકુમારો, તવબલખેલાઇલદ્ધિસંપન્નો; ૫
નિઠ્ઠુઅ ખવડિઅંગુલિં, સુવન્નસોહં પયાસંતો.

૧ પ્રબળ ધ્યાનરૂપ નવા અગ્નિવડે બાળી નાંખેલા કર્મઇન્ધ-
નોની ધૂમપંક્તિ જેવો જટાકલાપ જેમના ખભા ઉપર શોભી રહ્યો
તે યુગાદિપ્રભુ જયવંતા વર્તો !

૨ એક વર્ષ પર્યંત તપવડે કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી
મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી છે તે બાહુબલી મહારાજ (અમા
દુરિત-પાપ દૂર કરો !

૩ તપના પ્રભાવથી અસ્થિર હોય તે પણ સ્થિર થાય છે,
હોય તે પણ સરલ થાય છે, દુર્લભ હોય તે પણ સુલભ થાય
અને દુઃસાધ્ય હોય તે પણ સુસાધ્ય થાય છે.

૪ છઠ્ઠ છઠ્ઠ તપ આંતરારહિત કરતા પ્રથમ ગણધર શ્રી ગૌ
સ્વામી મહારાજ અક્ષીણ મહાનસી નામની મહાલબ્ધિને પ્રાપ્ત
તે જયવંતા વર્તો !

ય થૂંકવડે ખરડેલી આંગળીને સુવર્ણ જેવી શોભતી કરી દેખાડ-તા એવા સનત્કુમાર રાજર્ષિ તપોબળથી ખેલાદિક લબ્ધિ સંપન્ન થતા શોભે છે.

ગોબંભ ગબ્ભ ગબ્ભિણી, બંભિણીઘાયાઇ ગુરૂઅપાવાઈં
કાઊણ વિ કુણયં તપ વ, તવેણ સુદ્ધો દઢપ્પહારી. ૬
પુવ્વભવે તિવ્વ તવો, તવિઓ જં નંદિસેણ મહરિસિણા;
વસુદેવો તેણ પિઓ, જાઓ ખયરી સહસ્સાણં. ૭
દેવાવિ કિંકરત્તં, કુણંતિ કુલજાયવિરહિઆણ વિ;
તવમંતપભાવેણં; હરિકેસબલસ્સ વ રિસિસ્સ. ૮
પઇસમય મેગ પહેણં, એગેણ ઘડેણ ઘડસહસ્સાઇં;
જં કિર કુણંતિ મુણિણો, તવ કપ્પતરૂસ્સ તં ખુ ફલં. ૯
અનિઆણસ્સ વિહિએ, તવસ્સ તવિઅસ્સ કિં પસંસામો;
કિજ્જઇ જેણ વિણાસો, નિકાઇઆણં પિ કમ્માણં, ૧૦

૬ ગૌ, બ્રહ્મ, ગર્ભ અને ગર્ભવતી આદિકોની હત્યાદિક મહા ઉગ્ર પાપને કર્યા છતાં દૃઢપ્રહારી (ચોર) મુનિપણે તપ સેવનવડે સુવર્ણની પેરે શુદ્ધ થયા.

૭ પૂર્વ જન્મમાં નંદિષેણ મહર્ષિએ જે તીવ્ર તપ કર્યો હતો તેના પ્રભાવથી વસુદેવ હજારો ગમે વિદ્યાધરીઓના પ્રિય-પતિ થયા.

૮. તીવ્ર તપ સંયમના પ્રભાવથી હરિકેશબળ મુનિની પેઠે (ચંડાળ) કુળ અને જાતિહીન હોય તોપણ તેમની દેવતાઓ પ

૧૯ શ્રી સંઘનું કષ્ટ નિવારણ કરવા માટે વિષ્ણુકુમારે લક્ષ યોજનપ્રમાણ રૂપ વિકુર્વ્યું ત્યારે પૃથ્વી કંપાયમાન થઇ, સાગર જળ હલ્યા-હાલકલોલ થયા, અને હિમવંતાદિક પર્વતો ચલાયમાન થયા અને છેવટે શ્રી સંઘનું રક્ષણ કર્યું તે સર્વ તપનુંજ ફળ જાણવું.

૨૦ તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? જે કોઇને કોઈપ પ્રકારે ક્યાંય પણ ત્રિભુવન મધ્યે સુખ-સમાધિ પ્રાપ્ત થાય છે ત્ય સર્વત્ર (બાહ્ય અભ્યંતર) તપજ કારણરૂપ છે એમ ચોક્કસ સમ જવું અને તેનું આરાધન કરવા યથાવિધ ઉદ્યમ સેવવો. કિંબહુના

ઇતિ તપઃ કુલકં સમાપ્તં.

અથશ્રી ભાવ કુલકમ્.

કમઠાસુરેણ રઇયંમિ, ભીસણે પલયતુલ્લ જલબોલે;
ભાવેણ કેવલલચ્છિં, વિવાહિઓ જયઉ પાસજિણો. ૧
નિચ્ચુન્નો તંબોલો, પાસેણ વિણા ન હોઈ જહ રંગો;
તહ દાણસીલતવભાવણાઓ, અહલાઓ સવ્વ ભાવવિણા. ૨
મણિમંતઓસહીણં, જંતતંતાણ દેવયાણં પિ;
ભાવેણ વિણા સિદ્ધિ, ન હુ દીસઇ કસ્સ વિ લોએ. ૩
સુહભાવણાવસેણં, પસન્નચંદો મુહુત્તમિત્તેણ;
ખવિઊણ કમ્મગંઠિં, સંપત્તો કેવલં નાણં. ૪
સુસ્સૂસંતી પાએ, ગુરૂણીણં ગરહિઊણ નિયદોસે;
ઉપ્પન્ન દિવ્વનાણા, મિગાવઈ જયઉ સુહભાવા. ૫

૧ કમઠાસુરે રચેલા ભારે ભયંકર પ્રલયકાળના જેવા જળ ઉપ દ્રવ કાળે સમભાવને ધારણ કરવાવડે જે કેવળજ્ઞાન લક્ષ્મીને વર્યા તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો !

[illegible] ([illegible]) [illegible] વગરનું તાંબલ (નાગરવેલી પાન) અ

રાગ વગરનું વસ્ત્ર ઠીક રંગાતું નથી તેમ ભાવ વગર દાન શીલ તપ અને ભાવનાઓ પણ ફળદાયી નહિ થતાં-અફળ થાય છે.

૩ મણિ, મંત્ર, ઔષધી તેમજ જંત્ર તંત્ર અને દેવતાની પણ સાધના દુનીયામાં કોઇને ભાવ વગર સફળ થતી નથી. ભાવ યોગેજ તે તે વસ્તુઓની સિદ્ધિ થતી દેખાય છે.

૪ શુભ ભાવના યોગે પ્રસન્નચન્દ્ર (રાજર્ષિ) બે ઘડી માત્રમાં રાગદ્વેષમય કર્મની ગુપિલ ગ્રંથી-ગાંઠને ભેદી નાંખી કેવળજ્ઞાન પામ્યા.

૫ નિજદોષ (અપરાધ) ની નિંદા ગર્હા કરીને ગુરૂણીનાં ચરણની સેવા કરતાં જેણીને શુભ ભાવથી કેવળજ્ઞાન ઉપન્યું તે મૃગાવતી સાધ્વી જયવંતી વર્તો!

ભયવં ઇલાઇપુત્તો, ગુરૂએ વંસંમિ જો સમારૂઢો;
દટ્ઠૂણ મુણિવરિંદં, સુહભાવઓ કેવલી જાઓ. ૬
કવિલો અ બંભણમુણી, અસોગવણિઆઇ મજ્ઝયારંમિ;
લાહાલોહસિ પયં, પઢંતો (ઝાયંતો) જાયજાઇસરો. ૭
ભવગ નિમંતણપુવ્વં, વાસિઅભત્તેણ સુદ્ધભાવેણ;
ભુંજંતો વરનાણં, સંપત્તો કૂરગડ્ડુ વિ (કૂરગડ્ડુઓ.) ૮
પુવ્વભવસૂરિવિરઇઅ-નાણાસાયણ પભાવ દુમ્મેહો;
નિયનામં ઝાયંતો, માસતુસો કેવલી જાઓ. ૯
પડિમંમિ સમારૂઢા, રિદ્ધિં દટ્ઠૂણ ઉસભસામિસ્સ;
ઝાણેણ સુહઝાણેણં, મરૂદેવી સામિણી સિદ્ધા ૧૦

૬ એલચી પુત્ર વાંસ ઉપર નાટક કરતાં ઉત્તમ કોઈ મહા-મુનિરાજને દેખી શુભ ભાવથી પુત્ર ઈલાચિપુત્રને કેવળજ્ઞાન પ્રગટ થયું. એ શુદ્ધભાવનોજ પ્રભાવ સમજવો.

પડે એમ ઉત્તમ મુનિને વંદના કરવા જતાં અને પાછા વળતાં માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને ઓળંગવી, તે શ્રાવિકા (શ્રાવિકા) પેલે પાર જો કહે છતે તેમના શ્રાપ ભયથી નદીએ તેમને તરતજ પેલે પાર જવા દેવા માટે માર્ગ કરી આપ્યો હતો.

૧૭ શ્રી ચંડરૂદ્ર ગુરૂવડે દંડપ્રહારથી તાડન કરાતો છતો તેનો (શાન્ત) શિષ્ય શુભ લેશ્યાવંત છતો તત્કાળ કેવળજ્ઞાન પામ્યો.

૧૮ સમિતિ ગુપ્તિવંત સાધુઓને કદાચિત્ જીવનો વધ થઇ જાય છે તો પણ જે તેમને નિશ્ચે બંધ કહ્યા નથી તેથી તેમાં ભાવજ પ્રમાણ છે પણ કાયવ્યાપાર પ્રમાણ નથી.

૧૯ ભાવજ ખરો પરમાર્થ છે ભાવજ ધર્મનો સાધક—મેળવી આપનાર છે અને ભાવજ નિશ્ચયને ઉત્પન્ન કરી આપનાર છે એમ ત્રિભુવન ગુરૂ શ્રી તીર્થંકરો કહે છે.

૨૦ ઘણું ઘણું શું કહિએ? હે સત્ત્વવંત મહાશયો! તત્ત્વ નિચોળરૂપ વચન કહું છું તે આ પ્રમાણે–મોક્ષ સુખના બીજરૂપ જીવોને સુખકારી ભાવજ છે અર્થાત્ સદ્ભાવ યોગેજ જીવો મોક્ષ સુખ મેળવી શકે છે.

ઇય દાણસીલતવભાવણાઓ, જો કુણઇ સત્તિભત્તિપરો;
દેવિંદવિંદમહિઅં, અઇરા સો લહઇ સિદ્ધિસુહં.

૨૧ આ દાન શીલ તપ અને ભાવનાઓને અધ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસ યોગે કરે છે તે મહાશય ઇંદ્રોના સમૂહ વડે પૂજિત એવું અક્ષય મોક્ષ સુખ અલ્પકાળમાં મેળવી શકે છે આ કુલકમાં છેવટે ગ્રંથકારે પોતાનું દેવેન્દ્રસૂરિ એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું જણાય છે. ઉક્ત મહાશયનાં આ વચનને આદર અમલ કરવો એ ખાસ કર્તવ્ય છે. ઇતિશમ્.

ઇતિ શ્રીભાવકુલકં સમાપ્તં.

શુદ્ધિપત્રક.

લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૧	થયું	ક્યારે થયું
૨	થયું	સભા સમક્ષ વાંચવાનું શરૂ થયું
૧૯	આપણા	આપણા
૧૨	ઉપસગ	ઉપસર્ગ
૨૦	આલ	આલ
૧	અવધિ	અવિધિ
૨૨	જ્ઞાન	તત્ત્વ જ્ઞાન
૧૮	કોઇ	કાંઇ
૮	કાતુક	કૌતુક
૨૦	મહોપાધ્યાય	મહોપાધ્યાય
૨૨	[illegible]	[illegible]
૯	[illegible]	[illegible]
૧૦	અરિહંતાદિ !	અરિહંતાદિ !
૭	પુલિંદ[illegible]	પુલિંદ[illegible]
૧	[illegible]	[illegible]
૭	[illegible]	[illegible]
૧૭	[illegible]	[illegible]
૫	[illegible]	[illegible]
૩	[illegible]	[illegible]

અનુક્રમણિકા.

આદિમાં ગ્રંથકર્ત્તા ચરમ તીર્થંકર શ્રીવીર જિનને અતિશયે કરી શુદ્ધ ભાવ સહિત મન, વચન, કાયાએ કરી નમસ્કાર કરીને શ્ર મદુપદેશ રત્નકોષ નામા ગ્રંથને અનુસારે, વળી શ્રી સિદ્ધાંતના સાં ભળવા થકી તથા ગુરૂ પરંપરાદિકથી સાંભળીને પર્યુષણ પર્વન વિધિનો અનુક્રમ કહેવા માટે ગ્રંથની રચના કરે છે. તિહાં પ્રથમ શ્રી પર્યુષણપર્વ માહાત્મ્ય વિધિ સામાચારી કોણે કહી, કોણે પૂછ કોણે સાંભળી? તે કહે છે. આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ ના દેશ છે, તેને વિષે જેમાં નિરંતર મહોત્સવ થઈ રહ્યા છે, એવાં ઘણાં જિનાલય છે; જેમાં વીતરાગ ભાષિત ધર્મના સેવનાર શ્રાવક જનો મહોત્સવ કરતા વસે છે, જિહાં સંકીર્ણ નીલા વૃક્ષના સમુહે કરી સુશોભિત ઉપવન છે; એવી ભોગાવતી નગરીની પેરે રાજગૃહી નામે નગરી છે. તે નગરીમાં જ્યાં સમસ્ત રાજ પર્ષદાયે કરીને સુ શોભિત એવું રાજાનું સિંહાસન છે; અને ત્યાં બહોંતેર કલાનો જાણ સમસ્ત રાજનીતિયે કરી સહિત એવો શ્રેણિક નામે રાજા રાજ્ય કરે છે. તેની સત્યશીલ ગુણે ભરેલી અને જૈન ધર્મને શોભાવનારી ચે ચેલણા નામે રાણી છે. તિહાં રાજ સભાયે દેવોમાં જેમ ઇંદ્ર શ તેમ શ્રેણિક રાજા ઇંદ્રની પેરે શોભે છે અને સભાજનો દેવતાની શોભે છે. તિહાં કોઈક સમયે વનમાંહે માંહોમાંહે સ્વભાવેજ વૈર છે, એવા અશ્વ અને પાડા, ઊંદર અને બિલાડી, સર્પ નોલીયા, ઈત્યાદિક જાનવરો સર્વ પોતપોતામાં વૈરભાવ છાંડીને માં માંહે સ્નેહ ધરતાં થકાં એકઠાં બેઠેલાં વનના રક્ષક પુરૂષે દીઠા. આશ્ચર્યની વાત દેખીને વનપાલક વિચારવા લાગ્યો કે, અહો! કારણ તે શુભ હશે કે અશુભ હશે? એમ વિમાસણ કરતાં, ફરતાં તેણે વૈભાર પર્વતની ઉપર અનેક દેવતાયે સહિત ચોસઠ જય જયારવ કરી રહ્યા છે તથા દેવદુંદુભિના નાદે કરી સંપૂર્ણ દિશિયો પૂરાણી છે, એવી શોભાના ધારક અષ્ટ મહા પ્રાતિહાર્ય સ એવા શ્રી વીર જિનને સમવસરેલા દીઠા. તે જોઇ વનપાલક આ

ો શ્રેષ્ઠી પોતાના મનમાં વિચારવા લાગ્યો, કે આ માંહોમાંહે
વૈરભાવ ત્યાગીને એકઠા મળી બેઠેલા જે અશ્વાદિક મેં દીઠા,
તે એ શ્રી વર્દ્ધમાન સ્વામિનું માહાત્મ્યજ છે. એવું જાણી કેટ-
લુક ઉત્પન્ન થયેલા તાજા ઉત્તમ વનફલ લઈ રાજ્ય યોગ્ય ભે-
ટ લઈને શ્રેણિક રાજા પાસે આવી તેના હાથને વિષે ફળ દઈને
કહેવા લાગ્યો, કે ' હે મહારાજ ! તમારા પુણ્યના ઉદયથી વૈભાર પર્વ-
ત ઉપર શ્રી વીર ભગવાન દેવરચિત સમવસરણે વિરાજ્યા છે;
તે સાંભળી શ્રેણિક રાજા આસન થકી ઉઠી જે દિશિયે પ્રભુ સ-
માર્યા છે, તે દિશિયે સાત આઠ પગલાં સામો જઈ પંચાંગ
નમસ્કાર કરી પોતાને અંગે પહેરેલાં વસ્ત્રાભરણ માંહેલાં એક મુકુ-
ટ વર્જીને શેષ સર્વનું વન પાલકને પ્રીતિદાન દેઈને પાછો વળ્યો.
આનંદ ભેરી વજડાવી, તેના શબ્દે કરી સમસ્ત દિશાઓ
ણી. તે શબ્દ નગરનિવાસી સર્વ લોકોએ સાંભળ્યો. પછી પો-
તાના પરિવાર લઈ નાગરિક લોક સહિત શ્રીવીર ભગવાનને વાંદવા
શ્રેણિક રાજા સમવસરણ ભણી જતા હવા. જિહાં સમવસરણ
નજીક છત્ર, ચામર, વાહન, શસ્ત્ર, અને પતાકા એ પાંચ રાજ
ચિહ્ન મુકી પાંચ અભિગમ સાચવી ભગવાનને જમણા પાસા થકી
પ્રદક્ષિણા દઈ વાંદીને સ્તુતિ કરતા હવા. યતઃ—

" અદ્યાભવત્ સફલતા નયનદ્વયસ્ય,
દેવ ! ત્વદીયચરણાંબુજવીક્ષણેન ॥
અદ્ય ત્રિલોકતિલક પ્રતિભાસતે મે,
સંસારવારિધિરયં ચુલુકપ્રમાણઃ " ॥ ૧ ॥

અર્થ—હે પ્રભો ! આજનો દિવસ મહારો ધન્ય છે. હે દેવ !

[illegible] પ્રાણિનો [illegible] મનુષ્ય જન્મ [illegible]
[illegible] રહો. [illegible] મુનિરાજ [illegible]
[illegible] ભવ [illegible]
[illegible] ભગવાન [illegible] ધર્મની આરાધના કરવી [illegible]
[illegible] હે ભવ્યજીવો ! [illegible] ધર્મ [illegible] સંસાર [illegible]
[illegible] વિષે મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે, તે તમે પામ્યા [illegible]
તો તમે ધર્મને વિષે ઉદ્યમ કરો, જે માટે ફરી આવી ફરીને પણ
પામીશું એવી મનુષ્ય જન્માદિક સામગ્રી તેને પામી કરીને સંસાર
સમુદ્રમાં વહાણ સમાન જે ધર્મ, તેને વિષે સર્વદા યત્ન કરવા થકી
સુખ પામીએ. જેને ધર્મ કરવામાં વ્યાકુળ મન હોય તેથી જો નિ
રંતર ધર્મ ન થાય, તો પણ તેનું દૃઢ મન કરીને ધર્મનાં કાર્ય આંતરે
આંતરે કરવાં. જેમ ગામને અર્થે ઉદ્વેગ પામેલા હોય, તોપણ ભમતી
ભમતી પટના કવલને આહારતી કરે તો પણ ભૂખ ભાંગે, તેમ જો કે ગૃહ
સ્થને દિવસના ચાર પ્રહર ધર્મવિના મરના ધંધામાં જાય છે, તોપણ
તેમાં એક પ્રહર અથવા અર્દ્ધ પ્રહર સુધી પણ ધર્મનો સંગ્રહ કરવો
હિતકારી છે, એવી રીતે જો સર્વ દિવસોને વિષે ધર્મ સંબંધિ ક્રિયા
પાળવામાં પ્રવૃત્ત થાઓ, તો એ મનુષ્ય જન્મ પામ્યાનું ફલ કહેવાય,
અને જો સર્વ દિવસોમાં ન કરી શકો તો પર્વ દિવસે અવશ્ય ધર્મ
સેવન કરો, પર્વ દિવસે જરૂર પ્રમાદ તજી નિશ્ચયે કરી પૌષધાદિ
વ્રત કરવાં, બ્રહ્મચર્ય પાલવું, વિશેષે કરી આરંભ તો કરવોજ નહિ
અને કરાવવો પણ નહીં. તેમ વળી આશો તથા ચૈત્ર માસની અ
ઠ્ઠાઇના દિવસોમે વિષે અને પર્યુષણ પર્વમાં તો વિશેષ કરી ધર્મારા
ધનજ કરવું, એવો ઉપદેશ ભગવાને કહ્યો. તેવારે અવસર પામી

ફરાજા કહેતા હતા કે હે ભગવન્! પ્રથમ શ્રી પર્યુષણ પર્વને
શીશી કરણી કરવી? અને તે કરવા થકી શું ફળ મળે? તે મુ-
કહો. તેવારે ભગવાન્ બોલ્યા કે હે મગધેશ! સાંભળ. શ્રી
ણ પર્વ આવે થકે ચતુર્વિધ શ્રી સંઘ મળીને શ્રી વીતરાગનો
ાં જુહારે, ૨ સાધુની ભક્તિ કરે, ૩ કલ્પસૂત્ર સાંભળે, ૪ શ્રી
રાગની પૂજા અષ્ટ, આંગી રચના નિત્ય કરે, ૫ ચતુર્વિધ સં-
પ્રભાવના કરે, ૬ સાધર્મિવાત્સલ્ય કરે, ૭ જીવોને અભયદાન
વા માટે અમારી પડહ વજડાવે, ૮ અઠ્ઠમતપ કરે, ૯ જ્ઞાનની
કરે, ૧૦ માંહોમાંહે શ્રી સંઘને ખમાવે, ૧૧ સંવત્સરી પડિક્ક-
કરે, એમ અગ્યાર કૃત્ય કરે. એ કરણી કરવાનાં અગીયાર દ્વાર
ં, તે આગળ વિવરીને કહેશે. વળી ભગવાન કહે છે કે, પર્યુષણ
વે થકે સામાયિક, પડિક્કમણું, પોસહ વ્રત કરવાં, તેમજ શ્રી વી-
ગની સ્નાત્રપૂજા, સુગંધ ચંદનનાં વિલેપન કરવાં, દાન દેવું,
ં દયા મુખ્ય પાળવી, ઇત્યાદિક કૃત્ય શ્રી પર્યુષણનાં મંડન છે,
તે અલંકાર રૂપ છે તેમ વળી મરના આરંભ સર્વ વર્જવા. તથા
ણું, દળવું તથા નાહક ખાણ ખણવાનું વર્જન કરવું. બ્રહ્મચર્ય પા-
ં. ભૂમિ સંથારે સૂવું, સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, સાવદ્ય વ્યાપાર
રવો, કલ્પસૂત્રના વાંચનારા સાધુઓને પાન ભાતનું સાહાય્ય
કરવું, રાત્રિએ જાગરણ કરવું, આઠ દિવસ દેવસ રાઇનાં પ્રતિક્રમણ
વાં, ગુરુની વસ્ત્રાદિકે કરી પૂજા કરવી. સાવદ્ય એટલે પાપનાં
ન મુખથકી બોલવાં નહીં, પારણાને દિવસે યથાશક્તિ દાન દેવું,
દ્રવ્ય તથા સાધારણ દ્રવ્યના ભંડાર વધારવા, જ્ઞાન દ્રવ્યની વૃ-
કરવી, ગીત ગાન કરવાં, પરવ માંગલિકનું ગાન કરવું, અનેક
ના વાજિંત્ર વજડાવવાં, ઉત્તમ વસ્ત્ર પહેરવાં. કલેશ, શોક,
રાગ, સર્વનું નિવારણ કરવું. કુંકુમે કરી ચાંદ આંગણાના બારણા
રૂ. શ્રી ભગવાનની આગળ ચોક રચીને સાથિયા દીધા, એવો મહો-
ત્સવ કરવો. ચંદન કલશની સ્થાપના કરવી, શ્રી જિનના દેરાસરે

રથ યાત્રા પ્રમુખના મહોત્સવાદિક કરવા. ઈત્યાદિક કરણી શ્રાવકે કરવી. વળી સાધુની કરણી કહે છે—સંવત્સરી પડિક્કમણ (પ્રતિક્રમણ) કરવું, માંહોમાંહે સહુને ખમાવવું, કલ્પસૂત્ર વાંચવું, મસ્તકે લોચ કરવો અને અઠ્ઠમ તપ કરવું, એ પાંચ કરણી કરવી. વળી મુનિજનોએ વિગય ત્યાગાદિ તપ કરવું અને જ્ઞાનનુ આરાધન પ્રમુખ પણ કરવું. હવે પૂર્વે જે અગીયાર દ્વાર કહ્યાં છે, તે વિસ્તારે કહે છે. ત્યાં પ્રથમ દ્વારે ચૈત્યપરિપાટી વંદન વિધિ કહે છે.—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ભલા ચતુર્વિધ શ્રી સંઘયુક્ત ગીત વાજિત્રના નાદ તથા દેવદુંદુભિના જે શબ્દ, તેણે કરી સહિત તથા ધ્વજાયે અને ધૂપે મઘમઘાયમાન કરી શ્રી વીતરાગની ચૈત્ય પરિવાડી કરવી અને ચોત સર્વ ચૈત્યે શ્રી વીતરાગની પ્રતિમાને જૂહારે ત્યાર પછી પૌષધશાલાયે આવીને મુનિમહારાજને વંદન કરવું. પછી જિનશાસનની પ્રભાવના કરવી. એ કરણી સમકિત દૃષ્ટિ જીવને સાચવવી. એ પર્યુષણ પર્વને દિવસે જે વિધિવાદે કરી શ્રી વીતરાગની ચૈત્યપરિપાટી કરે, તે દેવલોકમાં ઇંદ્રપણાનાં સુખ તથા મનુષ્ય લોકે શ્રેષ્ઠ પદવીને પામે, એ ફળ જાણવું. એમ પ્રથમ દ્વાર કહ્યું ॥ ૧ ॥ હવે સાધુ ભક્તિના વિધિનું બીજું દ્વાર કહે છે. એક મસ્તક, બે હાથ અને બે ઢીંચણ, એ પાંચ અંગ પૃથ્વી તલને સમ્યક્ પ્રકારે ફરસાય એવા પંચાંગ પ્રણિપાતે કરીને વડેરા ગુરુ અથવા સાધુ અથવા અન્ય કોઇ મુનિજનો હોય, તેમને ગુરુની તેત્રીશ આશાતના ટાલી નમસ્કાર કરવો. પછી અન્ન, પાણી, ઉપાશ્રય, પથ્ય પ્રમુખ તથા વસ્ત્ર પાત્રાદિકનું દાન સાધુને આપવું. ઇત્યાદિક અનેક પ્રકારે કરીને અવષ્ટંભ (આશ્રય-ટેકો) આપવો. એવી રીતે સાધુની ભક્તિ શ્રી પર્યુષણ પર્વને વિષે કરવી. તથા સાધુની વસ્ત્ર, પાત્ર, ઔષધ, પુસ્તક, શય્યા, સંથારા પ્રમુખ; અન્ન, પાણી, સુખડી પ્રમુખ ખાદિમ તથા મુખવાસ પ્રમુખ સ્વાદિમ, એ ચાર પ્રકારના આહાર દાને કરી ભક્તિ કરવી, તથા સ્તુતિ કરવી, સેવન કરવું, વેયાવચ્ચ કરવું, એવી

ભક્તિ કરવી. એ રીતે પર્યુષણ પર્વના દિવસોને વિષે જે પ્રાણી સાધુની સેવા, વંદન ભક્તિ, પર્યુપાસના કરે, તે વૈમાનિક દેવપણું પામે એ બીજું દ્વાર કહ્યું ॥ ૨ ॥ હવે કલ્પસૂત્ર સાંભળવાના વિધિનું ત્રીજું દ્વાર કહે છે.—પ્રથમ કલ્પસૂત્ર સાંભળવાનો વિધિ કહેનારા એવા જે ગુરુ ધર્મના જાણ, પોતે ધર્મના કરનાર, સર્વકાલે ધર્મને વિષે બીજાને પ્રવર્તાવનારા અને કલ્પસૂત્રના અર્થ કહેનારા એવા ગુણ સંયુક્ત જે ગુરૂ હોય, તે શુદ્ધોપદેશના દેનારા કહેવાય; એવા કલ્પોપદેશક ગુરૂ આગળ વિનયે કરી પ્રણામ કરીને ભલી બુદ્ધિયે કરી ગુરૂની સન્મુખ દ્રષ્ટિ સ્થાપી, એકાગ્રચિત્ત રાખીને ભાવભેદ સમજવામાં વિચક્ષણ થયા થકાં કલ્પસૂત્ર સાંભળવું. વળી કલ્પસૂત્રના પુસ્તક આગળ વિધિ સહિત મહોટે મહોત્સવે કરી રાત્રિયે જાગરણ કરવું. પ્રભાતે મહોટે મહોત્સવે કરી ગુરૂને હાથે કલ્પસૂત્ર આપીને ભાવે કરી સાંભળવું. એવી રીતે પર્યુષણ પર્વને વિષે મહામાંગલિકને નિમિત્તે પાંચ દિવસ પર્યંત સાધુ, કલ્પસૂત્ર વાંચે, અને શ્રાવક સાંભળે. હવે એ કલ્પસૂત્રનું માહાત્મ્ય કહે છે.—જેમ શ્રી અરિહંતની સમાન કોઇ ઉત્કૃષ્ટ દેવ નથી, મુક્તિ થકી બીજું કોઇ ઉત્કૃષ્ટ પરમ પદ નથી, શ્રી શત્રુંજય થકી બીજું કોઈ ઉત્તમ તીર્થ નથી, તેમ કલ્પસૂત્ર થકી બીજું કોઇ ઉત્કૃષ્ટ સૂત્ર નથી. સર્વ પુણ્યમાં ઉત્તમ પુણ્ય, સર્વ ગુણમાં ઉત્તમ ગુણ, સર્વ ધ્યાવવાયોગ્ય ધ્યેયપદાર્થોમાં ઉત્તમ ધ્યેય એવું એ શ્રી કલ્પસૂત્ર શ્રી વીતરાગદેવે સ્વમુખે કહ્યું છે, માટે આદર તથા તપે કરી કલ્પસૂત્ર સાંભળવું. એ કલ્પસૂત્ર કલ્પવૃક્ષની પેરે સાંભળનારનાં મનોવાંછિત પૂર્ણ કરે એવું છે. વળી જે કલ્પસૂત્ર છે તે શ્રુત રત્નાકર જેવું છે, ભવ્યજનોને દીપાવનારૂં છે, માટે જે વિધિયે કરી પર્યુષણ કલ્પને સાંભળે, તેના અનાદિકાળના ઇચ્છિત મો-[illegible]

ભાવસહિત ઉત્તમ ભોજન જમાડી અને તાંબુલ પ્રમુખ આપી વસ્ત્રાભરણની પહેરામણી કરવી. હવે તે શ્રીસંઘના વાત્સલ્યનું અને પ્રભાવનાનું ફળ શું થાય ? તેનો મહિમા કહે છે-જેના ઘરનાં આંગણાને, ગુણયુક્ત એવો જે શ્રીસંઘ તે પોતાને પગે કરી ફરસે છે, તે પ્રાણીના આંગણાને વિષે કલ્પવૃક્ષ નિરંતર ફળે છે, તથા તે પ્રાણીને હાથ વિષે ચિંતામણી રત્ન રહેલું છે તથા શ્લાઘ્ય ગુણ યુક્ત અને પાપ રહિત એવી જે કામદુધા ધેનુ તે તેના ઘર વિષે અવતરેલી છે વળી ત્રણલોકના અધિપતિપણાના સાધનને સહાય કરનાર એવી લક્ષ્મી જે છે, તે તેના મુખની સાહામું જુવે છે. અર્થાત લક્ષ્મી પણ એમ ઇચ્છે છે જે એ પ્રાણી મને ક્યારે અંગીકાર કરે. માટે સર્વોત્તમ એવો જે શ્રીસંઘ, તેનું સેવન કરવું. વળી સર્વ પદાર્થમાં શ્રીસંઘ જે છે તે ઉત્તમ પદાર્થ છે. માટે જે તત્ત્વના કહેનારા શ્રીઅરિહંત દેવ તે પણ શ્રીસંઘને ઉત્તમ કહે છે. તત્ત્વાર્થના પ્રરૂપક પંડિતજન તે પણ શ્રીસંઘના દર્શનપ્રત્યે વાંછે છે. એટલે શ્રીઅરિહંતના દર્શનનું ફળ અને શ્રીસંઘના દર્શનનું ફળ તે સરખુંજ જાણવું એમ શ્રીતીર્થંકરે પોતે પ્રવચનમાંહે ભાખ્યું છે. જેમ રત્નોના સ્થાનોમાં રોહણાચલ ઉત્તમ છે તેમ સર્વ ગુણનું ઉત્તમસ્થાન તે શ્રી સંઘ છે. વળી શ્રીમંત એવો શ્રમણસંઘ જે છે, તે પૃથ્વીને વિષે ઉત્કૃષ્ટો આધારભુત છે. જે શ્રીઅરિહંત પણ પોતે કેવલજ્ઞાને કરી સહિત છે, તોપણ ઉંચસ્વરે કરીને ' નમો તિથ્થસ્સ ' એમ કહી તે સર્વ શ્રીસંઘને ભાવ ભક્તિ પૂર્વક સ્તવે છે. માટે જે શ્રીસંઘ વિશ્વમાંહે છે, તેને નમસ્કાર હો. વળી એક તરફ સર્વ તપ જપાદિક સંબંધિ કરણીનું ફળ અને બીજી તરફ શ્રીસંઘની વાત્સલ્યતા કરવી, તેનું ફળ, એ બે માંહે શ્રીસંઘના વાત્સલ્યનું ફળ મહોટું છે. જોકે સમસ્ત તીર્થ ફરસ્યાનું ફળ અધિક છે, તોપણ જેણે કરી આત્મા સર્વ પ્રકારે શુદ્ધ થાય છે, એવો જે શ્રીસંઘ તેનું બહુમાન તથા ગારવ જે કરે છે, આદરે છે, તે પ્રાણીનું સમકિત નિર્મળ થયું કહે-

થાય. તેને આર્હંત્યપદ પ્રાપ્ત થાય છે, જે માટે ત્રીજા શ્રીસંભવ જિન તીર્થંકર તેના પ્રગટ ચરિત્રને વિષે કહ્યું છે કે-શ્રી સંભવજિને પાછલા ત્રીજે ભવે પર્યુષણના દિવસોમાં શ્રીજિનવચને કરી દઢભક્તિ રાગે શ્રીસંઘનું વાત્સલ્ય કર્યું હતું તેથી તેઓશ્રી તીર્થંકરની લક્ષ્મી પામ્યા એટલે શ્રીસંભવજિન તીર્થનાથ થયા. હવે તેની કથા કહે છે. શ્રીસંભવજિનેશ્વર પાછલા ત્રીજા ભવને વિષે ધાતકીખંડે ઐરવત ક્ષેત્રે ક્ષેમાપુરી નગરીયે વિમલવાહન નામે રાજા હતા. તિહાં એક વર્ષ મોહોટું દુર્ભિક્ષ થયું. તે વર્ષમાં પર્યુષણ પર્વ આવે થકે સઘળા સાધર્મિક શ્રાવકોને તેણે ભક્તિએ કરી ભોજનાદિકનું દાન દીધું તેથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. વળી શ્રી સંભવચરિત્રમાં કહ્યું છે. કે ઇંગાલાદિક દોષ રહિત કલ્પનીય શુદ્ધમાન જે આહાર, તેનું દાન અનેક મહા મુનિઓને આપે છે એવો શ્રીવિમલવાહન નામે રાજા મોહોટા નિર્મલ મનનો હતો છે. એકદા સર્વદેશમાં દુર્ભિક્ષ પડ્યું તે વારે રાજા પોતે સર્વસંઘને અર્થે યથાવિધિ ભોજનાદિક કરાવીને જમાડતો હતો. એમ સર્વ સંઘનું વૈયાવચ્ચ કર્યું, તેણે કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું, પછી શ્રી સ્વયંપ્રભ નામા આચાર્ય પાસે વિમલવાહન રાજાયે દીક્ષા લીધી. તે રાજ્ય લક્ષ્મીની પેરે દીક્ષા પાળે છે. વળી જે અંતરંગ શત્રુઓ છે તેના જયને અર્થે તે રાજર્ષિ સંયમરૂપ રથમાં બેસીને વિવેકસહિત સંયમપર્યાય પાલતા થકા વિચરે છે. ઉપસર્ગ સહન કરવાથી ઉદ્વેગ પામતા નથી, અરિહંત ભગવાને એકાંત ભાવ છે જેહનું એવા તે રાજર્ષિ જેમ પાલખીનો વાહનારો ધોરી પૂરો કરે, તેમ આયુષ્ય પૂર્ણ કરી છેવટે વિધિ સહિત અનશન કરી મરણ પામી, નવમા આનત નામા દેવલોકે ગયા. દીક્ષા જે છે, તે મોક્ષફલની દેનારી છે ને જો સિદ્ધિ પામી હોય, તો પણ સુખને આપે છે. પછી તિહાંથી ચવીને જંબૂદ્વીપના ભરતખંડમાં શ્રાવસ્તી નગરીયે ઈક્ષ્વાકુવંશમાં જન્મ ... ગર્ભમાં આવ્યા સમયે ... જન્મવાથી તેમનું ... નામ

તથા દેશને વિષે, નગરને વિષે, પુરને વિષે, નવ નારૂ અને નવ કારૂ મળી અઢારે વર્ણને વિષે આરંભ નિવર્તાવવો, અભયદાનનો પડહ વગડાવવો, જે સાવદ્ય આરંભના કરનાર હોય, તેને તે સાવદ્યથી નિવારવા. એમ જે અમારિ (અહિંસા) પલાવે, તેનું આયુ દીર્ઘતર થાય, શરીર પ્રધાન તથા શોભાયમાન થાય, ઉચ્ચ ગોત્રનો બંધ કરે, લક્ષ્મી સંપદા ઘણી વધે, બળ પરાક્રમ વધે, સર્વમાં સ્વામીપણું તથા મહોટાઈ પામે, નિરંતર આરોગ્યતા રહે, ત્રણ ભુવનમાં જિહાં જાય તિહાં પૂજા પામે, મનોવાંછિત પામે, તથા તેને સંસારરૂપ સમુદ્રનો પાર ઉતરવો સુલભ થાય, એવાં ફળ પામે, એટલે સર્વ પ્રાણી માત્ર સુખને વિષે રક્ત રહે છે અને દુઃખમાં ઉદ્વેગ પામે છે; એમ સમજી સુખના અર્થી પ્રાણી છે તેને જે સુખ આપે, તે સુખનો દેનારો જીવ, નિશ્ચે પોતે પણ સુખ પામે. માટે પર્યુષણપર્વ આવે થકે અમારિની ઉદઘોષણા કરે, તે દયાળુભવ્યજીવ ત્રીજે ભવે મુક્તિરૂપિણી સ્ત્રીને વરે ॥ ઇતિસપ્તમદ્વાર ॥ ૭ ॥ હવે પર્યુષણમાં અઠ્ઠમ તપ કરવાનું આઠમું દ્વાર કહે છે—પર્યુષણપર્વમાં અઠ્ઠમ તપ કરનારો પુરૂષ ત્રણ રત્નની શોભાને પામે, અથવા માયાદિ ત્રણ શલ્યનું ઉન્મૂલન કરે. અથવા મન, વચન અને કાયાના પાપને ધોઈ નાખવાનું કરે તેથી તેના સર્વે જન્મ અથવા ત્રણ ભવ પવિત્ર થાય, અથવા તે પુરૂષ ત્રણ વિશ્વની ઉપર જે મોક્ષપદ, તેને પામે છે. માટે જે શ્રાવક, કળિયુગમાંહે પર્યુષણપર્વ આવે થકે ત્રણ ઉપવાસ કરે, તેને ધન્ય છે. જે મુનિ છમાસી અથવા વરસી પ્રમુખ મહાતીવ્રતપને કોડી વર્ષ પર્યંત કરે, તે મુનિ, તેણે કરીને ઘણા કાલનાં સંચેલાં પાપોની નિર્જરા કરે, તેમ શ્રી પર્યુષણમાં અઠ્ઠમ તપ કરવાથી એટલાં પાપોનો ક્ષય થાય. તેની ઉપર નાગકેતુની કથા. કલ્પસૂત્રની વાંચનાથકી જાણવી. એ આઠમું દ્વાર કહ્યું ॥ ૮ ॥ હવે પર્યુષણ આવે થકે જ્ઞાનની પૂજા કરવાના વિધિનું નવમું દ્વાર કહે છે. પર્યુષણમાં પુસ્તકની આગળ કસ્તૂરી કર્પૂરાદિ ચંદન, અગર તેના ધૂપ કરવા, ઘૃતનો દીપક કરવો,

કારણ કે પુસ્તકમાં વિવિધ પ્રકારના (મંત્ર મય) અક્ષર છે. વળી શ્રીકલ્પસૂત્રને આગમમાંથી આચાર્યે ઉદ્ધાર કરેલો છે, તેની પૂજા શુભમનુષ્યે કરવાથી બહુ પુણ્ય બંધાય. એને પણ કલ્યાણસાધન કહીયે. ઉપર કહ્યા પ્રમાણે જે શ્રીકલ્પસૂત્રના પુસ્તકની પૂજા કરી હોય, તો તેથી સંસારજન્ય તત્ત્વ—જડતા નાશ પામે છે, તથા ક્રમે કરી ભવ્ય જીવને કેવળજ્ઞાન ઉપજે છે ॥ ઇતિ નવમદ્વાર ॥ ૯ ॥ હવે સાંવત્સરી પ્રતિક્રમણના વિધિનું દશમું દ્વાર કહે છે—પર્યુષણપર્વમાં જે પ્રમાણે આવશ્યકવિધિ કહ્યો છે. તે પ્રમાણે મન, વચન, કાયાની શુદ્ધિને અર્થે ગુરૂના માંડલામાંહે પ્રતિક્રમણ કરવું. જે વરસ દિવસે સાંવત્સરીનું પ્રતિક્રમણ કરવું, તે રાગ દ્વેષ વર્જીને કરવું. બીજું પણ દિવસની વિશુદ્ધિને અર્થે પહેલું (પાછલી) પડિક્કમણું કરવું, તે વિસ્તારે કરવું. એ બે પ્રકારે શ્રાવક, પોતાને અર્થે પડિક્કમણું કરે. એ પડિક્કમણું જે છે, તે પંચવિધ આચારની વિશુદ્ધિનું હેતુ છે. સાધુ તથા શ્રાવકે પણ ગુરૂની સાથે પ્રતિક્રમણ કરવું. અને ગુરૂના વિરહે એકલાએ પણ પડિક્કમણું કરવું, તેનું ફળ કહે છે:—જે સાધુ સાંવત્સરીને દિવસે જેવા અનુક્રમે કહ્યું છે, તેમ શુદ્ધક્રિયાએ કરીને પડિક્કમણું કરે, તે સાધુ તત્કાલ પોતાના કર્મની ગાંઠને છેદી અનુક્રમે કેવળજ્ઞાન પામીને મુક્તિ પદ પામે.— આકાશગમનની લક્ષ્મીનો વિલાસ પામે ॥ ઇતિ દશમું દ્વાર ॥ ૧૦ ॥ હવે સાંવત્સરીમાં ક્ષામણાં કરવા સંબંધિ વિધિનું અગીયારમું દ્વાર કહે છે:—જે પૂર્વે પાપોપાર્જન કર્યાં હોય એટલે સર્પની ગરલની પેરે ક્લેશાદિકે કરીને જે જે પાપ બાંધ્યાં હોય, તે પર્યુષણપર્વ આવ્યે છતે સૂક્ષ્મ અને બાદર (નાના મોટા) સર્વ જીવોની સાથે ખામણાંથકી નાશ પામે છે. જે માટે પર્યુષણથી અધિક કોઈ પર્વ નથી. તે માટે મનમાંહે કડવાશ રાખવો, તે યુક્ત નથી. કલહ જે છે, તે જીવને વૈરનો હેતુ છે. જે માટે દેશ ઉણી પૂર્વકોટી પર્યંત ચારિત્ર પાળનારો પણ એક મુહૂર્તમાત્ર કષાયને કરવે કરીને તેના ફળને હારી જાય છે. માટે કોઈની

સાથે કલહ ન રાખતાં સર્વ જીવોની સાથે ખામણાં કરવાં. હવે મૈત્રીભાવ રાખવાનું ફળ કહે છે:—જે પ્રાણી, પૂર્વલા વૈરભાવને મૈત્રીભાવે કરીને પર્યુષણમાં સર્વજીવોની સાથે ખમાવે, તે પ્રાણી દોષ રહિત થઈ મોક્ષનાં સુખને પામે. ઇતિ એકાદશ દ્વારં ॥ ૧૧ ॥ હવે પર્યુષણમાં દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, તથા સાધારણદ્રવ્યની વૃદ્ધિ કરવાથી જે ફળ થાય, તે કહે છે:—શ્રીજિનશાસનની વૃદ્ધિનો કરનાર જે પ્રભાવક હોય, તે જ્ઞાન તથા દર્શનના ગુણની તથા દ્રવ્યની વૃદ્ધિ કરે. તેથી તે પ્રાણી તીર્થંકર પદવીની ઉપાર્જના કરે. અને વળી જે પ્રાણી દેવદ્રવ્યની ઉપેક્ષા એટલે ઉવેખવું કરે, તથા ભક્ષણ કરે તથા કોઇ આપતો હોય તેને ન આપવા પ્રેરણા કરે, રૂંધન કરે, તે પ્રાણી બુદ્ધિહીન થાય. વળી ઘણાંક પાપ કર્મે કરી લીંપાય, પરભવે ધર્મ ન પામે, અથવા નરકનું આયુ બાંધે. વળી જે પુરૂષ, દેવદ્રવ્યે કરી ધનની વૃદ્ધિ પામે, તે ધન, નિશ્ચે કુળનો નાશ કરે અને તે પુરૂષ મરીને નરક ગતિમાં જાય, માટે શ્રાવકજનને વ્યાપાર કરતાં ઘણાં દેવદ્રવ્યાદિકની યત્ના કરવી. ઇત્યાદિ વિધિ પ્રથમ સંક્ષેપે કહ્યો હતો તે ફરી વિસ્તારે પણ કહ્યો. વળી બીજો પણ વિધિ જે સંપ્રદાય થકી ચાલતો આવેલો હોય, તે સર્વ કરવો ॥ એવી રીતે પર્યુષણપર્વની કરણીનું ફળ પ્રભુના મુખથી સાંભળીને વળી શ્રેણિક રાજા પૂછવા લાગ્યા, કે હે ભગવાન ! હે શ્રમણના ઇંદ્ર ! એ સર્વથી મહોટા વાર્ષિક પર્યુષણપર્વનો મહિમા કેહવો વર્ત્તે છે ? તેવારે ભગવાન કહે છે, કે હે પૃથ્વીનાથ ! પર્યુષણપર્વનો મહિમા કહેવાને હું પણ અસમર્થ છું. જેમ કોઈ મેઘની ધારાની સંખ્યા કરી શકે નહિ, વળી આકાશમાંહેલા તારાની સંખ્યા કોઈ કરી શકે નહિ. તથા ગંગા નદીના કાંઠાની રેતીના કણીયાની સંખ્યા કોઈ કરી શકે નહિ, જેમ સમુદ્રમાંહેલા પાણીનાં બિંદુની સંખ્યા કોઇ કરી શકે નહી, તથા આકાશના જોજનની સંખ્યા કોઈ કરી શકે નહી, તેમ વળી ગુરૂના ઉપદેશની સંખ્યા કરી શકે નહિ, તેમ છતાં કદાચિત કોઈ ધીર

પુરૂષ પૃથ્વીના સર્વ પદાર્થોની સંખ્યા કરી શકે, પરંતુ આ પર્યુષ- ણપર્વના માહાત્મ્યની સંખ્યા કોઈથી કહેવાય નહીં. તે માટે સર્વ પર્વમાંહે અધિક મોહોટું એ પર્વ છે. જેમ પુરૂષ માંહે જિનપ્રભુ મોહોટા છે, વ્રતમાંહે જેમ બ્રહ્મચર્યવ્રત મોહોટું છે, નિયમમાંહે જેમ સંતોષ મોહોટો છે, તપને વિષે જેમ સમતા રાખવી, તે મોહોટી છે, ને તત્ત્વમાંહે જેમ સમકિત મોહોટું છે, તેમ સર્વ પર્વમાંહે ઉત્કૃષ્ટ પર્યુષણપર્વ મોહોટું છે. એમ સર્વજ્ઞે કહ્યું છે. વળી મંત્રમાંહે જેમ પરમેષ્ઠી મંત્ર મોહોટો છે, મહિમાવંત તીર્થમાંહે જેમ શત્રુંજય મોહોટો છે, દાનમાંહે જેમ અભયદાન મોહોટું છે તથા રત્નમાંહે જેમ ચિંતામણિ રત્ન શ્રેષ્ઠ છે, રાજામાંહે જેમ ચક્રવર્તી શ્રેષ્ઠ છે, પ્રાણીમાં જેમ તીર્થંકર શ્રેષ્ઠ છે, સમ્યક્ત્વ દર્શન માંહે જેમ ક્ષાયિક સમ્યક્ત્વ શ્રેષ્ઠ છે, ધર્મને વિષે જેમ વીતરાગનો ભાખેલ શ્રીજિનધર્મ શ્રેષ્ઠ છે. ચારિત્રને વિષે જેમ યથાખ્યાત ચા- રિત્ર શ્રેષ્ઠ છે. જ્ઞાનમાંહે જેમ કેવળજ્ઞાન શ્રેષ્ઠ છે, ધ્યાનમાંહે જેમ શુક્લધ્યાન શ્રેષ્ઠ છે, વિમાનમાંહે જેમ અનુત્તર શ્રેષ્ઠ છે, શંખમાંહે જેમ દક્ષિણાવર્તશંખ ઉત્તમ છે. જ્યોતિષમંડળમાંહે જેમ સૂર્ય શ્રેષ્ઠ છે, અંગને વિષે જેમ તિલક શ્રેષ્ઠ છે. આભૂષણમાંહે જેમ મુકુ- ટ. દેવમાંહે ઇંદ્ર. ફૂલમાંહે કમળ. પંખીમાંહે ગરૂડ, પર્વતમાંહે જેમ સુદર્શન નામા મેરૂ શ્રેષ્ઠ છે, સમુદ્રમાંહે સ્વયંભૂરમણ સમુદ્ર, નદીમાંહે ગંગા, સરોવરમાંહે માનસરોવર, દ્વીપને વિષે જંબૂદ્વીપ, ક્ષેત્રમાંહે ભરતક્ષેત્ર, સર્વ દેશમાંહે સોરઠદેશ, તિથિમાંહે અક્ષયતૃતીયા, દિવસ- માંહે દીવાળીનો દિવસ. અને માસમાંહે જેમ ભાદરવો માસ શ્રેષ્ઠ છે, તેમ સર્વ પર્વમાંહે પર્યુષણપર્વ શ્રેષ્ઠ છે. માટે હે ભવ્યજીવો ! એ પર્વ આવે થકે રૂડી રીતે આરાધવું. જેમ સર્પનો નાશ મોર. મૃગનો નાશ કેસરી. પંકનો નાશ કમલ. દીવે અંધકારનો નાશ ચંદ્રમા. અજ્ઞાન નો નાશ જ્ઞાન. રોગનો નાશ ઔષધ છે. તેમ સર્વ પર્વનું આરાધન પા- પનાશ કરે છે. માટે એ પર્વ આવે થકે નિત્ય આવી તે ઉપરાંત

ક્રોધના આવેશમાં આવી હાથમાં ખડ્ગ ગ્રહણ કરીને કુમાર પ્રત્યે હણવાને અર્થે દોડતો હવો. તે વ્યંતરી દેવી પણ તેવાજ કુમારના રૂપે કરી તિહાંથી નાશી ગઇ. રાજાએ પણ તે વ્યંતરી દેવીયે જે છલભેદ કર્યો, તેને ન જાણતો થકો કુમારની ઉપર ક્રોધ કરીને મંત્રીશ્વરને તેડાવી કુમારનું વૃત્તાંત સર્વ કહી સંભળાવ્યું અને તેને હણવાને આદેશ દીધો. તેવારે મંત્રીશ્વરે રાજાને ઘણે પ્રકારે કહ્યું. તે છતાં પણ રાજાનો કોપ શમ્યો નહી, તેવારે મંત્રીશ્વર પોતાના સ્વામીની આજ્ઞા અંગીકાર કરીને ઉઠયો. એવા અવસરમાં કુમાર પણ પ્રભાત થયે થકે સ્મશાનથી વળો ચાલ્યો આવે છે, પણ દેવીયે કરેલો કપટ પ્રત્યે ન જાણતો તે કુમર ચિત્તમાં હર્ષ આનંદ ધરતો થકો પોતાને ઘેર આવતો હતો. વચમાં તેને મંત્રીશ્વર મલ્યો, તે એવું કહેવા લાગ્યો કે તમને રાજાયે અત્યંત આકરી હણવાની આજ્ઞા દીધી છે. પણ તે શા કારણે દીધી છે, તે હું જાણતો નથી. એવાં મંત્રીનાં વચન સાંભળીને કુમર બોલ્યો, કે હે મંત્રીશ્વર ! રાજાની આજ્ઞા જો એવી છે, તો તું મહારો વધ ઉતાવળથી કર. તે સાંભળી મંત્રીશ્વર બોલ્યો. કે હે કુમર ! એ સર્વ દુર્જન વિલસિત જણાય છે. તે માટે હાલ પ્રછન્નરીતિયે તમે દેશાંતરે જાવો. તેવારે કુમર પણ મંત્રીશ્વરની આજ્ઞાયે કરી કાષ્ટના મયુર ઉપર આરુઢ થઇને આકાશ પંથને વિષે ચાલતો હવો. એવામાં કોઇક વનને વિષે જે વિદ્યાને વિષે સિદ્ધ છે, તેને સિદ્ધ પુરૂષ કહીયે. તેવો સિદ્ધપુરૂષ સુવર્ણસિદ્ધિ કરે છે, તેને દીઠો. તેવારે આકાશથકી ઉતરીને કુમરે સિદ્ધપુરૂષને નમસ્કાર કરી પૂછયું, જે તમે રસસિદ્ધિ કરો છો ? તેવારે સિદ્ધપુરૂષ બોલ્યો કે હે સત્પુરૂષ ! મહારી પાસે ગુરૂદત્ત રસસિદ્ધિ વિદ્યમાન છે. પણ ગુરૂયે દીધો જે આમ્નાય તે આમ્નાયે કરી રસસિદ્ધિ કરવાને ઇચ્છું છું, તોપણ થાતી નથી. તેવારે કુમરે કહ્યું કે હે સિદ્ધપુરૂષ ! તમે મહારી દ્રષ્ટિયે રસસિદ્ધિ કરો, તે સાંભળી સિદ્ધપુરૂષે તેમજ કર્યું. એટલે તરત કુમરની દૃષ્ટિના પ્રભાવથકી રસસિદ્ધિ થઇ. તે

હોઇ તે સિદ્ધપુરૂષ તુષ્ટ પામતો હવો. તેણે કુમર પ્રત્યે સુવર્ણ દેવાને
અર્થે આગ્રહ કર્યો. કુમરે કહ્યું, કે હે પુરૂષ! મહારે સુવર્ણનું પ્રયોજન
નથી. કુમર જેવારે સુવર્ણ પ્રત્યે નથી ઇચ્છતો, તેવારે અતિ ઘણો
આગ્રહ કરીને તે સિદ્ધપુરૂષ બે વિદ્યા દેતો હવો. તેમાં એક વિદ્યા
થકી જળનો નિસ્તાર પામીયે, અને બીજી વિદ્યાથકી કોઇપણ શસ્ત્ર
અંગે લાગે નહી. એવી બે વિદ્યાનું ગ્રહણ કરીને કુમારે આકાશ-
માર્ગે ચાલ્યો. આગળ ચાલતાં ચાલતાં કુમાર (ઉંચા) ગઢ કાંગરે
સહિત ધવલ પ્રાસાદ મંદિર, તેણે કરી શોભતું એવું એક શૂન્ય
નગર દેખતો હવો. તિહાં કૌતુક એવો થકો આકાશથકી ઉતરીને
કુમરે તે નગરમાં પ્રવેશ કર્યો. તિહાં પુર શોભાથી સર્વ ઋદ્ધિ દેખીને
આગળ રાજભવનને વિષે સાતભૂમિના આવાસમાં પ્રવેશ કર્યો.
તિહાં દેવાંગના જેવી, રૂપ ગુણે સહિત, એવી ચાર કન્યાઓને દેખી
ને આશ્ચર્યસહિત તે ચારે કન્યા પ્રત્યે પૂછતો હવો, કે હે ભદ્રાઓ!
કેમ તમે શૂન્ય નગરમાં રહો છો? આ કોનું નગર છે? એમ
પૂછવાથી કન્યાઓ બોલી, કે હે બુદ્ધિમાન! આ આનંદપુર નામે પા-
ટણ છે, તેનો નરસિંહ નામે રાજા છે, તેના એક દેવદત્ત, બીજો દા-
નદત્ત એવા બે પુત્ર છે અને એક રૂપસુંદરી, બીજી સુરસુંદરી,
ત્રીજી રત્નસુંદરી, ચોથી રત્નવતી એવે નામે ચાર પુત્રીઓ છે. એમ
બે પુત્ર અને ચાર પુત્રીના સહિત કરી રાજા સુખે રાજ્ય પાળે છે. એકદા
રાજા રયવાડીયે ગયા, તિહાં ઉપવનને વિષે રાજાયે એક તાપસને
દીઠો. તેને ભોજન કરાવવાને અર્થે ઘેર તેડ્યો, તે ગૃહ આવીને ભો-
જન કરવા બેઠો છે. તિહાં તે ચારે કુમરીયો પણ તે તાપસને જોવાને
અર્થે આવી. તે કન્યાઓનું રૂપ દેખીને તાપસ, કામે કરી વ્યાકુલ
થયો. તેના અંગના આકારને અનુસારે રાજાયે કામાદિક તાપસને
જાણીને સેવકોને કહી પુત્રીઓ બાહિર કહાડી. તોપણ તે તાપસ,
કામને કરીને અતિરેકને વિષે માઠિયે આવ્યો. તેને દેખી રાજાયે
ઉપચારે કરી ભક્તે ઘર તાપસને કહ્યો. તે તાપસ તપને પ્રસાદે

કરી પોતાના માઠા કર્મની નિંદાને કરવે કરી, સ્મશાનને વિષે વાસ થયો. તે વિભંગજ્ઞાને કરી પૂર્વનું વૈર સંભારીને ઇહાં આવી ઘણા પ્રકારના ઉત્પાત કરી નગરના જનપ્રત્યે વ્યાકુલ કરી અને રાજાને હણીને પોતે રાજભવનને વિષે રહ્યો છે. એનાથી ઉપદ્રવ પામેલાં નગરનાં લોક તે પોતાનાં ઘરોને ઋદ્ધિ સહિત પડતાં મૂકીને બીજા નગરને વિષે નાશી ગયાં છે, માત્ર અમે ચાર બહેનોને મોહ વશ થઇ પૂર્વલા અભ્યાસ થકી આ અંતઃપુરને વિષે રાક્ષસે રાખેલી છે. તે અમે ચારે કન્યાઓ છીયે. એ અમારૂં તથા નગરનું સ્વરૂપ જે હતું, તે તમારી પાસે કહ્યું; પરંતુ હે કુમર ! તે રાક્ષસ હમણાં આહાર ભક્ષને અર્થે ગયેલો છે, તેને આવવાની વેળા થઇ છે. તો પણ હે સત્પુરૂષ ! અમે ચારે અબળા કન્યાઓને તમારૂં શરણ છે અથવા અમારા આ ભવને વિષે સ્વામી પણ તમેજ છો, બીજો કોઇ નથી; પણ હમણાં નગર અધિષ્ઠિત રાક્ષસના ભયથી કેવી રીતે તમને ઈહાં રાખી શકીયે ? તથાપિ અમે રાક્ષસના ભયે કરી તમને પ્રછન્ન (છાનાં ગુપ્ત) રક્ષાને અર્થે રાખવા સમર્થ છીયે. તે પણ જો તે રાક્ષસને વશ કરવાની કળામાં તમે જો સમર્થ હો, તો તમને છાના રાખીયે. કુમરે કહ્યું, કે હે કન્યાઓ ! રાક્ષસનો ભય મહારે આગળ રહેવા પામેજ નહિ. કેમકે મહારી પાસે સિદ્ધવિદ્યા છે, તેના મહિમાથી હું નિર્ભય છું, તો પણ પ્રછન્ન ઘરને વિષે હું રહીશ અને જેવારે રાક્ષસ ઈહાં આવે, તેવારે તમે સ્નાન મજ્જનના જે ઉદ્યમ, પ્રપંચ, તેણે કરી તેનાં લોચનને ખેલે કરી તથા સ્નેહે કરી લિપ્ત કરજો, તેવારે હું રાક્ષસનો જય (પરાભવ) કરીશ. તેમણે તેમ કબુલ કરી પ્રછન્નપણે ઓરડાને વિષે કુમરને રાખ્યો, એવામાં રાક્ષસ આવ્યો. તેવારે હસતાં એ મુખ જેનાં એવી ચારે કન્યાઓ પોતાનું ચરિત્ર દેખાડતી સ્નાન અર્થે રાક્ષસને બેસાડતી હવી. પછી ખેલે કરીને તેનાં નેત્ર ભર્યાં. તિહાં પ્રથમના સંકેતથી તેજ સમયને વિષે અવસર પામી કુમર પણ પાછલથી આવી મયુરબંધે કરી રાક્ષસને

બાંધી તેની પૂંઠ ઉપર ચઢી બેઠો. તેવારે રાક્ષસ બોલ્યો કે, હે ધીર પુરૂષ! મૂક મૂક, તાહારૂં સાહસ, ધૈર્ય જોઇને હું સંતુષ્ટ થયો છું. માટે તું જે વર માગ તે હું આપું! તેવારે કુમાર બોલ્યો કે, જો તું આ નગર મૂકીને વનને વિષે રહે, તો તને હાલ મૂકી દઉં, નહિંતો હું મૂકીશ નહિ. પછી રાક્ષસ પણ કુમરનું વચન અંગીકાર કરીને વનને વિષે નાશી ગયો. કુમરે પણ ચાર કન્યાનું પાણિગ્રહણ કરી દેવરથ અને દાનવ એ બે પોતાના સાળાને શ્રીપુરનગરથકી તેડાવીને તે રાજ્યને વિષે સ્થાપ્યા. તથા નગરના લોકોને તેડાવીને પ્રથમની પેઠે નગરમાં વસાવ્યાં. સસરાના કુળને વિષે કુમાર પણ કેટલાએક દિવસ રહ્યો. પછી ઉત્તમ પુરૂષે સસરાના પક્ષમાં ઘણું ન રહેવું. એવું એકદા મનમાં ધારીને દેવરથ રાજાની આજ્ઞા લઈ પોતાની ચાર સ્ત્રીઓ તથા પાંચમો પોતે. એમ પાંચે જણ મળી પાંચ ઘોડાની ઉપર અસવાર થઇ આનંદપૂર્વક ચાલ્યાં. એકદા માર્ગને વિષે બાર યોજનની અટવી આવી, તેમાં તે પેઠાં. ત્યાં ચાલતાં થાક્યા સતા એક વૃક્ષની નીચે રાત્રિને વિષે સુખે આશ્રમ કરીને રહ્યાં. તે અવસરે ચાર સ્ત્રીઓ સૂતી. અને કુમર તો હાથમાં ખડ્ગ લઇને જાગતો રહ્યો. એવા અવસરમાં બે વિદ્યાધરીઓ વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતી હતી. જતાં જતાં તેમણે કુમરને દીઠો. પછી તેના રૂપ ઉપર વ્યામોહ પામી થકી વિષયના અભિલાષે કરી કુમરને અવસ્વાપિની નિદ્રા દેઈ ત્યાંથકીને વૈતાઢ્ય પર્વતને વિષે લઈ ગઇ. હવે પાછળ ત્યાં અટવીમાં ચારે સ્ત્રીઓ જાગી. તેવારે તેઓ પોતાના સ્વામીને દીઠા નહીં. પછી તે વનમાં ઘણે ઠેકાણે કુમારને જોયો. પરંતુ ક્યાંય પણ દીઠો નહીં. તેવારે ચારે સ્ત્રીઓ પુરૂષને વેષે થઇ ઘોડા ઉપર ચઢી કુમરનો ઘોડો સાથે લઇ ચાલતી થકી રત્નપુર નગરને વિષે આવી. તે નગરમાં ધર્મ અને નીતિથી રહિત એવો રત્નાકર નામે અન્યાયી રાજા રાજ્ય કરે છે. તે રાજા પરસ્ત્રીના અભિલાષરૂપ પાતાળમાં પડ્યો છે, પાપબુદ્ધિ છે, તેના મન-

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
અને કહો. એવાં રાજાનાં વચન સાંભળી કુમાર બોલ્યો કે, હે રાજન એ વાત તમારી પુત્રીજ તમને કહેશે. પછી કુમારના કહેવાથી કુમરી પ્રથમથકી વિમાતાનો પ્રબંધ નિઃશેષ કહી કહેતી હવી રાજા પોતાની બાલિકાના મુખથકી સર્વ વૃત્તાંત સાંભળીને હર્ષિત થયો. પછી સર્વ સૈન્ય એકઠું કરી કુમરને સાથે લઇ રાજા પોતાને નગર ભણી ચાલ્યો, એવામાં વર્ષાદ થયો તેથી પાણીની ધારાઓ ઉંચાથી પર્વતની પાસે પાણીના પ્રવાહે કરીને નદી પૂર આવી છે તેને કાંઠે રાજા સેનાસહિત આવ્યો. તેવા અવસરે નદીપૂરના પ્રવાહને વિષે રથે વળગેલી મુખે પોકાર કરતી, પાણીના પ્રવાહમ બુંબારવ કરીને હે ધીર ! વીર ! અમારો બેહુનો ઉદ્ધાર કરો ! ઉદ્ધાર કરો ! અમારી સાર કરો ! સાર કરો !! એમ બોલતી એવી કન્યાઓને પાણીના પૂરમાં તણાતી લોકોયે દીઠી. તે જોઇ સર્વ સૈનિ લોકો હાહાકાર કરવા લાગ્યાં. તેવામાં કુમરની દૃષ્ટિયે તે કન્યાઓ પડી. તેવારે પરોપકાર બુદ્ધિયે કરીને કુમરે નદીના પૂરને વિષે પડ જડીને પ્રભાવે કરી સ્રીયુગલને પાણીના પૂરમાંથી બાહિર કાહાડીને કાંઠાને વિષે આણ્યું. આવો કુમરનો મહિમા દેખી ચિત્તમાં ચમત્કાર પામી રાજા મનમાં વિચારવા લાગ્યો, કે અહો ! આ કોઇક પણ મ

કરેલો ઉપકારનો સંબંધ કહ્યો. તે સાંભળી વ્યવહારીયાના પુત્રે તે સુરસુંદરી તથા જયસુંદરી એવે નામે પોતાની બે બહેનોનું પાણિગ્રહણ મહોટે મહોત્સવે કરી તે કુમરસાથે કરાવ્યું. પછી કુમરે રાજાની આગળ ચાર સ્ત્રીનું વૃત્તાંત કહીને દશરથપુરને વિષે સૈન્ય મોકલવાની આજ્ઞા માગી, અને વળી આનંદપુરને વિષે પોતાના સાળાને તેડવા માટે દૂત મોકલ્યો. તે પણ પોતાની બહેનોની સાર કરવાસારૂ પોતાનું સૈન્ય લઇ તિહાં આવ્યો. પછી પોતાના સસરા શ્રીચંદ્રરાજાનું સૈન્ય મળી ચાર અક્ષોહિણી સેના મેળવીને સમુદ્રના કલ્લોલની પેરે ભૂમિ કંપાવતો શત્રુને આચ્છાદતો થકો પર્વતના ટુંકને ચલાયમાન કરતો, પંથમાં જે જે દેશ આવે છે, તે સર્વ દિશિમંડળને સાધતો, તે ગજસિંહકુમાર ચાલતો હવો. કેટલેક દિવસે દશરથપુર પ્રત્યે આવીને તેના ગઢને રૂંધી ફરતો આંટો દેઇ રહ્યો. તેવારે પાપબુદ્ધિરાજા પણ પ્રબલ સામંત, સુભટ, હાથી, ઘોડા, રથ, એવી ચતુરંગિણી સેના લઇને અપશકુને વાર્યો થકો પણ નગરની બાહેર નિકળીને કુમરનાં સૈન્ય સાથે ગર્વ દેખાડતો હવો. તિહાં બેહુ સૈન્યને માંહોમાંહે યુદ્ધ થયું. યુદ્ધમાં હાથીએ હાથી, ઘોડે ઘોડા, પાળે પાળા, એમ નીતિયુદ્ધ કરતે પાપ બુદ્ધિરાજા પારકી સ્ત્રીનો અભિલાષી, વ્યસનમાં લુબ્ધ અન્યાયી છે, તેથી પોતાના પાપને જોરે હાર્યો ॥ ઉક્તં ચ ॥

ભખ્ખણે દેવદવ્વસ્સ, પરત્થીગમણેણ ય ॥
સત્તમં નરયં જંતિ, સત્તવારાઓ ગોયમા ॥ ૧ ॥

અર્થઃ--હે ગૌતમ ! દેવ દ્રવ્યના ભક્ષણ કરવાથી અને પરસ્ત્રી ગમન કરવાથી સાતવાર સાતમી નરકે જાય છે.

તેનું સૈન્ય ભાગી ગયું, તેવારે કુમરના સુભટે પાપબુદ્ધિરાજાને જીવતો બાંધીને કુમરની આગળ આણ્યો. તેને કુમરે કહ્યું કે હે પાપબુદ્ધિ રાજા ! તેં મહોટો અન્યાય કર્યો, તેણે કરીને તેં આ ભવને વિષે રાજ્ય ગુમાવ્યું, અને પરભવમાં પણ નરકાદિકનાં દુઃખ

સ્વામિન્! એમ વચને કરી નિવેદન કરીને તેને હાંકી મૂકી દીધો. ત્યારે તે શિયાળીયાની પેઠે નાશી ગયો, અને કુમર, નગરના લોકે જોવાતે, મંત્રીશ્વર પ્રમુખે પ્રણામ કરતે છતે, દશરથપુરને વિષે પ્રવેશ કરી, રાજ્યસભાને વિષે આવી સિંહાસને બેસી પોતાની આજ્ઞા સર્વને વિષે પ્રવર્તાવીને નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યો. પ્રજા-લોક આનંદને પામ્યાં અને પોતાની ચાર સ્ત્રીઓ આવી નમસ્કાર કરતી હતી. શ્રીરત્નને માટે શાસનદેવીએ દીધેલા હારનો પ્રકાશ કરી દેખાડ્યો. પછી કુમરે પ્રજાને નિઃશંક કરી, તેથી પ્રજા પણ આનંદ પામી. હવે કુમર પૂર્વકૃત પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત થયેલા રાજ્યને પોતાની સુંદર સાત સ્ત્રીઓ સહિત સુખે પાળતો હતો. કેટલાએક દિવસ પછી સાળાને તથા સસરાને રજા દીધી, તેથી તે પણ પોતાને સ્થાનકે ગયા. હવે એકદા તે કુમરે એક મહિનાનો અવધિ કરી મંત્રીશ્વરને રાજ્ય સોંપી, નિશ્ચિંત થઈ આકાશમાર્ગે વૈતાઢ્ય પર્વતને વિષે ચાલવા માંડ્યું. માર્ગમાં વૈતાઢ્યની પાસે એક વન છે, તેમાં એક પ્રાસાદને દેખી વિસ્મિત થઈ ત્યાં ઉતરીને તેણે પ્રાસાદમાં પ્રવેશ કર્યો. તેમાં યક્ષની મૂર્તિ દેખી તેને પ્રણમીને વિનયપૂર્વક સ્તવના કરી. તે અવસરે તે યક્ષના દેરાને વિષે ચાર પૂર્ણ પુરુષ છે, તેણે કુમરને મીઠે વચને કરી બોલાવ્યો, અને કહ્યું કે, હે સ્વામિ! આવો આવો. ઘણા તમારે આગમને ભલે દિવસે સમાગમ થયો એમ કહી બેસવા માટે આસન દીધું, તેના ઉપર કુમર બેસીને મનમાં વિચારે છે. કે અહો! ઉત્તમ યક્ષ એ પુરુષને એટલો આદર કરે છે, માટે ઘણું મોટું કૌતુક છે. એમ ચિંતવી ધૈર્યતાએ પુછતો હવો કે, હે પુરુષો! તમે શા કારણે અહીં ચાર જણ એકઠાં મળ્યા છો? વળી તમે કોણ છો? અને ક્યાંથકી આવ્યા છો? એમ પૂછે થકે પુરુષો બોલ્યા, કે હે વીર પુરુષ! અમે પરદેશી મનુષ્ય છીએ, તે કૌતુક જોવાને અર્થે ભૂમીતળમાં ભમતા ભમતા આ દેશમાં આવ્યા, તેવારે એક અદ્ભુત આશ્ચર્ય દીઠું, તે કહીએ છીએ,

તે તમે સાંભળો. આ વનમાં એક પર્વત તેની ગુફામાં કોઈક વિદ્યાધર રહે છે. તેની ચાર પુત્રીયો છે, તે યૌવનાવસ્થા પામી છે. તેમણે ઇહાં યક્ષને દેરાસરે આવીને વરની પ્રાર્થના કરી. તેવારે યક્ષે પ્રત્યક્ષ થઇને બાલિકાઓને કહ્યું, કે હે પુત્રીયો! હું એક માસને અંતે તમારા ભરતારને ઈહાં આણીશ. તે સાંભળી ચારે કન્યાઓ હર્ષ પામી અને અમે ચારેજણ તે કૌતુક જોવાને અર્થે ઈહાં રહ્યાં છીયે. તે એક માસની અવધિ આજે પૂર્ણ થયો છે. પણ યક્ષે કહ્યો જે વર, તે તો હજી આવ્યો નહી. તેથી ચારે કન્યાઓ આ યક્ષની ઉપર કોપ કરીને કાષ્ઠની ચયને વિષે અગ્નિમાં પ્રવેશ કરશે. તે કન્યાઓ હમણાંજ ઈહાંથી નિકળી ગુફામાંહે ગઇ, અને હે ઉત્તમનર! તમે પણ હમણાં ઇહાં આવ્યા છો, માટે તમે તિહાં જાઓ, અને તે કન્યાઓ જીવતી રહે તો યક્ષનું કહેવું સત્ય થાય. એવું ધુતારાનું વચન સાંભળીને ઉપકારની બુદ્ધિયે કુમર તે ધુતારાઓની સાથે કુમરીયોને સહાય કરવાને અર્થે ચાલતો થકો પર્વતની ગુફાને દ્વારે આવ્યો. તિહાં આગળ ગુફામાં જોતાં શોભનીય મુખવાલી ચાર કુમારિકાઓને મસ્તક ધૂણાવતી દેખી કુમર વિચારવા લાગ્યો કે, હા હા! આ તો કાંઇક કૂડ કપટની રચના દેખાય છે! જે માટે ઇહાં અગ્નિનો કુંડ શા કારણે એણે કીધો છે? વળી યવ પ્રમુખ બલિબાકુલ એકઠા કર્યા છે, તેનું શું કારણ હશે? વળી ઇહાં મૃતકપુરષનું શબ પડ્યું છે, તેને રતાંજલીનું વિલેપન કરીને કણેરનાં ફુલે કરી તેની પૂજા કરી છે. વળી મદિરાનો ઘડો ભર્યો છે, તેનું શું કારણ હશે? તેમજ ખીર અને પૂડલાદિક નૈવેદ્યની સર્વ સામગ્રી છે વળી ચાર પુરૂષ પણ છે, એ સર્વનું કારણ શું હશે? એવી રીતે કુમર મનમાં વિચાર કરે છે, એવામાં એક યોગી જટિલ ઉઠીને કુમર પાસે આવી કહેતો હવો. કે ધન્ય છે મુઝને! આજ મહારો દિવસ સફળ થયો, જે માટે મહારી આશા પૂર્ણ થઇ. હે કુમર! એ ચાર કન્યાઓને તમે પરણો. એને તમને પરણવાની અભિલાષા છે, માટે એનું

ગાત્રિમંડલ કરીને મહારા ઘર જમાઈ થઈને રહ્યો મહારી પાસે સુખે સમાધે રહેજે, પણ હમણાં મહારે વિદ્યા સાધવી છે, તેના ઉત્તરસાધક તમે થાઓ. એવું સાંભળીને કુમારે દાક્ષિણ્યપણાથી તે યોગીનું વચન અંગીકાર કર્યું. હવે યોગીએ અગ્નિના કુંડની ચારે દિશાએ ચાર મુનારા પુરૂષને હાથમાં હથીયાર આપીને ઉભા રાખ્યા તથા ચાર વિદિશાને વિષે ચાર બાલિકાઓને ઉભી રાખી અને પોતે ચારે દિશાએ દૃષ્ટિ રાખીને જપ જપતો હોમ કરવા માંડ્યો, જાપ પૂર્ણ થયા પછી બલિદાન દેવા માંડ્યું. તેવારે મધુ મૂત્રાદિકનો હોમ કરતો દેખીને કુમારે મનમાં વિચાર્યું જે આ કાંઈ ઉત્તમ કાર્ય નથી. જે માટે કહ્યું છે કે—

દુર્જનાનાં ભુજંગાના-મંગનાનાં ચ ભૂભુજામ્ ॥
સત્કૃતાનામપિ પ્રાયો, વિશ્વસિતવ્યં ન સર્વદા ॥ ૨ ॥

અર્થ:-સત્કાર કરેલા પણ દુર્જનો, ભુજંગો (સર્પો) સ્ત્રીઓ અને રાજાઓનો કદાપિ પણ પ્રાણે ત્યાં સુધી વિશ્વાસ કરવો નહિ. પણ મહારી પાસે વિદ્યાએ દીધેલી એક આકાશગામિની અને બીજી અદ્રશ્યાંજન એ બે વિદ્યાઓ છે તેનો મહિમા કેહવો ! એવું મનમાં ચિંતવી નેત્રને વિષે અંજન આંજીને યોગી પાસે જઈ ઉભો, પણ અંજનના પ્રભાવથી અદૃશ્ય તે કુમાર પ્રત્યે ન દેખતો હવો. હવે કેટલેક તે યોગીના જપ, હોમ અને પૂર્ણાહુતિ થઈ, તેવારે કુમારે બલિને બાંધીને અગ્નિના કુંડને વિષે નાંખી દીધો. તે ગાજતિ અગ્નિના કુંડને વિષે પડતો દેખીને તિહાંથી ચાર પુર્ણ પુરૂષો નાશી ગયા. તરફના બાળ થકી તિહાં રહેવાને સમર્થ ન થયા. અને તે બલિ અગ્નિકુંડમાં બળતો સુવર્ણ પુરૂષ થયો. પછી કુમાર તે સાથે

બાલિકાઓને તેમના [illegible] પૂછવાથી તેઓ [illegible] એવા બોલી કે હે નરોત્તમ! તમે અમારું ચરિત્ર સાંભળો, હરિપુર નગરને વિષે [illegible] રાજા [illegible] છે. તે પ્રજાને [illegible] ન્યાય નીતિયે પાળતો રાજ્ય કરે છે. તે નગરમાં ધન કામદેવ, ધનંજય અને [illegible] એવે નામે ચાર વ્યવહારિયા વસે છે તેને માંહોમાંહે મિત્રભાવ છે, તેમની ચારેની [illegible] છે, માટે તે ચારે ધનાઢ્ય કહેવાય છે, અને તે ચારે જિનધર્મ અરિહંત ભક્ત છે. તેમના ઉપર રાજાનું પણ ઘણું માન છે. તે ચાર વ્યવહારીયાની લલિતા, સુલલિતા, સુલોચના અને પ્રગુણા, એવે ચાર નામે અમે ચાર પુત્રીયો છીયે. અમારે પણ માંહોમાંહે સ્નેહ છે. અમે ચારે શ્રીવીતરાગની ભક્તિવંત છીયે અને વિનયાદિગુણે કરી સહિત છીયે. એકદા શ્રીસમેતશિખરનો મહિમા ગુરૂના મુખથી સાંભળીને યાત્રાને અર્થે ચતુર્વિધ શ્રીસંઘને એકઠો કરી અમારા પિતાદિક પરિવારસહિત શ્રીસમેતશિખર ગિરિરાજે આવીને મહોટા મહોત્સવ સહિત વીશ તીર્થંકર ઘણી ભક્તિયે કરી જિનેશ્વરને પૂજી, સાધર્મિવાત્સલ્ય કરી દીન દુઃખીયાનો ઉદ્ધાર કરી તિહાંથી પાછા વળ્યા. છ મહીના પંથે વહેતા થયા, તિહાં માર્ગમાં કોઇ મહાવનને વિષે શ્રીસંઘે ઉતારો કર્યો. રાત્રિયે તંબુમાં અમે ચારે બાલિકાઓ એકાંતે નિદ્રાવશ થઇ. તિહાંથી એ ચાર ધૂર્ત્ત પુરૂષોયે અમોને અપહરીને આ જટિલની આગળ આણી રાખી. એવામાં અમારા ભાગ્યના ઉદયથકી તમે ઇહાં આવીને અમને અભયદાન દેઇને જેમ પોતાની કરી તેમજ તમે અમો ચારે જણીયોનું પાણિગ્રહણ કરીને અમને સનાથ કરો, એવા બાલિકાઓનાં વચન અંગીકાર કરીને કુમરે તેમનું પાણિગ્રહણ કર્યું. પછી સોનાના નરને અગ્નિના કુંડમાંથી કાહાઢીને વળી તે ચારે સ્ત્રીયોને પોતાની સાથે લઇ તે વન પ્રત્યે ઉલ્લંઘીને હરિપુર ભણી ચાલ્યા. ગ્રામાનુગ્રામ પ્રત્યે ચાલતે છતે માર્ગમાં ગંભીરપુર પાટણના ઉદ્યાનને વિષે ઘોડા તથા કન્યાઓને મુકીને કુમરે પોતે સથવારો જોવાને માટે

નગરમાં પ્રવેશ કર્યો. તિહાં ગુણસારની પૃચ્છા કરે છે, અને નગરને જુએ છે, એટલામાં નગરના મધ્ય થકી કોઈક તેજ નગરની વેશ્યા વનમાં ખેલવાને અર્થે આવી. તે કન્યા અને પોતાને સુવર્ણપુરૂષ દેખીને લોભે કરી આંધળી જેવી થઈ કુડી માયા કરી કન્યાઓ પાસે આવી કહેવા લાગી, કે હે મ્હારા ભાઈની સ્ત્રીઓ ! મ્હારા ને વિષે મ્હારા બાંધવે આવીને મને તમને તેડવા માટે મોકલી એવી રીતે ધુતીને તે બાલિકાઓને સર્વ વસ્તુએ યુક્ત પોતાને તેડી આવી. તિહાં વેશ્યાનું ઘર દેખીને બીહીતી થકી તે ચારે ઓ, પોતાના શીલરત્નને અર્થે એક ઓરડામાં પેસી દૃઢ કમાડ અંદર રહી, અને કોઈ રીતે તે કમાડ ઉઘડે નહીં એવી તે બંધ કરી મુક્યાં. એવા અવસરે કુમર પણ વનને વિષે ફરી આવ્યો. અને ત્યાં જોવે, તિહાં ઘોડો, સ્ત્રીઓ અને સુવર્ણ પુરૂષ માંથી કોઈ પણ દીઠું નહિ, તેવારે કુમરે વિચાર્યું જે અહો ઇતિ આશ્ચર્ય ! મ્હારી સ્ત્રીઓ આદિકને કોઈક ધુર્ત અપહરી ગયો છે. એવું મનમાં ચિંતવી તેના પગને અનુસારે નાયકાને ઘેર આવીને અંજનના પ્રભાવથી અદૃશ્ય થઈ તેના ઘરને વિષે પ્રવેશ કરી અ-શ્વાદિક દીઠા, તે સર્વે પોતાના છે, એવો નિશ્ચય કરીને પાછો ગયો. પછી તે વેશ્યાને શિક્ષા દેવાને અર્થે બ્રાહ્મણનું રૂપ કરી નિ-મેત્તિયો થઈને વેશ્યાને ઘેર આવ્યો. વેશ્યા પણ તે દ્વિજને દૂર થકી આવતો દેખી ઉતાવળી ઉઠીને સન્મુખ ઉઠી, આદરે થકી આસન દેઈ તેમાંથી નમસ્કાર કરીને પુછતી હવી, કે હે દ્વિજદેવ ! મ્હારા ઘરને વિષે ચાર સ્ત્રી રત્ન પોતાની મેળેજ લોભાને આવી રહી , પરંતુ કોઈક ભૂતાદિક દોષે કરી ગ્રહાણી છે, તેથી ઓરડાને વિષે કમાડ બંધ કરીને બેસી રહી છે, માટે એના દોષમંત્રે નિવારી તે ઓને વાંછિત આપીશ. એમ વેશ્યાએ કહે છતે કુમર કહેવા લાગ્યો, કે ભદ્રે ! એ સ્ત્રીઓ તો કોઈક વિષમ આકરા રોગે કરી ગ્રહાણી છે, તે હું તેઓની પાસે જઈને તેમના શાકિની ભૂતાદિકના દોષને

બોલાવીશ, તિહાં લગે તમારે દૂર રહેવું પડશે. એવું દ્વિજનું વચન સાંભળીને તે વચન વેશ્યાયે અંગીકાર કર્યું. તેવારે કુમર ઓરડાની પાસે જઇ બાહેર ઉભો રહી કહેવા લાગ્યો કે, હે ભદ્રે ! હે પ્રિયે તમે કાંઇ ચિંતા કરશો નહિ, મનને વિષે સમાધિ રાખીને રહેજો. એવો પોતાના પતિનો શબ્દ સાંભળીને તે સ્ત્રીયોયે ઓરડાનું બારણું ઉઘાડયું, અને પોતાના સ્વામીને નમસ્કાર કર્યો. કુમરે તેમને કહ્યું કે, હું જ્યાં સુધી વેશ્યાને શિક્ષા કરૂં ત્યાં સુધી તમારે ઇહાં રહેવું એમ કહી ફરીથી ઓરડાનાં બારણાં બંધ કરાવી કુટણી પાસે આવીને કહેવા લાગ્યો કે, એ સ્ત્રીયોના દુઃખને મેં સારી પેઠે જાણ્યું, માટે હવે મહારે તમારા ઘરને વિષે રહીને એનો ઉપચાર કરવો પડશે, તેવારે વળી વેશ્યાયે પૂછ્યું કે, હે દૈવજ્ઞ ! તમે બીજી પણ કોઇ સિદ્ધવિદ્યા જાણો છો ? તેવારે બ્રાહ્મણ બોલ્યો કે, હું તો સર્વ કાંઇ જાણું છું, તેથી હું સર્વજ્ઞ છું. મારણ, મોહન, સ્તંભન, વશીકરણ આદિક સર્વ વિદ્યા જાણું છું. વળી બાળનું તથા વૃદ્ધનું વય પરાવર્ત્તન કરવાની વિદ્યા પણ મહારી પાસે છે. તે સાંભળી વેશ્યા આનંદ પામીને બોલી કે, હે દ્વિજરાજ ! હું વૃદ્ધ છું, માટે મને યૌવનવતી કરો. તેવારે દ્વિજે કહ્યું કે, જો તમે સયૌવન થાઓ, તો મુજને શું આપો ? ત્યારે વેશ્યા બોલી કે, લાખસોનૈયા આપીશ. ત્યારે તે દૈવજ્ઞે પણ હાકારો કર્યો, અને વળી બોલ્યો કે, હે નગરનાયકા ! ફરીથી નવ યૌવન આવવાની વિદ્યા ને સાધવાને અર્થે પ્રથમ મસ્તક મુંડન કરાવી નગ્ન થઇને પછી મહારા દીધેલા અદૃશ્ય અંજનને આંખમાં આંજી, અદૃશ્ય થઇને બળતા નીંભાડામાંથી અગ્નિ આણી આપો, તો પછી તે અગ્નિયે કરીને હું વિદ્યાનું આહ્વાન કરીશ. તે આહ્વાને કરીને તમે સુરૂપવાન્ તથા યૌવનસહિત થાશો, એવું નૈમિત્તિકનું વચન સાંભળીને તે વેશ્યા માથું મુંડાવી નગ્ન થઇ અંજન કરી નીંભાડામાંથી અગ્નિ લેવા ગઇ. તિહાં નીંભાડાને ધુમાડે કરીને વ્યાકુળ થયેલા નેત્રથકી અદૃશ્ય અંજન ગલિત થયું, તેવારે

વિરૂપ નગ્ન અને મસ્તકે મુંડન થયેલી એવી શાકિની પ્રગટ દેખાણી. તેને દેખીને ઘણાં લોક એકઠાં થઈ કહેવા લાગ્યાં કે આ શાકિની લોકોને છળવાને અર્થે અહીં આવી છે, તેને જૂઓ જૂઓ. આ કેહેવું આશ્ચર્ય છે! એવામાં રાજપુરૂષો આવીને તે શાકિનીની કરણી જોઈ તેને બાંધીને રાજભવને લઇ ગયા, તિહાં કૌતુક જોવાને રાજભવનમાં ઘણાં લોકો એકઠાં થયાં. કોટવાલે રાજાની આગળ કહ્યું કે, હે રાજન! એ શાકિની નગ્ન થઈને લોકોને છળવાને અર્થે નીભાડામાં જઈ મંત્રનું આહ્વાન કરતી અમે પકડી આણી છે. હવે જેમ આપની આજ્ઞા હોય, તેમ કરીયે. રાજાએ કહ્યું કે, હે કોટવાલ! એને પ્રથમથી શહેરની ફેરે વિડંબના કરીને પછી જળે ભરેલા જુના કુવામાં નાંખીને એનું માથું નીચું અને પગ ઉંચા રાખજો. એવો રાજાનો આદેશ પામીને એ રાજપુરૂષો તે કુરણીને લાકડીયો અને મુષ્ટિયોના પ્રહારે કરી મારતાં ખર ઉપર બેસારી ઘણે પ્રકારે વિડંબના કરતાં થકાં વિવિધ લોક દેખતે ચૌટામાં ચહુટાને વિષે આવ્યા, તેવામાં બીજી વેશ્યાઓએ તે વેશ્યાને વિડંબના પામતી સાંભળી. તેવારે સર્વ વેશ્યાઓ એકઠી થઈને રાજભવને જઈ રાજાપ્રત્યે કહેવા લાગી કે, હે નાથ! આ અપરાધને કારણ પુછ્યા વિનાજ કોટવાલ શાકિનીનું કલંક આપીને કદર્થના કરવી, તે તમને યોગ્ય નથી, કેમકે અમારે વિષે શાકિની પ્રમુખ દોષે કરી દૂષિત એવી વેશ્યા ન હોય. તેથી તમે એને પાછી તેડીને તેનું કારણ પુછો, કે એ કેમ બન્યું છે? તેવારે પછી યથાયોગ્ય કરવું તમને યુક્ત છે. એવું સાંભળી રાજાએ વેશ્યાને પાછી તેડાવીને પૂછ્યું કે, એ વાત કેમ બની? એવું રાજાએ કહે છતે તેજ અવસરે કુમાર ગોપ આદિ ઋષિ પુત્ર તિહાં આવીને રાજાની આગળ પ્રથમ વેશ્યાએ જેવી કરણી સર્વ કહી દેખાડી, અને પછી પોતે કહેલી કરણી પણ સર્વે કહી દેખાડી. તે અનિષ્ટ સભામાં લોક સાંભળતાં છતાં સર્વે [illegible] દેખા તજીને


તે શ્રી જિનશાસનના પ્રભાવિક થયા. તે કેવી રીતે થયા? તો કે અઢારદેશને વિષે સાત વ્યસન નિષેધીને પરદ્રોહ, હિંસા કરવી, અલીક બોલવું, પિશુનપણું, મત્સરપણું, જીવને હણવા, વળી ચોરી આદિક જે પાપ તે સર્વને નિવારીને પાપનાં નામ પણ નિષેધ્યાં. વળી ગામ ગામ પ્રત્યે શ્રી અરિહંતના દેરાસર કરાવ્યાં. શ્રીગુરૂને સાદર પૂજતા હવા. અમારિ પડહ વર્ષવર્ષ પ્રત્યે મહોત્સવે કરીને શ્રી પર્યુષણ પર્વને વિષે પ્રવર્તાવતા હવા. જેમ જેમ પૃથ્વીને વિષે ધર્મની વૃદ્ધિ થતી ગઈ, તેમ તેમ પૃથ્વીને વિષે કાળે મેઘવૃષ્ટિ થવા માંડી. હાલકે ચોમાસાના દિવસોમાં જરૂરના વખતેજ મેઘવૃષ્ટિ થવા માંડી; પણ અમારે ન જોઈએ તે વખત નહીં. વળી ભાગ્યવંત પર્વની ગાયો દૂધ આપવા લાગી. લોકો બહુ સુખાકારીએ સહિત

કરી અંતે બારમા દેવલોકે દેવતા થયા. તિહાંથી ચ્યવી પૂર્વમહાવિદેહને વિષે તીર્થંકર પદ પામી અરિહંતપદ ભોગવી મુક્તિપદ પ્રત્યે પામશે. એ શ્રીગજસિંહ રાજાની કથા સાંભળીને એ પર્વના વિધિને વિષે વિશેષ ઉદ્યમ કરવો. ફરી બુદ્ધિનો ધણી ભવ્યાત્મા શુભધ્યાને દેવગુરૂને પ્રણમે, દાન આપે, તેણે કરી શાશ્વત સુખની સંપદાનું વિસ્તારપણું ગજસિંહરાજાની પેરે થાય. એમ શ્રીમહાવીરસ્વામીના મુખ થકી શ્રી પર્યુષણ પર્વના ફળનું સૂચન કરનારૂં એવું ગજસિંહ રાજાનું ચરિત્ર સાંભળીને શ્રેણિકાદિક સર્વ લોક ચમત્કૃહૃદિક મહોત્સવ સહિત પર્યુષણ પર્વનું આરાધન કરવામાં ઉદ્યમવંત થયાં. આનંદ સહિત શ્રીવર્ધમાન જિનને વાંદીને, સર્વ પર્ષદા પોતપોતાને સ્થાનકે ગઈ હતી. ભગવાન પણ પૃથ્વી તલને વિષે વિહરતા હવા, એમ ફરી પર્વનો વિધિ કહ્યો. એ રૂપ આચારના પ્રકારને જે ઉત્તમ પુરૂષ કરે, તેણે કરી જિનની ભક્તિવૃદ્ધિ થાય, અને આચારરૂપ આભૂષણ ધર્મ ધરાય. ભવ્યપ્રાણીને મનુ મહત્વની સમૃદ્ધિ થઈ અને ઉત્તમસમૃદ્ધિ થાય. આવા ઉત્તમ પર્વને આરાધવાથકી કષ્ટ વિના સુખ ભોગવી મનુષ્ય દેવતાનાં સુખ અને મુક્તિ સુખપ્રત્યે પામે. શ્રીવીરસ્વામીની પટ્ટપરંપરાએ અનુક્રમે પાટે શ્રીવિજયધર્મસૂરિ થયા, તેમની પાટે શ્રીવિજયજિનેંદ્રસૂરિ થયા; તેના શિષ્યગણને વિષે પંડિત શ્રીરામવિજયજી. તેમના શિષ્ય શ્રી અમૃતવિજયજી પંડિતે શ્રીપર્યુષણાપર્વનું માહાત્મ્ય જીર્ણગઢ (જુનાગઢ) નગરે (૧૮૫૬) ના શ્રાવણ શુદિ તેરશને શુક્રવારે રચ્યું. એ પર્યુષણ ચિંતામણીના, એકમાંમાસકનો કરનાર છે, જે સાંભળે, વાંચે, તે આ ભવે ભોગ ભાગ્ય કરે, અને પરભવે દેવતાની પદવી પામી અનુક્રમે મોક્ષનગરે જઈ શાશ્વતા સુખપ્રત્યે પામે. જિહાં લગે પૃથ્વીની ઉપર મેરૂ પર્વત છે. જિહાં લગે ચંદ્ર ને સૂર્ય છે, જિહાં લગે આકાશ છે, જિહાં લગે આ લોક મનુષ્ય પામે અને જિહાં લગે એ

ગ્રંથ પણ શોભાને પામે. એવો ગ્રંથ કર્ત્તાનો આશીર્વાદ છે ॥

ઇતિ પર્યુષણા ચિંતામણીગ્રંથસ્ય બાલાવબોધઃ સમાપ્તઃ [1]

૧ આ અઠ્ઠાઇનું વ્યાખ્યાન પર્યુષણના પ્રથમના ત્રણ દિવસમાં વાંચવા છે. અને ત્યાર બાદ શ્રી કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચવાનું પ્રાપ્ત થાય છે. બા જીવોના હિતને માટે શ્રી કલ્પસૂત્રમાંથી ઉદ્ધરી શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ સાર રસ્ય ગર્ભિત એક સરસ સ્વાધ્યાય બનાવ્યો છે. તે તેના બાલાવબોધ સહિ અનુક્રમે શ્રી સંવત્સરી પર્યંત શ્રાવકો પણ સુખે વાંચી અથવા સાંભળી સમજી શકે એમ હોવાથી તેનો હવે પ્રારંભ કરવામાં આવે છે. પ્રમાદ રહિત શ્રવણ કરી સહુ સજ્જનોએ આ પર્યુષણ મહાપર્વને વિધિવત્ આરાધન કરવું. ઇતિશમ



ॐ

શ્રી કલ્પસૂત્ર ઉપર

શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સજ્ઝાય.

ભાવાર્થ સહિત.

મંગલાચરણ.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં. એસો પંચનમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ॥ [illegible]

૧ રાગ દ્વેષ અને મોહાદિક અંતરંગ શત્રુઓને હણનારા શ્રી અરિહંત દેવોને અમારો નમસ્કાર થાઓ!

૨ આઠેય કર્મનો ક્ષય કરીને મોક્ષમાં ગયા છે તે શ્રી સિદ્ધ પરમાત્માઓને અમારો નમસ્કાર થાઓ!

૩ પંચાચાર પ્રમુખ ૩૬ ગુણોથી અલંકૃત આચાર્ય ભગવં-તોને અમારો નમસ્કાર થાઓ!

૪ સર્વ શિષ્યોના વર્ગ અને સૂત્ર ભણવામાં સાવધાન ઉપાધ્યાય ભગવંતોને અમારો નમસ્કાર થાઓ!

૫ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સાધુજનોને અમારો નમસ્કાર હો!

આ પંચ પરમેષ્ઠી ભગવંતોને કરેલો નમસ્કાર સર્વ પાપનો પ્રકર્ષે કરી નાશ કરનાર છે. અને તે સકળ મંગળોમાં સર્વોત્કૃષ્ટ મંગળ છે—ભાવ મંગળ છે.

અજ્ઞાનતિમિરાંધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ॥
નેત્રમુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥ ૧ ॥

અજ્ઞાનરૂપ તિમિર (નેત્ર રોગ)થી અંધ થયેલા જીવોને જ્ઞાન રૂપ અંજનની શળી આંજીને જેમણે અંતર ચક્ષુ ઉઘાડી નાંખ્યાં છે તેવા સદ્‌ગુરૂરાજને અમારો નમસ્કાર હો !

નમઃ શ્રીવર્દ્ધમાનાય, શ્રીમતે ચ સુધર્મણે ॥
સર્વાનુયોગવૃદ્ધેભ્યો, વાણ્યૈ સર્વવિદસ્તથા ॥ ૧ ॥

વંદામિ ભદ્દબાહું પાઈણં ચરમસયલસુયનાણિં ॥
સુત્તસ્સ કારમીસી, દસાણ કપ્પે અ વવહારો ॥ ૨ ॥

વર્તમાન શાસન નાયક શ્રી વર્દ્ધમાન સ્વામીજીને, પ્રભુના પટોધર શ્રી સુધર્મા સ્વામીજીને, તેમજ સર્વ સુવિહત ગીતાર્થ ગુરૂજનોને તથા શ્રી સર્વજ્ઞ પ્રભુની વાણી (સરસ્વતી)ને અમારો નમસ્કાર હો ! ૧ છેલ્લા સકળ શ્રુતજ્ઞાની (સંપૂર્ણ ચૌદ પૂર્વધારી) પ્રાચીન આચાર્ય શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામીજીને હું નમસ્કાર કરૂં છું. જેમણે મંગળકારી કલ્પસૂત્ર નવમા પૂર્વમાંથી દશાશ્રુત સ્કંધના આઠમા અધ્યયન તરીકે ઉદ્ધર્યું છે. તે મંગળકારી કલ્પસૂત્ર શ્રી સદ્‌ગુરૂ સમીપે પર્યુષણ આવ્યે છતે યોગ મેળવી જરૂર સાંભળવું. તેવો સદ્‌ગુરૂ યોગ મળી ન શકે તેવા પણ ભવ્યજનોના ઉપકાર અર્થે પર્યુષણ માહાત્મ્યનો આ સ્વાધ્યાય બનાવવામાં આવેલો છે. તે તેના રહસ્ય સાથે વાંચવાથી, ભણવાથી. સાંભળવાથી અને સ્વશક્તિ અનુસારે તેનું આરાધન કરવાથી શ્રી સંઘને કલ્યાણકારી છે. ઇતિશમ

પીઠિકા.

॥ ઢાળ પહેલી ॥ કપૂરની દેશી ॥

પુણ્યની પોષણા, પર્વ પજુસણા, આવિયાં ઇણિપરે,
જાણિયે એ ॥ હિયડલે હર્ષ ધરી, છઠ્ઠ અઠ્ઠમ કરી,
ઓચ્છવે કલ્પ ઘર, આણિયે એ ॥ ૧ ॥

અર્થઃ—(પર્વ પજુસણા આવિયાં કે૦) શ્રીપર્યુષણ પર્વ આવે કે (હિયડલે હર્ષ ધરી કે૦) હૃદયમાં હર્ષ ધારણ કરીને (છઠ્ઠ-અઠ્ઠમ કરી કે૦) છઠ્ઠ, અઠ્ઠમ (બેલા, તેલા) ની તપસ્યા કરીને, વળી (ઓચ્છવે કે૦) મહોત્સવ આડંબરે કરીને (કલ્પ ઘર આણિયે કે૦) કલ્પસૂત્ર ઘેર આણીયે. (ઇણિપરે કે૦) એ રીતે એ પર્વનું [illegible] છે. તે (જાણિયે કે૦) તમારે ચિત્તમાં જાણીયે. [illegible] (પુણ્યની પોષણા કે૦) પુણ્યની પુષ્ટિ થાય એવાં એ પર્વ [illegible] થાય ॥ ૧ ॥ ઇતિ ભાવાર્થઃ ॥

હવે આ કલ્પસૂત્ર વાંચવાની રીતિ કહે છે. પ્રથમ કલ્પસૂત્રની પ્રતી ગુરુ પાસેથી આણી પોતાને ઘેર લઈ જઈ, રાત્રિજાગરણ કરવું. [illegible] સાજન [illegible] હાથી ઉપર [illegible], અને [illegible] આપીને પછી તે [illegible] ઉપર બેસાડી, તેના હાથમાં પુસ્તક આપી તે હાથમાં [illegible] લઈ ગાજતે વાજતે સર્વ લોકોને સાથે લેઈ આવવું. આવીને તે પુસ્તક ગુરુને આપવું. પછી ગુરુ વાંચવા માંડે, તે સાંભળવું [illegible] ગુરુની [illegible] ઇત્યાદિક [illegible]. એ રીતે જે કલ્પસૂત્ર [illegible] [illegible] આ કલ્પસૂત્ર [illegible] [illegible] નિદ્રા, વિકથા [illegible] [illegible] (છઠ્ઠ અઠ્ઠમ)

[illegible] ॥

ગુરૂ કરે વાંચના, સુણે સહુ ભવિજના, કર્મનિકાચ-
ના, પાચના એ ॥ પ્રથમ જિનશાસને, ઋજુ જડ
પ્રાણીયા, વીરના વક્ર જડ, બહુ જના એ ॥ ૨ ॥

અર્થઃ—હવે પૂર્વોક્ત રીતે રાત્રિ જાગરણ કરીને કલ્પસૂત્ર ગાજ઼ે વાજ઼ે આણીયે, પછી (ગુરૂ કરે વાંચના કે૦) ગુરૂ પણ શ્રીસંઘ સમક્ષ કલ્પસૂત્ર વાંચી સંભળાવે અને (સુણે સહુભવિજના કે૦) સર્વ ભવિજનરૂપ સંઘ સાંભળે. એ વખાણ કેહેવું છે ? તો કે (કર્મનિકાચના કે૦) નિકાચિત એવાં જે ચાર ઘાતિકર્મ છે, તે કર્મોને (પાચનાએ કે૦) છેદનાર એવું છે. હવે આ ગ્રંથને વિષે (પ્રથમજિનશાસને કે૦) પહેલા શ્રીઋષભદેવ જિન તેના શાસનને વિષે (ઋજુ કે૦) ભોલા સરલ અને વલી (જડ કે૦) મુર્ખ. એવા (પ્રાણિયા કે૦) પ્રાણી જાણવા. તથા (વીરના કે૦) શ્રીવીર ભગવાનના શાસનના (વક્ર કે૦) વાંકા અને (જડબહુ કે૦) ઘણા મુર્ખ એવા (જનાએ કે૦) જન જાણવા એટલે પ્રથમજિનના વારાનાં માણસ ઋજુ અને જડ હતાં તથા છેલ્લા જિનના વારાનાં મનુષ્ય, વક્ર અને જડ અને બાવીશ તીર્થંકરના વારાના મનુષ્ય, ઋજુ અને પંડિત હતાં. તિહાં પ્રથમજિનને વારે પ્રતિબોધ પમાડવો દુષ્કર અને છેહેલા જિનને વારે પાળવું દુષ્કર અને બાવીશ જિનને વારે તો પ્રતિબોધ પામવો પણ સુલભ તથા પાળવું પણ સોહેલું હતું ॥ ઇતિ ॥

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ તેના સાધુ તે ઋજુ અને જડ હતા. તે દ્રષ્ટાંતે કરી જણાવે છે. પ્રથમ તીર્થંકરને વારે યતિ સ્થંડિલ ભૂમિ ગયા હતા, તે ગુરુ પાસે મોડા આવ્યા, તેવારે ગુરુએ પૂછ્યું, તમોને મોડું જમન કેમ લાગ્યો? તે સાંભળી સાધુ બોલ્યા, સ્વામી! નાટકીયા લોક રમત કરતા હતા, તેને દેખવાને ઉભા રહ્યા હતા તેથી જમન લાગ્યો. તેવારે ગુરુ બોલ્યા નાટક જોવા ઉભું રહેવું, એ સાધુનો આચાર નથી. તે સાંભળી સાધુ બોલ્યા, 'તહત્તિ' એટલે જેમ તમે કહ્યું તે પ્રમાણ છે. ફરી કોઈ એક દિવસને વિષે તેહીજ સાધુ સ્થંડિલ ભૂમિકાથી મોડું આવ્યા, તેવારે ગુરુ બોલ્યા કે આટલો જમન કેમ લાગ્યો? તે સાંભળી ઋજુપણાથી સાધુ બોલ્યા કે હે મહારાજ! અમે આજ નટડી દેખવા ઉભા રહ્યા હતા. તે સાંભળી ગુરુ બોલ્યા, કે તમોને પૂર્વે ના કહી હતી, તેમ છતાં કેમ દેખવા ઉભા રહ્યા? તેવારે શિષ્ય જડ છે માટે બોલ્યા, અમે તો નાટકીયા દેખવાની મનાઈ કરી હતી પણ નટડી દેખવાને તો મનાઈ કરી નહોતી! તે સાંભળી ગુરુએ કહ્યું કે અરે જડ મૂર્ખો! નાટકીઆ વરજ્યા તેવારે નટડી તો વરજી વિશેષે જાણ લેવી ॥ ઇતિ ॥

હવે ચરમ તીર્થંકર કોકણદેશીય દ્રષ્ટાંત કહે છે. કોકણ દેશને વિષે કોકણ નામે બ્રાહ્મણ હતો, તેણે પુત્રાદિક કુટુંબ પરિવાર છોડીને વૈરાગ્ય પામી સ્થવિર પાસે વૃદ્ધ અવસ્થાએ દીક્ષા લીધી. એકદા સ્થંડિલ ભૂમિકાથી આવી ઇર્યાપથિક ક્રિયા પડિકમતાં કાઉસ્સગ્ગમાં ઘણો જમન લાગ્યો, તેવારે ગુરુએ પૂછ્યું? હો કોકણીક સાધુ! તુમને મોડું જમન કેમ લાગ્યો? તે સાંભળી સાધુ ઋજુપણે બોલ્યો, કે હે સ્વામીજી! મેં આજ દયા ચિંતવી. તેવારે ગુરુ બોલ્યા, તમે કેવી દયા ચિંતવી? તે સાંભળી સાધુ બોલ્યો. કે જેવારે હું ગૃહસ્થાવાસમાં હતો. તેવારે વર્ષાકાળે ક્ષેત્ર ખેડાવીને તૃણ કઢાવતો, ખળું ચોખ્ખું કરતો, ક્યારી કરતો, તૃણ બાળતો. તે થકી આગલા વરસમાં ઘણું ધાન્ય નીપજતું હતું, તેણે કરી મારું સમસ્ત કુટુંબ સુખી રહેતું હતું અને હવે મારા છોકરો બેઠાથી સમજતાં નથી. માટે તેમ.

ધર્મી થકાં નિશ્ચિંત બેઠાં હશે, ભુખે મરતાં હશે, એવી રીતની મેં જીવદયા ધ્યાયી. તે વારે ગુરૂ બોલ્યા, અરે સાધુ ! તમે મિથ્યાત્વ રૂપ પાતક ધ્યાયું, કેમ કે પાપ વિના ખેતીનો ધંધો થાય નહીં. તે માટે મિચ્છામિ દુક્કડ દઈને શુદ્ધ થાઓ ॥ ઇતિ દ્વિતીય દૃષ્ટાંત ॥

હવે ત્રીજો દૃષ્ટાંત કહે છે. સોરઠ દેશને વિષે એક બ્રાહ્મણ રહેતો હતો, તેનો પુત્ર સાસરે જવા લાગ્યો. તેવારે પિતાયે શિખામણ આપી કે હે બેટા ! એક વાર હા કહેવી અને એકવાર ના કહેવી, એવી પિતાની શિક્ષા ધારણ કરીને સાસરે પહોંચ્યો. ત્યાં સાસુ, સસરાએ પૂછ્યું જે ભટ્ટજી ! તમે આવ્યા ? તેવારે બ્રાહ્મણ બોલ્યો હાજી. ફરી સાસુ, સસરે પૂછ્યું. ઘરે કુશળ ક્ષેમ છે ? તેવારે બ્રાહ્મણ બોલ્યો નાજી, તેવારે ફરી પૂછ્યું કે તમારો પિતા દેવલોક પહોંચ્યા ? તેવારે કહ્યું હાજી. ફરી પૂછ્યું તેમની પછવાડે કાંઇ ખરચ ખરાજાત કરી ? તેવારે કહ્યું નાજી. તેવારે તે બોલ્યા કે તમે તો મોટા મૂર્ખ છો ? તે સાંભળીને કહ્યું કે હાજી. એટલી વાત સાસુ સસરાને કહી તે વારે સર્વ બ્રાહ્મણ મળીને મોકાણે ગયા. ત્યાં જઇને જુવે છે તો જમાઈનો પિતા જીવતો બેઠો છે ત્યાં જઇ રામ રામ, જુહાર જુહાર, કરીને સર્વ મલ્યા. તેવારે તેમણે પૂછ્યું કે તમે સર્વ શા [illegible] આવ્યા છો ? તે સાંભળી સર્વ બોલ્યા કે તમારે [illegible] વાત અમારા પાસે કહી. તે સાંભળી તેના પિતાયે કહ્યું કે [illegible] તો મુર્ખ છે, એવા જીવને જડ કહીયે. અહીં ઋજુ [illegible] અને જડ એટલે મુર્ખ સમજવા, એવા સાધુ પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવને વારે જાણવા, એટલે પ્રથમ તીર્થંકરના વારાના [illegible] ત્રણ દૃષ્ટાંત કહ્યા.

[illegible] તીર્થંકર શ્રીમહાવીરસ્વામીના સાધુ વક્ર અને જડ [illegible] દૃષ્ટાંત કહે છે. કોઇએક સાધુ સ્થંડિલે ગયો. ઘણું [illegible], તે વારે ગુરૂયે પૂછ્યું કે કેમ બાહુ વખત લાગ્યો ?

સાંભળી શિષ્યે કહ્યું કે નાટકીઆ જોવા ઉભો રહ્યો હતો. તેને [illegible] થયો તેવારે મિચ્છામિ દુક્કડં દીધું. ફરી એક દિવસે વળી ઘણો વખત લાગવાથી ગુરુએ પૂછ્યું તેવારે વક્ર જડ [illegible] ઉભો રહ્યો હતો. [illegible] દીધા અને બોલ્યો કે હું તો નટડી જોવા ઉભો રહ્યો હતો. તેવારે ગુરુએ ઠપકો દીધો, તે સાંભળી શિષ્ય બોલ્યો કે નટ- [illegible] ને તો આપ નાટકીઆ [illegible] હતા પણ નટડી [illegible] દીધો. તેને વક્ર- [illegible] ન હતી. એવી રીતે આવો ગુરુને [illegible] દીધો.

આનો દૃષ્ટાંત કહ્યો.

હવે ઋજુ જડ સાધુથી એક શેઠના પુત્રનો દૃષ્ટાંત કહે છે. એક શેઠનો પુત્ર દુર્વિનીત હતો. તે પોતાનાં મા બાપ સાથે વઢ- વાડ કર્યા કરે, તેને મા બાપ ઘણું ઘણું સમજાવે, પણ તેનું કહ્યું માને નહીં. પછી કેટલાએક માણસોએ તેને શીખામણ આપી કહ્યું કે મા બાપ સામું બોલવું નહીં. તેવારે તેણે કહ્યું ઠીક. પછી એક દિવસે મા બાપ [illegible] પુત્રને [illegible] પછી [illegible] ગયાં. પાછળથી પુત્ર ઘરમાં [illegible] કર્યાં, તેણે પુત્ર [illegible] તે પાછાં [illegible] આવ્યાં, તે વારે પુત્રને [illegible] કર્યાં, [illegible] ઉપરથી [illegible] ઘરમાં [illegible] આવે નહીં તેવારે તેનો બાપ [illegible] હતો છે, હવે [illegible] આ [illegible] તો પુત્ર [illegible] કર્યાં [illegible] તેવારે બાપે કહ્યું કે હે પુત્ર! તને [illegible] તો કમાડ [illegible] ઉઘાડ્યાં નહીં? તે સાંભળી પુત્ર [illegible] લાગ્યો, કે [illegible] સામું બોલવું નહીં, તે માટે મેં [illegible] હતી [illegible] નહીં. [illegible] નહિં અને [illegible] પાણી પીવરાવે. અને [illegible] કહ્યું કે [illegible] તો નથી [illegible]. તેવારે [illegible] કહ્યું કે [illegible] તેણે કહ્યું કે [illegible] તો નહીં [illegible] પછી [illegible] ઉપર [illegible] પુત્ર [illegible] પછી [illegible] સાધુ [illegible] આવીને [illegible] ઘણો [illegible] કહ્યું કે [illegible] એવી [illegible] પુત્રને [illegible] કહી [illegible]

મળે તો તેને મોટે સાદે જુહાર કરજે. પછી વાટે જાતાં એક પારધિ ખાસો માંડી મૃગલાં એકઠાં કરી ઉભો હતો, તેને દેખી મોટે સાદે જુહાર કર્યો, તેથી મૃગલાં નાશી ગયાં. પારધિએ માર મારી મૂર્ખો જાણી કહ્યું કે ભુંડા માર્ગે છપતો જાજે. આગલ જાતાં કોટવાલ ચોરની શોધ કરવા નિકળ્યો છે, તેણે તેને છપતો દેખી ચોર જાણી કુટ્યો એવા પ્રકારના વક્ર અને જડ શ્રી મહાવીર પ્રભુના સાધુ જાણવા.

હવે બાવીશ તીર્થંકરના સાધુ કહેવા હોય ? તે કહે છે. તથા મુનિનો દશવિધ કલ્પ કહે છે.

॥ ત્રુટક ॥ શુભમના સરલ ને દક્ષ પ્રાણી, મધ્યજિન ના જાણિયે ॥ તેહ ભણિ બહુપરે નિયત અનિયત, કલ્પ ચઉ ખટ આણીયે ॥ કલ્પ દશવિધ કહ્યો મુનિનો, ધર્મ્મ પૂરવ માનથી ॥ ભદ્રબાહુ સ્વામિભાષિત,સૂત્ર સુણો બહુમાનથી ॥ ૩ ॥

અર્થઃ— શુભમના કે૦) શુભ મનવાળા તથા (સરલને કે૦) સધા અને (દક્ષ કે૦) ડાહ્યા એવા (પ્રાણી કે૦) સાધુજન તે (મધ્યજિનના જાણિયે કે૦) મધ્યમ તીર્થંકરના જાણવા. એટલે શ્રીઅજિતનાથથી માંડીને શ્રીપાર્શ્વનાથ ભગવાન્ પર્યંતના સાધુ એવા જાણવા. (તેહ ભણી કે૦) તે કારણ ભણી (બહુપરે કે૦) ઘણા પ્રકારે કહ્યા છે એહવા ' નિયતઅનિયત કે૦) નિયત અને અનિયતની ભાષાયે કરીને (કલ્પ ચઉ ખટ આણીયે કે૦ . કલ્પ એટલે કલ્પસૂત્રમાં કહ્યો એવો ચાર પ્રકારનો નિયત તથા છ પ્રકારનો અનિયત. મળીને (દશવિધ કે૦) દશ પ્રકારનો (કલ્પ કે૦) આચાર તે મુનિનો. ધર્મ્મ કે૦) મુનિનો ધર્મ, (કહ્યો કે૦) કહ્યો છે, તે (પૂરવમાનથી કે૦) ચૌદ પૂર્વના પ્રમાણથી કહ્યો છે. તે (ભદ્રબાહુ સ્વામી કે૦)

ચૌદ પૂર્વના જ્ઞાનવાળા મહાપ્રભાવિક એવા શ્રી ભદ્રબાહુ સ્વામી એવું ભવ્ય પ્રાણીને તારવાને અર્થે (ભાખિત કે૦) ભાખેલું એવું જે . સૂત્ર કે૦) કલ્પસૂત્ર તેને વિષે કહ્યા કે૦) કહ્યા છે. તે કલ્પ-સૂત્રના અધિકારને ([illegible] બહુમાનથી કે૦) બહુ આદરે કરી સાંભળો.

હવે બાવીશ જિનના વારાના સાધુ સ્થંડિલથી મોડા વેળાએ આવ્યાથી ગુરુએ કહ્યું. કે કેમ બહુ વખત લાગ્યો? સાધુ બોલ્યા [illegible] જોતા ઊભા રહ્યા હતા. ત્યારે ગુરુએ વાર્યા. ફરી એકદા ફરતાંમાં નટડી દીઠી, ત્યારે તેઓ પંડિત અને પ્રાજ્ઞ વિચાર્યું જે ગુરુએ નાટકીયા નિવાર્યા તો હવે એ નટડી તો વળી વિશેષ રાગની હેતુ છે. માટે એમ નજ જોવી. એ ઋજુ પંડિત દૃષ્ટાંત.

હવે દશ પ્રકારનો યતિનો આચાર કહે છે.

૧ તિહાં પ્રથમ અચેલકકલ્પ કહે છે. તે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને શ્વેત વસ્ત્ર વર્તે. [illegible] માનોપેત હોય, એટલે [illegible] હાથ આયામ લાંબો અને [illegible] હાથ અંગુલ [illegible] ચોલપટ્ટો[1] હોય, તથા [illegible] હાથ [illegible] કપડો[2] અને એક [illegible] અને ચાર આંગુળની મુહપત્તી હોય, ઇત્યાદિક માનોપેત ઉપકરણ વસ્ત્ર હોય, માટે એને અચેલક તે [illegible] નિર્ગ્રન્થ મુનિ. તિહાં દૃષ્ટાંત કહે છે. જેમ કોઈએક [illegible] શરીર ઉપર અને [illegible] હોય. તે [illegible] સમજવા. જેમ કોઈક પુરુષ, પાણીમાં [illegible] કોઈ એક [illegible] કહ્યું કે ભાઈ! તું [illegible] કેમ [illegible] ત્યારે તે કહે કે હું નગ્ન થઈ નથી ઉતર્યો, એટલે [illegible] પાણીનું [illegible] જાણવો. વળી [illegible] કહ્યું કે ભાઈ! [illegible] હોય તો [illegible], હું [illegible] છું. એમ સાધુને પણ જાણવો.

[1] ચોલપટ્ટો, [2] કપડો.

પેન વસ્ત્ર છે માટે અચેલક કહિયે. અને બાવીશ જિનના મુનિ તો ઋજુ અને પંડિત માટે મહામૂલ્ય મૂલ્યનાં, પાંચ રંગનાં અને માનોપેત રહિત એવાં વસ્ત્ર (પણ) રાખે, માટે તેને સચેલક કહિયે. એમને અચેલક કલ્પની કાંઇ મર્યાદા નથી માટે એઓને અચેલક કલ્પ અનિયત છે. એ પ્રથમ "અચેલક કલ્પ" કહ્યો.

૨ હવે બીજો ઉદ્દેશિક કલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વખતમાં જે સાધુ અથવા સાધ્વીની નિમિત્તે કોઈ ગૃહસ્થે ભાત, પાણી, ઔષધ, ભૈષજ્ય, વસ્ત્ર, પાત્ર નીપજાવ્યાં હોય, તે આહારાદિક જેના નિમિત્તે નિપજાવ્યા હોય તેહીજ સાધુને કલ્પે નહીં, પરંતુ બીજા સાધુને કલ્પે, કેમકે તેને આધાકર્મિક દોષ ન લાગે. શ્રીઆદિનાથના વારામાં તથા શ્રીવીરભગવાનના વારામાં એક સાધુ અથવા એક સાધ્વીને અર્થે જે આધાકર્મિક આહારાદિક નીપજાવ્યાં હોય, તે બધાએ સાધુને લેવા કલ્પે નહીં, એ બીજો "ઉદ્દેશિક કલ્પ" જાણવો.

૩ ત્રીજો શય્યાતરિ પિંડનો કલ્પ કહે છે. જે ઉપાશ્રયનો ધણી હોય, તે શય્યાતરિ કહેવાય, અથવા સાધુને ઉતરવાની રહેવાની જગ્યા આપે, તે ઘરના સ્વામીને શય્યાતરિ કહિયે. તે ગૃહસ્થના ઘરનાં વસ્ત્ર, પાત્ર આહારાદિક સર્વતીર્થંકરના સાધુને વહોરવા કલ્પે નહીં, કેમ કે તે, સાધુના રાગે કરી દહિં દૂધ પ્રમુખ સ્નિગ્ધ આહાર પણ આપે, તેથી રસગૃદ્ધિ થાય, અને મિષ્ટાન્નના લોભે તેનું ઘર ન મૂકે. કદાપિ બીજે ગામે વિહાર કર્યો હોય, તો પણ ત્યાં ફરી આવે. તથા વસ્ત્રાદિક માગ્યાં થકાં તરતજ આપે તેથી ઉપધિની વૃદ્ધિ થાય. વળી તેનો પિંડ લેતાં થકાં ગામમાં ફરવાથી છૂટે, તેથી શરીર જાડું થાય. વળી ગૃહસ્થને ભય ઉપજે કે સાધુને રહેવા સ્થાનક આપીશું તો આહારાદિક પણ આપણેજ આપવાં પડશે, તેથી કોઈ શય્યા આપે નહી. ઇત્યાદિક અનેક દોષ ઉપજવાના સં

એવ માટે શય્યાતરિનો પિંડ સર્વે તીર્થંકરે નિષેધ્યો છે, એ ત્રીજો "શય્યાતરિ પિંડ કલ્પ" કહ્યો. ॥ ૩ ॥

૪ હવે ચોથો રાજપિંડકલ્પ કહે છે. જે મોટો છત્રપતિ રાજા હોય, તેના ઘરનો પિંડ બાવીશ તીર્થંકરના વારાના સાધુને કલ્પે, પણ પહેલા અને છેલ્લા તીર્થંકરના વારાના સાધુ સાધ્વીને રાજાના ઘરનો આહાર કલ્પે નહીં, કેમકે રાજદ્વારમાં કોઇએક આવાગમનિક કહે તથા વળી, વેશ્યા સ્ત્રી પ્રમુખને જોતાં થકાં રાગ ઉપજે, કોઇક ચોર ચૈત્ય કહે. ઇત્યાદિક અનેક દોષ ઉપજે. એ રાજપિંડ અન્ય દર્શનીઓના શાસ્ત્રમાં પણ વર્જ્યો છે માટે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુએ રાજપિંડ ન લેવો અને બાવીશ તીર્થંકરના વારાના સાધુ ઋજુ અને પંડિત છે તે નિર્દોષ આહાર જાણે ત્યારે રાજપિંડ પણ લીયે અને દોષ જાણે ત્યારે ન લીયે. એ ચોથો કલ્પ ॥ ૪ ॥

૫ હવે પાંચમો કૃતિકર્મ કલ્પ કહે છે. કૃતિકર્મ એટલે વાંદણું, ત્યાં શ્રી વીતરાગના શાસનને વિષે પુરુષ પ્રધાન ધર્મ પ્રવર્તે છે, તે કારણ માટે જો સાધ્વી સો (શત) વર્ષની દીક્ષિત હોય અને સાધુ એક દિવસનો દીક્ષિત હોય તો પણ સાધ્વી સાધુને વાંદે, એ પાંચમો "કૃતિકર્મ કલ્પ" જાણવો ॥ ૫ ॥

૬ હવે છઠ્ઠો વ્રતકલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વારાના સાધુ સાધ્વીને ચાર મહાવ્રત રૂપ ધર્મ કહેલ છે. જે સ્ત્રી તે ચોથું વ્રત અને પાંચમું વ્રત એ બેહુને એકજ વ્રત કરી જાણે છે. એટલે સ્ત્રીને પરિગ્રહ માંહીજ પરિગ્રહ ગણીને લીધી છે. કારણ કે સ્ત્રીઓ વિના પરિગ્રહ અને સ્ત્રીઓ પરિગ્રહ વિના એ ન હોય છે. માટે બાવીશ તીર્થંકરના સાધુને ચાર મહાવ્રત જાણવાં અને પહેલા તથા ચરમ તીર્થંકરના સાધુ સાધ્વીને સ્ત્રી જુદી અને પરિગ્રહ જુદું જાણ્યું માટે પાંચ મહાવ્રત જાણવાં. તથા પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને છઠ્ઠું રાત્રિભોજનવ્રત મૂળ ગુણમાં છે, અને બાવીશ જિનના

સાધુને રાત્રિભોજનવ્રત ઉત્તર ગુણમાં છે. એ "છઠ્ઠો વ્રતકલ્પ" ॥ ૬ ॥

૭ હવે સાતમો જ્યેષ્ઠકલ્પ કહે છે. પહેલા અને છેહેલા તીર્થંકરના વારામાં ઉઠામણના [1] દિવસથી ન્હાના મહોટાપણું ગણાય છે, અને બાવીશ તીર્થંકરના વારામાં દીક્ષાના દિવસથી ન્હાના મહોટાપણું ગણાય છે, માટે અહીં પિતા પુત્ર, રાજા પ્રધાન, મા દીકરી, એ સર્વ સાથે દીક્ષા લીયે તો લોક રીતે પિતા મહોટો અને પુત્ર ન્હાનો એ રીતે ન્હાના મહોટાપણું ગણાય છે. દીક્ષિત પિતાદિકની સંમતિ વગર પુત્રાદિકને પ્રથમ વડી દીક્ષા આપી શકાય નહિ, તેમને અપ્રીતિ વગેરે થવાના સંભવ થકી.

૮ હવે આઠમો પ્રતિક્રમણકલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના સાધુ જેવારે પોતાને પાપ લાગતું જાણે, તેવારે પડિક્કમણ કરે, અન્યથા ન કરે, અને પહેલા તીર્થંકરના સાધુ તથા છેહેલા તીર્થંકરના સાધુને પાપ લાગે અથવા ન લાગે, તો પણ પ્રતિદિવસ નિરંતર પડિક્કમણ કરે, તે પણ બાવીશ જિનને વારે દેવસિ અને રાઇ એ બે પડિક્કમણાંજ કરતા, અને પહેલા તથા છેહેલા જિનને વારે તો દૈવસિકાદિક પાંચ પડિક્કમણાં કરે.

૯ હવે નવમો માસકલ્પ કહે છે. બાવીશ તીર્થંકરના વારાના સાધુ ઋજુ અને પંડિત માટે તેને માસકલ્પ કરવાનો નિયમ નહીં. જો લાભ જાણે, તો એક ક્ષેત્રમાં ઘણા કાલ પર્યંત પણ રહે. અને પહેલા તથા છેહેલા તીર્થંકરના સાધુ તો એક માસ પર્યંત રહે, ઉપરાંત રહે નહીં. માત્ર ચોમાસામાં ચાર માસ પર્યંત રહે, કેમકે વધારે રહેવાથી ગૃહસ્થ સાથે પ્રતિબંધ થાય, હલકાપણું [2] પામે લોકનો ઉપગાર કરી ન શકે, દેશ વિદેશનું જ્ઞાન ન થાય, જ્ઞાનનું આરાધન ન થાય, માટે કદાચિત્ દુર્ભિક્ષાદિકને કારણે રહેવું પડે

૧ છેદોપસ્થાપનીય ચારિત્ર -ઉપસ્થાપના. ૨ લઘુતા

લોચનુ પ્રમુખ પાલટણ કરે, પાટ પલટાવે, ઘર પલટાવે, સંથા-
રાની ભૂમિ પલટાવે, એમ ભાવથી આચરણા છે.

૧૦ હવે દશમો પર્યુષણાકલ્પ કહે છે. પર્યુષણા પર્વ આવે,
ત્યારે અઠ્ઠમ ઉપવાસ કરે તથા લોચ કરાવે, તથા કલ્પસૂત્ર વાંચે.
પ્રથમ તો કોઇપણ સાધુ ગૃહસ્થને કલ્પસૂત્ર સંભળાવતા ન હતા,
માત્ર ભાદરવા સુદિ પંચમીના દિવસે એક યોગ્ય સાધુ સૂત્રપાઠ
મુખે વાંચતાં (બોલતા) અને બીજા સાધુ કાઉસ્સગ્ગ કરી સાંભ-
ળતા હતા, "પજ્જોસવણાકપ્પ કઢ્ઢાવણિય કાઉસ્સગ્ગં કરેમિ" એમ કાઉસ્સગ્ગ
કરતા, આગલ એવી રીતની સ્થિતિ હતી—સમાચારીનો વિધિ
હતો અને હવે તે સાધુ જ્યાં ચોમાસું રહે, ત્યાં ઉત્કૃષ્ટા તેર ગુણ
હોવાને રહે, તે તેર ગુણ કહે છે. એક તો જે ગામમાં કાદવ ઘણો
ન હોય, બીજે ઘણા સંમૂર્છિમ (બે ઇંદ્રિયાદિક જીવ) ન હોય,
ત્રીજે જ્યાં સ્થંડિલ ભૂમિનાં સ્થાનક ચોખ્ખાં (નિરવદ્ય) નિરાબાધ
ઘણે ભાગતા હોય, ચોથો જ્યાં સાધુ પોતે રહે, તિહાં સ્ત્રી, પશુ,
પંડકાદિક (નપુંસક) ન હોય, પાંચમો જે દેશે જ્યાં દૂધ ઘણું મ-
ળતું હોય, છઠ્ઠો જે ગામમાં સજ્જન કુટુંબાદિક બહુ શ્રાવક ભક્તિ-
વંત હોય, સાતમો જ્યાં વૈદ્ય ભદ્રક હોય, આઠમો જ્યાં સાધુને
ઔષધાદિક સુલભ મળી શકે, નવમો જ્યાં શ્રાવકોના ઘરમાં ઘણું
ધન, ધાન્ય હોય, કોઇ પ્રકારની ચિંતા ન હોય, દશમો જ્યાં રાજા
જ્ઞાતિભદ્રક હોય, યતિની ભક્તિ ઘણી કરે, અગીઆરમો જ્યાં
બ્રાહ્મણ, તાપસ, જોગી, બૌદ્ધ, સાધુનું અપમાન ન કરે, બારમો
જે દેશમાં ભિક્ષા સુલભ મળે, તેરમો જ્યાં સજ્ઝાય (ધ્યાન) સૂઝે
થાય. એ તેર ગુણ ઉત્કૃષ્ટ પણે જાણવા, પરંતુ જો કદાપિ એટલા યોગ
ન મળે તો પણ ચાર ગુણ તો અવશ્ય જોવા, તે કહે છે. એક તો
વિહાર ભૂમી એટલે જિન મંદિર નજદીક હોય, બીજે સ્થંડિલભૂમિ
શુદ્ધ (નિર્દોષ) હોય, ત્રીજે ભિક્ષા સુલભ મળતી હોય, ચોથે સજ્ઝાય
સૂઝે થાય, એ ચાર ગુણ જોઇને રહેવું. હવે ચોમાસું ત્યાં સાધુ

પછી પોતે. પિતાની ગતિને અર્થે પરદેશમાં જઈને કોઇ એક ઋષિ પૂછ્યું જે મહારો બાપ બલદ થયો છે અને માતા કૂતરી થઈ તેની શી ગતિ થાશે? તે સાંભળી ઋષિ બોલ્યો કે એમણે અપર કામક્રિડા કીધી, તેના પાપથી કૂતરી તથા બલદ થયાં છે. હવે દશ દશ મૂઠી અડદના બાકલા ઋષિ પાંચમને દિવસે ખાય ગતિ થાય. પછી તે બ્રાહ્મણે તેમજ કીધું, તે દિવસથી લોકને ઋષિપાંચમનું નામ પ્રસિદ્ધ થયું છે.

હવે શ્રી પર્યુષણા પર્વ આવ્યાં થકાં સાધુને (૧) લોચ કરવો (૨) ધર્મકાર્ય કરવું, (૩) અઠ્ઠમ તપ કરવું, (૪) સર્વ દેરાસરને વિષે અરિહંતની ભક્તિ (વંદન નમસ્ક્રિયા) કરવી, (૫) શ્રીસંઘની માંહે ખામણાં કરવાં. એ પાંચ કારણ મોટકાં છે.

શ્રીતીર્થંકર ગણધરે કહ્યું છે કે પર્યુષણ પર્વ આવ્યાં થકાં શ્રાવ (૧) યથા શક્તે તપ, જપ કરવાં, (૨) શ્રુતજ્ઞાનની ભક્તિ કરવી, (૩) તેલાદિકનું (અઠ્ઠમાદિક) વ્રત કરવું, (૪) અભયદાન દેવું, (૫) સોપારી, નાલીયેર પ્રમુખની પ્રભાવના કરવી, (૬) શ્રીવીતરાગ દેવની પ્રતિમા પૂજવી. (૭) શ્રીસંઘની ભક્તિ કરવી, (૮) ભોગના વસ્તુનો ત્યાગ કરવો, (૯) કર્મક્ષય નિમિત્ત કાઉસગ્ગ કરવો, (૧૦) બ્રહ્મચર્ય પાળવું, (૧૧) આરંભ વર્જવો, (૧૨) પોતાની શક્તિ પ્રમાણે દ્રવ્ય ખર્ચવું, (૧૩) મહોટા મહોત્સવ કરવો

પ્રથમ તો ભાદ્રવા શુદી પંચમીના દિવસે રાત્રિનું સાંવત્સરિ પડિકમણું કર્યા પછી ઉભાં થકાં કલ્પસૂત્રનો પાઠ, મુખે કહેતાં ... [illegible] ... શ્રાવક સર્વ કાઉસગ્ગ કરીને મુખે પાઠ સાંભળતા ... [illegible]

હવે મુહૂર્તકાલ થયું, તે કહે છે. શ્રીમહાવીર ભગવાનથી નવસેંને એંશી વર્ષે ગયું તથા નવસેં ત્રાણું વર્ષે આનંદપુર નગરને વિષે થયું. તે આનંદપુરને હમણાં વડનગર કહે છે. તિહાં ધ્રુવસેન નામા રાજા રાજ્ય કરતો હતો. તેને અત્યંત વલ્લભ સેનાંગજ નામે એક પુત્ર હતો, તે દૈવયોગે મરણ પામ્યો. પછી પર્યુષણ આવ્યા થકી રાજા અત્યંત શોકાક્રાંત થયો હતો. તે માટે ધર્મશાળાને વિષે પણ ન આવે, તેથી જેમ રાજા આવે, તેમ કરવું પણ જોઇએ. એવા ચિંતવી ગીતાર્થ એક વ્યવહારિયા પ્રમુખ જે લોક હતા, તે પણ ધર્મશાળાએ વિષે ન આવે. એવો રાજાને શોકાતુર થયો જાણી ધર્મની હાનિ થતી દેખીને ગુરુ પણ ધ્રુવસેન રાજા પાસે ગયા. રાજાને કહ્યું કે હે રાજન્! તમે શોકાક્રાંત થયા તેથી નગરના લોક પણ સર્વે શોકાક્રાંત થયાં છે. આ સંસાર અનાદિ સર્વ અનિત્ય છે. આયુષ્ય ચંચળ છે, સંસાર અસાર છે અને નગરના પ્રાણીઓ તથા રાજાના તો એક વિશ્વાસ છે. અને શ્રી જિનધર્મ એજ સાચું એક શરણ પણ અનુભવ કહ્યો છે. માટે હવે તમે ધર્મશાળાએ આવો તો તમારા પુત્ર આદિકથી કલ્પસૂત્રની વાચના અનુક્રમે નહીં, શોકરૂપ અગ્નિ ઉપશમશે, કલ્પસૂત્ર સાંભળવાથી. પ્રવીણ કહેતા હતા, કહેવાય છે. તે સાંભળી. તે રાજા ગુરુનું વચન અંગીકાર કરીને પ્રભાતથકી રાજા ધર્મશાળા આવ્યો. તેવારે નગર લોકમાં હર્ષ થયો, અત્યંત મોટો ઉત્સવ. મહોત્સવપૂર્વક કલ્પસૂત્ર પૂર્વે સાંભળ્યું; તે દિવસથી સર્વ લોક સભામાં કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ થઈ, એમાટે ગુરુની [1] પટ્ટાવલીએ કહી એવો પણ

[1] [illegible] 'ધ્રુવસેન રાજાના [illegible]' [illegible] (વિશેષ જુઓ [illegible])

એટલે જેમ ચીંતિત ફલ ઉપજાવે છે. તેમ આ કલ્પસૂત્ર પણ ઉપજાવે જાણવું. વળી આ કલ્પસૂત્રને સાંભળવાથી ઘણા ગુણ થાય છે. વળી ઘણાં માંગલિકની વૃદ્ધિ કરે. વળી અનુક્રમે [illegible] કરવાથી નાગકેતુની પેરે ઉત્તમ કેવલજ્ઞાન પામીને શાશ્વત સુખ મોક્ષપદ પામીએ ॥ ૪ ॥ કલ્પતરાદિ ॥

હવે જેમ શ્રી કલ્પસૂત્ર ચીંતિત ફલ આપનાર છે, તે વેદની કથા [illegible] છે. તે અત્યંત વલ્લભ છે, તેથી [illegible] છે. [illegible] ને એક ગુણ છે. [illegible] આ ગુણને [illegible] એવું [illegible] કેમ [illegible] ના વિચાર કર્યો કે [illegible] આ ગુણને [illegible] ન આવે! [illegible] વિચારી [illegible] ના પછી કોઈ [illegible] ન આવે [illegible] આ ગુણનું [illegible] કર્યું. [illegible] અને તેમને કહ્યું કે [illegible] [illegible] છે. [illegible] છે કે [illegible] સાંભળી [illegible] કહ્યું કે [illegible] છે. [illegible] નહીં તો [illegible] છે. [illegible] સાંભળી [illegible] કહ્યું [illegible] [illegible] [illegible] [illegible] નહીં. તે સાંભળી [illegible] કહ્યું [illegible] [illegible] આવે! [illegible] છે તે [illegible] [illegible] [illegible] અને [illegible] વૃદ્ધિ, સિદ્ધિ [illegible] [illegible] [illegible] સાંભળી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહીં. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સાધુનો અટ્ઠમ કરે, જિનપૂજા, સાધુ સેવા નિત્ય કરે. એ રીતે પરમ શ્રાવક થયો.

એકદા એક પુરુષને રાજાયે ચોરીનું જૂઠું કલંક ચડાવીને માર્યો, તે મરીને વ્યંતર થયો. તેણે આવી રાજાને લોહી વમતો કરી નગર પ્રમાણે શિલા વિકુર્વીને લોકને બીહીવરાવવા લાગ્યો, તે જોઇ નાગકેતુએ જીવદયાને હેતે તથા ભગવંતના ચૈત્યનો વિનાશ થતો જાણી ભગવંતનાં પ્રાસાદ ઉપર ચડીને તે પડતી શિલાને હાથે ધરી રાખી. એવી તપોશક્તિ દેખી વ્યંતર આવી પગે લાગ્યો અને નાગકેતુના વચનથી રાજાને પણ શાતા કરી, શિલા રાખી વ્યંતર પોતાને સ્થાનકે ગયો, પછી નાગકેતુને રાજાયે સન્માન્યો. એકદા નાગકેતુને ભગવંતની પૂજા કરતાં ફુલ માંહેલા તંબોળી સર્પે ડસ્યો, છતાં અવ્યગ્રપણે ભાવનારૂઢ થયેલા તેને કેવળજ્ઞાન ઉપજ્યું. દેવતાએ ઓઘો, મુહપત્તી પ્રમુખ સાધુનો વેશ આપ્યો. વિહાર કરતાં, ભવ્ય જીવને પ્રતિબોધ દેતાં, અનુક્રમે તે મોક્ષ સુખ પામ્યા. એમ જાણી નાગકેતુની પેરે અટ્ઠમ તપનું આરાધન કરવા સારૂ કોઇએ યત્ન સેવવો અત્યંત ઉપકારક છે.

॥ ઇતિ અટ્ઠમ ઉપર નાગકેતુની કથા. ॥

ઇણિ પરે પીઠિકા, કહિ કલ્પ માંહિયે,
પાંચ કલ્યાણક, વીરનાં એ ॥
દશમ દેવલોકથી, આવીય ઉપના,
જંબુ નામી જંબુ, ભરતમાં એ ॥ ૫ ॥

અર્થ:—એવી રીતે આ કલ્પસૂત્રની પીઠિકા કહીને પછી કલ્પસૂત્ર માંહિ, જેમાં શ્રીમહાવીર સ્વામીના પાંચ કલ્યાણક કહ્યાં છે. અહીંઆં કોઇ એક છ કલ્યાણક કહે છે. તે નિષેધાર્થે

...ત્તિ છે. અને તેમની મોટી ભૂલ છે, કેમકે ચોવીશ તીર્થ-
...ના કેટલેકને બીજાં કલ્યાણક શાસ્ત્રમાં કહ્યાં છે, પણ કેટલેકને
...ચોવીશ કલ્યાણક તો કોઈ શાસ્ત્રમાં દેખાતાં નથી. વળી તો શ્રી
... કલ્યાણક તો કોઈ શાસ્ત્રમાં [illegible] સંભવિ શકે છે. તે
... કલ્યાણક [illegible] કલ્યાણક [illegible] પરંતુ [illegible]
... [illegible] કહેવું. [illegible] થઈ શકે. [illegible] પ્રતીત.
... તો [illegible] [illegible] દેવલોકથી [illegible] આધાર
નથી. વળી [illegible] દેવતાનું આયુષ્ય છાંડીને, દેવતાનો [illegible]
દેવતાનું શરીર છાંડીને. [illegible] જે [illegible] ભગવંત [illegible] અને કરી [illegible] જંબુદ્વીપના
છાંડીને. [illegible] તે [illegible] તે [illegible]
[illegible] [illegible] આવી ઉપન્યા. તે [illegible] [illegible] [illegible]
[illegible] શ્રી મહાવીર. [illegible] તેનાં [illegible] (૧
[illegible] તેનાં પાંચ કલ્યાણક [illegible] [illegible] [illegible]
[illegible] દેવતાનું શરીર છાંડીને આવાના [illegible] (૩
[illegible] [illegible] (૨) [illegible] (૪) [illegible]
[illegible] દીક્ષા લીધી. (૪) [illegible] [illegible] [illegible]
[illegible] (૫) સ્વાતિ નક્ષત્રમાં [illegible]
[illegible] પાંચ કલ્યાણક [illegible].
[illegible] પાંચ કલ્યાણક [illegible]

[illegible]
[illegible] સ્થવિરાવલિ [illegible] [illegible]
[illegible] પંચકલ્યાણક [illegible]
[illegible] જંબુદ્વીપ [illegible]
[illegible]
[illegible] છે.
[illegible]
[illegible]
[illegible]
[illegible]

॥ત્રુટક॥ તુરત માહણ કુંડ ગ્રામે, ઋષભદત્ત દ્વિજનાર એ
દેવાનંદા મધ્યરયણિ પેખે, સુપન દશ ને ચાર એ ॥
ઉત્તરા ફાલ્ગુનિ ચંદ્ર યોગે, શુકલ છઠ્ઠ શુદિ માસની,
સુપન વીતક કંત આગલ, કહે આવી આસને ॥ ૬ ॥

અર્થઃ—તે દશમા દેવલોકથકી ચવીને તરત માહણકુંડ ગ્રામને વિષે ઋષભદત્તનામા બ્રાહ્મણ વસે છે, તેની દેવાનંદા નામે સ્ત્રી છે, તેની કુખે આવી ઉપન્યા. તેવારે તે દેવાનંદાયે મધ્યરયણીના સમયને વિષે ચૌદ સ્વપ્ન દીઠાં. તે દેખીને જાગતી હવી, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ આવ્યે છતે આષાઢ શુદિ છઠ્ઠના દિવસની રાત્રિને વિષે સુપન દેખીને દેવાનંદા જાગી. તિહાંથી ઉઠીને હવે સુપનનું ફલ પૂછવાને અર્થે પોતાના સ્વામી પાસે ઢુકડી જતી હવી. ત્યાં જઈ બે હાથ જોડી, દશ નખ એકઠા કરીને સુપનવીતક વાત પોતાના પતિને સંભળાવતી હવી.

કહે તિહાં ઋષભદત્ત, આપણે ઘર હોશે,
સુત સવિ શાસ્ત્રનો, પારગામિ ॥
માનોપેત શરીર સુલક્ષણો,
સુજસ સૌભાગ્ય ગુણ, સયલ ધામિ ॥ ૭ ॥

અર્થઃ—તેવારે તે દેવાનંદા બ્રાહ્મણી પ્રત્યે ઋષભદત્તનામા બ્રાહ્મણ કહેતો હવો, કે હે સ્રી! આપણે ઘરે પુત્ર થશે. તે પુત્ર કેહેવા થશે? તો કે સર્વ શાસ્ત્રનો જાણ થશે, તથા માનોપેત શરીરે કરી સહિત, સુલક્ષણે કરી લક્ષિત થશે, વલી ઘણો યશસ્વી, ઘણો સૌભાગ્યવંત અને સર્વ ગુણોનું ધામ થશે. ॥ ૭ ॥

વખત પ્રતિમા[1] વહી, તેણે કરીને શતક્રતુની[2] પદવી પામ્યો હતો, હમણાં બત્રીશ લાખ વિમાનનો ધણી થયો છે, તેનો પૂર્વલો ભવ ભાંખીયે છીયે.

તેકાલે તે સમયને વિષે ઇંદ્રનું આસન ચલાયમાન થયું, તે વારે દેવતાનો ઇંદ્ર-પરમેશ્વર, પૂર્વલે ભવે કાર્ત્તિક શેઠ પુરંદર હતો, તેણે શતક્રતુનામે યજ્ઞ કીધો હતો, તેની કથા કહે છે. પૃથ્વિભૂષણ નામે નગરને વિષે પ્રજાપાલનામે રાજા હતો, તે નગરને વિષે કાર્ત્તિક શેઠ મહર્દ્ધિક રાજ્યમાન પરમ શ્રાવક જૈનધર્મી રહે છે. તે શેઠે શ્રાવકની અગીઆર પ્રતિમા પૈકી પાંચમી પડિમા સો વાર વહી ।। ગાથા ।। વંદણ વય સામાઇય, પોસહ પડિમાઉ બંભ સચિત્તે ।। આરંભ પેસઓ દીઠ્ઠ, વજ્જએ સમણ ભૂએ ય ।। ૧ ।। ઇત્યાદિક પડિમાઓ પૈકી પાંચમી પડિમા સો વાર વહી, તેથી કરી તેનું લોકમાં શતક્રતુ એવું નામ પ્રસિદ્ધ થયું. એવા સમયને વિષે, એ નગરને વિષે માસોપવાસી ગૈરિકનામા પારિવ્રાજક આવ્યો, તેને નગરનાં સર્વ લોક વાંદવાં ગયાં પણ કાર્ત્તિક શેઠ વાંદવા ન ગયા. એવામાં તે તાપસને રાજાયે જમવાને નોતરૂં દીધું, તેવારે તાપસ ક્રોધે કરીને બોલ્યો જે હે રાજન્! જો કાર્ત્તિક શેઠ આવીને મને ભોજન પીરસે, તો હું તાહારે ઘેર જમવા આવું, તેવારે રાજા હાકારો કહી કાર્ત્તિક શેઠને ઘેર ગયો. શેઠે રાજાને આવતો જાણી ઉભો થઇને આદર ભાવ દીધો, પાન, સોપારી, કસુંબાની આગતા સ્વાગતા કરી અને પૂછ્યું જે હે મહારાજ! આપે મ્હારે ઘેર કેમ પગલાં કર્યાં? તે સાંભળી રાજા બોલ્યો જે

૧ કાયોત્સર્ગ પ્રતિમા (શ્રાવકની અગીઆર પડિમા માહેલી પાંચમી પડિમા)

૨ શત એટલે સો અને ક્રતુ એટલે યજ્ઞ-અનુષ્ઠાન (શ્રાવક યોગ્ય પડિમા વહનરૂપ).

હે શેઠજી! મહારો ગુરુ ગૈરિકનામા તાપસ મહારે ઘેર જમવા આવનાર છે, તેને તમે પીરસવા આવજો. તે સાંભળી શેઠ બોલ્યા જે હે રાજન્! હું સમ્યક્ત્વધારી છું, માટે મહારે એ વાત યોગ્ય નથી; પણ તમારી વસ્તીમાં રહું છું, માટે શાસ્ત્રમાં "રાયાભિઓ-ગેણં" એ આગાર છે. તે આગારે કરી તમારા આગ્રહથી જમાડીશ, પરંતુ અભિલાષે નહીં. પછી તાપસ જમવા આવ્યો, ત્યારે શેઠે ખીર પીરસી. પણ તાપસ જમ્યો નહીં અને કહેવા લાગ્યો જે શેઠ વાંસો માંડે, તો થાળ મૂકી ભોજન કરું. પછી રાજાના કહેવાથી શેઠે વાંસો માંડ્યો. આડો થયો; ત્યારે તાપસે થાળ મૂકી ભોજન કર્યું. આંગુલીએ કરી નાક ઘસતો જાય છે અને શેઠને મનમાં કહે છે કે મેં તાહરું નાક વાઢ્યું. ત્યારે શેઠે વિચાર્યું કે જો મેં પૂર્વે દીક્ષા લીધી હોત, તો એવી વિડંબના ન થાત. એમ ચિંતવી શેઠ હજાર ને આઠ પુત્ર સાથે શ્રી મુનિસુવ્રત સ્વામી પાસેથી દીક્ષા લઈ દ્વાદશાંગી ભણી બાર વર્ષ દીક્ષા પાળી સૌધર્મેન્દ્ર થયા અને ગૈરિકનામા તાપસ પણ મરણ પામી તેનું વાહન ઐરાવણ હાથી થયો. પછી જ્યારે ઇંદ્ર હાથી ઉપર અસવારી કરવા લાગ્યો, ત્યારે તેને કાર્તિક શેઠ જાણીને હાથીએ નાસવા માંડ્યું. પછી ઇંદ્રે વજ્રપ્રહારે કરી હાથીએ બે મસ્તક કીધાં. તે જોઈ ઇંદ્રે પણ બે રૂપ કર્યાં. ત્યારે હાથીએ ચાર રૂપ કર્યાં, ઇંદ્રે પણ ચાર રૂપ કર્યાં અને અવધિજ્ઞાને પૂર્વનો વૈર જાણી તાડના કરી ધ્રુજાવવા માંડ્યો અને કહ્યું કે અરે! તું પૂર્વનો વૈર નથી જાણતો. તેં મહારી પીઠ ઉપર જમવા બેઠો હતો, તો હવે તું મહારું વાહન થયો છે; એમ સાંભળી ઐરાવણ પોતાનું મૂળગું રૂપ કરી શાંત થઈ રહ્યો. હવે તે ઇંદ્ર કેહેવો છે? તો કે સુંદર રૂપ છે જેનું. જેહનાં સહજાતિ નેત્ર બે રહ્યાં છે, પણ તેને પાંચસેં મંત્રીશ્વર હોય છે, તેનાં સઘળાં સહસ્ર ચક્ષુ ઇંદ્રનાં સંબંધીજ કહેવાય. વળી તે બત્રીસ લાખ વિમાનનો ધણી છે, વજ્રહસ્ત સ્વરૂપ નિર્મલ

અર્થઃ—સંક્ષેપ—આદર સહિત ઉતાવળો સિંહાસન થકી, ઉઠી ઉભો થઈને પાદપીઠ ઉપર આવીને, તે થકી ઉતરે, એ રીતે ઉઠી ઉતરીને પછી વૈડૂર્યરત્ન, મરકતરત્ન, અરિષ્ટરત્ન, અંજનરત્ન તેણે કરી નિપુણ કારીગરે ઘડેલી, દેદીપ્યમાન મણિ રત્ને જડિત એવી પાવડી (મોજડી) પગથકી ઉતારે. પછી એક સાટિક ઉત્તરાસંગ કરી અંજલિએ કરી હસ્તાગ્ર જોડી તીર્થંકરની સન્મુખ સાત આઠ પગલાં જઈ, પોતાનો ડાબો ઢીંચણ ભૂમિથકી ઉંચો રાખે, જમણો ઢીંચણ ભૂમિને વિષે થાપે. ત્રણવાર મસ્તક ભૂમિએ લગાડે. લગાડીને પછી લગાર ઉંચો થઈને પોતાનું શરીર નમાવતાં કડાં, બાજુબંધ, ભુજબંધ, કુંડલ, તેણે કરી થંભાવેલી ભુજાઓને વાળીને, કરસંપુટ માથે કરી. બે હાથ જોડી, મસ્તકે આવર્ત કરી, એમ બોલે. અહિં બોલવું એવી રીતે નમુત્થુણંનો પાઠ કહે, તે કહે છે.

નમુત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં ॥

અર્થઃ—નમસ્કાર થાઓ ! શ્રીઅરિહંતને ભગવંત, સૂર્ય અને ચંદ્ર તે બે અર્થવાળા ભગ શબ્દે કરી સહિત અને બીજા દ્વાદશ અર્થવાળા જેના ભગવંત છે.

આઇગરાણં, તિત્થયરાણં, સયં સંબુદ્ધાણં ॥

અર્થઃ—આદિના કરનાર છે, ચતુર્વિધ સંઘના સ્થાપનાર—તીર્થંકર છે, બીજાના ઉપદેશ વિના પોતાની મેળે બોધ પામ્યા છે.

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં ॥

વર્ષનું આયુ ભોગવી દયા સહિત મરણ પામી, હે મેઘકુમાર ! તું રાજકુળે ઉપન્યો છો. અકાલે મેઘ વૃષ્ટિનો દોહલો તારી માતાને થયો માટે તારું નામ મેઘકુમાર સ્થાપ્યું છે. જે વખતે તુજને તરસીયે મર્યો, તે દુઃખ આગળ આ સાધુના સંઘટ્ટથી તું શું દુઃખ ધરે છે ? તે સાધુ તો જગદંધ છે, એમના ચરણની રજ તો પુણ્યવાન્ જીવને લાગે માટે સાધુના પગ લાગવાથી દુઃખ ન આણવું. એવાં ભગવાનનાં વચન સાંભળી જાતિસ્મરણ ઉપન્યું. તેણે ફરી પૂર્વલા ભવ દીઠા. પછી પ્રભુને પગે લાગી ચારિત્રને વિષે સ્થિર થઈને એવો અભિગ્રહ લીધો કે આજ પછી માહરે બે નેત્ર ટાળીને બીજા શરીરની શુશ્રૂષા, જો તેનું સંકટ પડે તો પણ ન કરવી. પછી અનુક્રમે તે મેઘમુનિ એક માસની સંલેખણા કરી શુદ્ધ ચારિત્ર પાળી વિજયનામા અનુત્તર વિમાને ઉપન્યા, ત્યાંથી ચવી મહાવિદેહમાં ઉપજી મોક્ષ પામશે, માટે ભગવંતને ધર્મસારથિ કહિયે ॥ એ પ્રથમ વ્યાખ્યાન સમાપ્ત થયું ॥ ૧ ॥

વ્યાખ્યાન બીજું.

॥ ઢાળ બીજી ॥ બે કર જોડી તામ ભદ્રા વિનવે ॥ એ દેશી ॥

શક્રસ્તવ કરે સુરરાજ, રોમાંચિત થઈ ॥
ભાવિ અતીત જિન મન ધરી એ ॥
પંચ કલ્યાણકે એમ, શક્રસ્તવ ભણે સદા ॥
શક્રસ્તવ નામ તેહ ભણી એ ॥ ૧ ॥
હવે ચિંતે મન ઇંદ્ર, એ શું નીપનું ॥
એહ અચ્છેરું જાણીયે એ ॥
કેઈક કાલને અંતે, નીપજે એહવા ॥
અચ્છેરાભૂત લોકને એ ॥ ૨ ॥

અર્થઃ—એ રીતે ઇંદ્ર મહારાજ, સૌધર્મ દેવલોકે રહ્યો થકો હાથ જોડી પૂર્ણ શક્રસ્તવ કહે, તે કહીને રોમાંચિત થાય, આનંદ પામે, વળી એવો મનમાં વિચાર કરે કે એમ અતીત કાલે ત્રેવીશ તીર્થંકર થઈ ગયા અને ભાવિ ચોવીશીમાં તીર્થંકર હવે થાશે, તેને મનમાં ધારે કે તિહાં સર્વત્ર એવી સ્થિતિ છે, જે પ્રભુનું એક ચ્યવન કલ્યાણક, બીજું જન્મ કલ્યાણક, ત્રીજું દીક્ષાકલ્યાણક, ચોથું જ્ઞાનકલ્યાણક, અને પાંચમું નિર્વાણકલ્યાણક. એ પાંચ કલ્યાણકે સદાકાલે શક્રસ્તવ કહે એટલે શક્ર જે ઇંદ્ર તે સ્તવ એટલે સ્તુતિ માટે તેને શક્રસ્તવ કહીયે. વળી એ પાંચ કલ્યાણકના મહિમાને કરે એટલે ચોસઠ ઇંદ્ર ભેળા થઇને અઠ્ઠાઇ મહોત્સવ પ્રમુખ કરે ॥ ૧ ॥

હવે ઇંદ્ર મહારાજે મનમાં એવું વિચાર્યું, જે એમ થયું પણ નથી, થાતું પણ નથી અને થાશે પણ નહીં; જે માટે શ્રી અરિહંત ભગવંત, ચક્રવર્ત્તી, વાસુદેવ, બલદેવ, એ ત્રેસઠ ઉત્તમ પુરુષ, તે અંતકુલને વિષે, પ્રાંતકુલને વિષે, તુચ્છકુલને વિષે, દરિદ્રીના કુલને વિષે, કૃપણના કુલને વિષે, ભીખારીના કુલને વિષે, બ્રાહ્મણના કુલને વિષે, આવ્યા પણ નથી, આવતા પણ નથી અને આવશે પણ નહીં. એ ત્રેસઠ શિલાકા પુરુષ તો ઉગ્રકુલને વિષે, ભોગકુલને વિષે, રાજાના કુલને વિષે, ઇક્ષ્વાકુકુલને વિષે, ક્ષત્રિયના કુલને વિષે, હરિવંશકુલને વિષે, તેમજ બીજા પણ તથાપ્રકારના વિશુદ્ધ જાતિના કુલ વંશે કરી સહિત એવા કુલને વિષે આવ્યા છે, આવે છે અને આવશે. તથાપિ "લોગચ્છેરય ભૂઅં" એ પાઠે કરી એ વાત પણ અચ્છેરાભૂત છે. જે કોઇક કાલને અંતે એટલે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી વ્યતિક્રમે થકે એવાં દશ અચ્છેરાં ઉપજે છે, માટે એ અવસર્પિણીએ પણ લોકને અચ્છેરાભૂત એટલે આશ્ચર્યકારી વાત ઉપની છે એમ ઇંદ્ર મહારાજે વિચાર્યું ॥ ૨ ॥

મ માહારી ભક્તિ, ઉત્તમ ઠામમાં ॥
પાલખી મૂક્યો એ ॥
યો દુઃકુળીગર્ભથી, સુરપાયક ધણી ॥
ન અચ્છેરાં દશ કહ્યાં એ ॥ ૩ ॥

...હુંકે શું વિચાર્યું? કે આ તો મ્હારી ભક્તિ છે, તે હું કરું.
પ્રભુને ઉત્તમ સ્થાનકે ઓછા કુલને વિષે જઈ પાલખીને
...નાર મ્હારી ભક્તિ ખરી જાણવી. એમ મ્હારો આચાર છે.
...ગેને દુઃકુળીગર્ભથી દેવતા જે પાળા કટકનો ધણી છે. હરિણેગ
...છે, તેને ભોળાવીને આ ગર્ભસંક્રમણમાં દશ અચ્છેરાં
...તે સંબંધિ પ્રભુના ગર્ભની સર્વ વાત કહી ॥ ૩ ॥

"હવે દશ અચ્છેરાં (આશ્ચર્ય) વખાણે છે."

જિનપદ લહે ઉપસર્ગ ॥ ૧ ॥

અર્થ—પ્રથમ કોઈ તીર્થંકરને કેવલજ્ઞાન ઉપન્યા પછી ઉપ-
સર્ગ નહીં અને શ્રીમહાવીર દેવને કેવલજ્ઞાન ઉપન્યા પછી
...ગોશાલે ઉપસર્ગ કર્યો. તે કહે છે.
એકદા ભગવંત શ્રીમહાવીરસ્વામી વિહાર કરતાં સાવથી
...નગરીએ સમોસર્યા, ત્યારે ગોશાલો પણ લોકમાં હું તીર્થંકર છું,
...સર્વજ્ઞપણે આવ્યો. તે સમયે ગૌતમસ્વામી ગોચ-
...રીએ ગયા, ત્યાં લોકોના મુખથી એવું સાંભળ્યું જે આજ
...નગરીમાં એક મહાવીરસ્વામી અને બીજા ગોશાલો, એમ બે તીર્થં-
કર આવ્યા છે. પછી ગૌતમસ્વામીએ ભગવંત પાસે આવીને
...ગોશાલાની ઉત્પત્તિ પૂછી ત્યારે પ્રભુએ કહ્યું કે એ શરવણ ગામનો
...લી મંખલી ભદ્રાની સુભદ્રા સ્ત્રી, તેનો પુત્ર છે. ગાયની
...શાલામાં જન્મ્યો તેથી ગોશાલો નામ પાડ્યું છે. એ મ્હારો કુશિ-

ષ્ય છે. છદ્મસ્થાવસ્થાયે મ્હારી સાથે છદ્મસ્થપણે છ વરસ રહ્યો હતો, મ્હારી પાસેથી ભણીને કાંઇએક બહુશ્રુત થયો છે. એ મિથ્યા જિનનામ ધરાવે છે; પરંતુ એ તીર્થંકર નથી. એવી વાત પ્રભુ પાસેથી સાંભળીને શ્રીગૌતમે ઘણાએક જનો પાસે વાત કરી, જે ગોશાલો મંખલી પુત્ર છે; તે વાત ગોશાલાને કાને ગઇ. તે વારે ગોશાલો ક્રોધાયમાન થયો. એવા સમયે ભગવંતનો આનંદનામા શિષ્ય ગોચરીયે ગયો તેને ગોશાલે બોલાવીને કહ્યું કે હે આનંદ! તને એક દૃષ્ટાંત કહું તે સાંભળ. કોઇએક ચાર વાણીયા વ્યાપાર કરવાને અર્થે વિવિધ પ્રકારનાં કરિયાણાનાં ગાડાં ભરી પરદેશ જાતાં માર્ગમાં કોઇએક મ્હોટી અટવીમાં પેઠા; તિહાં તૃષા લાગી તેથી પાણીની ગવેષણા કરતાં ચાર વાલ્મિક એટલે ઉદેહીનાં શિખર દીઠાં અને તેના ઉપર નીલાં વૃક્ષ ઉગેલાં દીઠાં તેથી જાણ્યું કે અહીંઆં અવશ્ય પાણી હશે. એવું જાણી એક શિખર ફોડ્યું તેમાંથી નિર્મલ જલ નીકળ્યું. તે પાણી પીને તૃષા ભાંજી, વલી બીજા વાસણોમાં પણ પાણી ભરી લીધું; પછી બીજું શિખર ભાંગવા માંડ્યું, તેવારે તેમાંથી એક વૃદ્ધ પુરૂષ બોલ્યો કે આપણું કામ થયું; માટે હવે બીજું શિખર ફોડશો માં; એમ વાર્યા થકા પણ તેમણે બીજું શિખર ફોડ્યું તેમાંથી રુપું નીકળ્યું; તેવારે લોભ લાગ્યો તેથી ત્રીજું શિખર ફોડ્યું તેમાંથી સુવર્ણ નીકળ્યું; વળી વૃદ્ધે વાર્યા તોપણ ચોથું શિખર ફોડ્યું; તેમાંહેથી મહાવિકરાલ ભયંકર દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો; તે સર્પે દૃષ્ટિવિષે કરી સૂર્ય સામું જોઇને સર્વને બાળી ભસ્મ કીધા; એક સુશિક્ષાના આપનાર વૃદ્ધને દયા આણી જીવતો મૂક્યો. એ દૃષ્ટાંતે તાહારા ધર્માચાર્યને એટલી સંપદા પ્રાપ્ત થઇ તો પણ અસંતુષ્ટ થકો મહારો અપવાદ લોકો આગળ બોલીને મને રોષવંત કરે છે; તેથી હું ત્યાં આવી સર્વને બાળી ભસ્મ કરીશ, માટે તું ઉતાવળો જઇને તારા ધર્માચાર્યને કહે, હું વૃદ્ધ-

વાણીયાની પેરે એક તુજને છોડતો મુકીશ. એ વાત સાંભળી આનંદ, ભયભ્રાંત થયો થકો ભગવંત પાસે આવીને ગોશાલાના સર્વ સમાચાર કહ્યા. તેવારે ભગવંતે ગૌતમાદિક સર્વને તેડીને કહ્યું કે અહીંયાં ગોશાલો કુશિષ્ય આવશે, તે ઉપસર્ગ કરશે માટે તમે કોઈ તેની સાથે ભાષણ કરશો મા. એટલાં વચન કહ્યાં છે, તે સાંભળી સર્વ સાધુયે અંગીકાર કીધું. તથાપિ સર્વાનુભૂતિ અને સુનક્ષત્રનામે બે સાધુ ભગવંત પાસે રહ્યા. એટલે ગોશાલો આવીને કહેવા લાગ્યો કે હે કાશ્યપ! તું મુજને ઓળખે છે કે નહીં ઓળખતો? તાહરો કુશિષ્ય મંખલીપુત્ર ગોશાલો તે તો મરણ પામ્યો અને હું તો બીજો છું, હું તાહરો શિષ્ય નથી. તેવારે ભગવંત બોલ્યા કે મેં તુજને ઓળખ્યો છે વળી જેમ કોઈ ચોર નાશે, અચાનક આળ પામતો, તૃણઓટે કરી આત્મા ઢાંકે, તે કેવી રીતે ઢંકાય? તું પોતાનું સ્વરૂપ ઓળખે છે, તે કેમ ઓળવવા માંડ્યો? એ વચન સુનક્ષત્ર અને સર્વાનુભૂતિયે પણ આવી ઉચ્ચાર કર્યા, તેવારે ગોશાલાને રીસ ચડી તેથી બન્ને સાધુને બાળી ભસ્મ કીધા. એવી તેજોલેશ્યા મુકી. તેણે કરી બે સાધુ બળ્યા. તે મરણ પામી દેવલોકે પહોંચ્યા અને ભગવંતને તેજોલેશ્યા. પણ પ્રદક્ષિણા દેઈને પાછી ગોશાલાના શરીરમાં પેઠી. તેથી ગોશાલો દાઝ્યો. સાત દિવસ વિવિધ વેદના ભોગવી મરણ પામ્યો. ભગવંતના શરીરે પણ તાપ લાગ્યો તેથી પિત્તજ્વર થયો, છ મહીના સુધી લોહીખંડ ઝાડો રહ્યો. પછી રેવતી શ્રાવિકાના ઘર થકી બીજોરાપાક સિંહ અણગાર સાધુ આણી આપી ભગવંતે વાપર્યો, તેથી શરીરે શાતા થઈ. એમ તીર્થંકરને ઉપસર્ગ થયા પછી એટલે કેવળજ્ઞાન ઉપના પછી ઉપસર્ગ ન હોય, તે થયું, એ અચ્છેરું જાણવું.

ઇતિ બીજું અચ્છેરું ॥ ૨ ॥

વાંચ્યો, પૂજ્યો નહીં. તેમ તે ઉઠીને ઉભી પણ થઇ નહીં, તેવારે નારદને રીશ ચઢી અને વિચાર્યું જે આ દ્રૌપદી પાંચ પાંડવને ઘણીજ વલ્લભ છે માટે એને સંકટમાં નાખું. એમ વિચારી ધાતકી ખંડના દક્ષિણાર્દ્ધ ભરતમાં અમરકંકાનામે નગરીયે પદ્મોત્તર રાજા સ્ત્રીનો ઘણો લોલુપી છે, તેની પાસે જઇને કહ્યું કે હે રાજન્! તાહરી સાતશેં સ્ત્રીઓ છે પણ પાંચ પાંડવની સ્ત્રી દ્રૌપદીના નખાગ્રસમાન કોઇ રાણીનું રૂપ નથી. એવું સાંભળી પદ્મોત્તર રાજા કામવિહ્વલ થયો અને ત્રણ ઉપવાસ કરી પૂર્વભવ સંબંધી દેવતાનું આરાધન કર્યું. દેવતા પ્રત્યક્ષ આવી ઉભો રહ્યો અને હાથ જોડી કહેવા લાગ્યો કે હે રાજન્! મુને કેમ સંભાર્યો? તે વારે રાજાયે દ્રૌપદી આણી આપવાની યાચના કરી. દેવતાયે પણ દ્રૌપદીને અવસ્વાપિની નિદ્રા આપી, તિહાંથી ઉપાડી અ-શોક વાડીમાં લાવી મૂકી. પછી પદ્મોત્તર રાજાયે દ્રૌપદીને પોતાની સ્ત્રી થવાની પ્રાર્થના કરી, દ્રૌપદીએ જવાબ દીધો જે કૃષ્ણ વાસુ-દેવ તથા પાંચ પાંડવ, છ મહીનામાં જો મ્હારી ખબર નહીં લેશે. તો હું તમારીજ છું. તે સાંભળી પદ્મોત્તર રાજાયે પણ વિચાર્યું જે જોરાવરીથી પ્રીતિ ન થાય, એમ જાણી પોતાના અંતેઉરમાં તેડી ગયો. હવે દ્રૌપદી પણ છઠ્ઠ છઠ્ઠનું તપ કરે છે અને પારણે આયંબિલ કરે છે. અહીંઆં દ્રૌપદીને સંહર્યા પછી બે ઘડીએ યુધિષ્ઠિર જાગ્યા, તેવારે તેણે દ્રૌપદીને દીઠી નહીં. પછી પાંડવોએ સર્વ સ્થાનકે ખબર કરાવી, પણ ક્યાંહીં પત્તો મળ્યો નહીં, તેવારે પાંડુરાજાને ખબર આપી. તેણે કૌટુંબિક પુરુષ તેડાવીને નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે જે કોઇ દ્રૌપદીને લાવે. તેને જે માગે તે આપીયે. પરંતુ ક્યાંહીંથી પણ ખબર મળી નહીં, તેવારે વિચાર્યું કે જે કોઈ દેવતા, દાનવ, ગંધર્વ અથવા કિન્નરે અપહરી છે એવું વિચારી કુંતાજીને શ્રીકૃષ્ણ પાસે ખબર કરવા મોકલ્યાં. કુંતા દ્વારિકામાં આવ્યાં. તેની વધામણી આવ્યાથી શ્રીકૃષ્ણ સામે

રથમાં ઉપર બેઠી સાથમાં આવી ... તપસ્વીને કુંતાજીને ખબર આપી. વિનય સહિત પોતાને મંદિરે તેડી આવ્યા. મંદિરે તેડી આવ્યા પછી દ્વારકામાં આવ્યાનું પ્રયોજન પૂછ્યું. કુંતાજીએ દ્રૌપદીની સર્વ હકીકત કહી. તે સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા કે તેને કોઈ અપહરે છે, તે પણ પોતાની સ્ત્રીને પકડી લાવવી જોઈએ છે, તો મેં ઘેર ઘેર કોઈ સ્ત્રીને લાવવી જોઈયે નહીં? તેવારે કુંતાજી બોલ્યાં કે હે કૃષ્ણજી! હમણાં હાંસી કરવાનું કામ નથી. પછી કૃષ્ણજી બોલ્યા કે ભરતક્ષેત્રમાં જ્યાં હશે ત્યાંથી ખબર કરાવી નિશ્ચયથી આણીને તમારે પાંડવોને સોંપીશ. તમે કોઈ ચિંતા કરશો નહીં. એમ સંતોષ પમાડીને કુંતાજીને હસ્તિનાપુરે મોકલતાં કર્યાં. પછી શ્રીકૃષ્ણે કૌટુંબિક પુરુષને તેડીને સર્વત્ર ઉદ્ઘોષણા કરાવી. પરંતુ ક્યાંહિં ખબર મળ્યા નહીં. તેથી મન ચિંતાતુર થઈ. એવા સમયમાં તેહીજ નારદજી શ્રીકૃષ્ણ પાસે આવ્યા. તેને શ્રીકૃષ્ણે પૂછ્યું કે હે નારદ! તમે કોઈ સ્થાનકે દ્રૌપદીને દીઠી? તેવારે નારદ બોલ્યા કે ધાતકીખંડે દક્ષિણાર્ધ ભરતે અમરકંકા નગરીયે પદ્મોત્તર રાજાના અંતેઉરમાં દ્રૌપદી સરખી એક દીઠી તો હતી. તે સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા કે એ તમારુંજ કામ હશે એમ જણાય છે. પછી શ્રીકૃષ્ણે પાંડવોને ઉપર દૂત મોકલી કહેવરાવ્યું કે દ્રૌપદી અમરકંકા નગરીયે છે. તે માટે તમે તમારી ચતુરંગિણી સેના સહિત પાંચે પાંડવ પૂર્વ સમુદ્ર તટે જઈને આવજો. અને શ્રીકૃષ્ણજી પોતે પણ તેવી ચતુરંગિણી સમુદ્રવિજયાદિક દશ દશાર્હના પરિવાર સહિત હાથી ઉપર બેઠી. સત્વર ચિત્તવતો ચાલે પૂર્વ સમુદ્ર વેલાકુલે સંકેત સ્થાનકે આવી પાંચે પાંડવ. પછી શ્રીકૃષ્ણજીએ અઠ્ઠમ તપ કર્યો, તેથી લવણસમુદ્રનો અધિષ્ઠાયક સુસ્થિતનામે દેવતા પ્રગટ થયો. તેવારે શ્રીકૃષ્ણજી બોલ્યા, હે દેવ! દ્રૌપદીને લેવા માટે અમારે ધાતકીખંડે જવું છે માટે પાંચ પાંડવના પાંચ રથ અને છઠ્ઠો

માહરો એ છ રથ લવણ સમુદ્રમાંથી ચાલ્યા જાય એટલો માર્ગ આપો; તે સાંભલી દેવતા બોલ્યો, તમે ઢીલ મ કરો, તરત જાઓ. પદ્મોત્તર રાજાયે પણ પૂર્વલા સંબંધિ દેવતાનું આરાધન કરી દ્રૌપદીને અપહરી છે અને જો તમારી આજ્ઞા હોય તો હું અમરકંકા નગરી આખી સમુદ્રમાં બોળી નાખું. તેવારે શ્રીકૃષ્ણજી બોલ્યા કે અમે અમારા પરાક્રમે દ્રૌપદીને લાવીશું; તેવારે દેવતાયે સમુદ્રમાં છ રથ જવાનો માર્ગ આપ્યો, પછી શ્રીકૃષ્ણજી પાંડવો સહિત છ રથ જોત્રીને અમરકંકા નગરીને ઉદ્યાને ગયા. તિહાં જઈ દારુકનામા સારથિને શ્રીકૃષ્ણે કહ્યું કે હે દૂત! તું પદ્મોત્તર પાસે જઇને પગ ઉપર પગ આપી ત્રિવલી લલાટે ચઢાવી એમ કહે કે હે પદ્મનાભ! અકાલે મરણની વાંછા કાં કરે છે? હે દુરંતપ્રાંતલક્ષણ! હે હીનચતુર્દશીજાય! હે હીશ્રીકાંતિવર્જિત! આજ તેં મ્હારી બેન દ્રૌપદીને અપહરી છે, તેને તું પાછી આપ, અને જો ન આપે, તો સંગ્રામ કરવાને તૈય્યાર થા. એવા દૂતનાં વચન સાંભળી પદ્મનાભે રીશ ચઢાવી અપમાન કરીને દૂતને બાહેર કાઢી મૂક્યો અને પોતે હાથી ઉપર બેશી સર્વ સૈન્ય લઇ શ્રી કૃષ્ણજી સામો યુદ્ધ કરવા આવ્યો. તે વારે શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું કે, પ્રથમ તમે યુદ્ધ કરશો કે હુંજ કરું? પાંડવો બોલ્યા પ્રથમ અમેજ યુદ્ધ કરશું; કદાપિ જો અમે હારિયે, તો તમે સહાય કરજો. તેવારે શ્રી કૃષ્ણ બોલ્યા કે પાંડવો! તમે મ્હારી સાથે એવો શબ્દ કહ્યો, તો તમે હારશોજ; તો પણ પાંડવો યુદ્ધ કરવા લાગ્યા. પદ્મનાભે પોતાના બલે કરીને પાંચ પાંડવોને હત પ્રહત કર્યા. પાંડવો નાશીને પાછા શ્રીકૃષ્ણ પાસે આવ્યા, પછી શ્રીકૃષ્ણજી યુદ્ધ કરવા લાગ્યા. તિહાં પંચાયણનામા શંખ વગાડ્યો, એટલે પદ્મનાભની સેનાનો ત્રીજો ભાગ નાશી ગયો. પછી શાર્ઙ્ગ ધનુષ્યનો ટંકારવ કર્યો, એટલે વલી પણ સેનાનો ત્રીજો ભાગ નાશી ગયો. અને

પદ્મનાભ નાશીને નગરમાં પેઠો અને અર્જુનના ભયથી દ્રૌપદીને શરણે ગયો. પાછળથી કૃષ્ણજી પણ નરસિંહનું રૂપ કરી દરવાજો તોડી કોટ ભાંજી નાખીને નગરીમાં ગયા. ત્યારે ઋષિ તો પદ્મનાભ દ્રૌપદીની પછવાડે સ્ત્રીનું રૂપ કરી બેઠો, તેથી કૃષ્ણે દ્રૌપદીને પૂછ્યું કે આ કોણ છે? ત્યારે દ્રૌપદી બોલી કે એ પદ્મનાભ રાજા છે, તમારા ભયથી મારે શરણે આવ્યો છે; ત્યારે શ્રીકૃષ્ણે તેને અભય આપી છોડી મૂક્યો. [illegible] શ્રીકૃષ્ણજી દ્રૌપદીને લઈને પાંચ પાંડવ સહિત પાછા વળ્યા, ત્યારે શંખ પૂર્યો. તેવા સમયમાં તે ક્ષેત્રમાં શ્રીમુનિસુવ્રત તીર્થંકર પાસે કપિલ વાસુદેવ વખાણ સાંભળતો હતો, તેણે શંખનાદ સાંભળ્યો તેથી મનમાં શંકા ઉપની કે કોઈ બીજો વાસુદેવ ઉત્પન્ન થયો! તેથી ભગવંતને પૂછ્યું કે મહારાજ! શું બીજો વાસુદેવ ઉત્પન્ન થયો છે? ભગવંત બોલ્યા કે હે કપીલ! એક ક્ષેત્રમાં બે તીર્થંકર અને બે વાસુદેવ ન થાય પણ એ તો જંબુદ્વીપ થકી ભરતક્ષેત્રનો શ્રી કૃષ્ણનામે વાસુદેવ [illegible] થકી આવેલો છે. તે પદ્મનાભ રાજા દ્રૌપદીને હરણ કરી લાવ્યો હતો. તેને લેવાને આવ્યો હતો. પદ્મનાભને જીતીને પાછો જાય છે. તેનો શંખનાદ થયો છે. તે સાંભળી કપિલ વાસુદેવ [illegible] ભગવાનના [illegible] વાસુદેવ [illegible] સમુદ્રને કાંઠે આવ્યો. પણ શ્રીકૃષ્ણ તો દૂર નીકળી ગયા [illegible] સમુદ્રમાં દીઠી, [illegible] [illegible]. તે [illegible] કરી. તેમાં [illegible] કે કપિલ વાસુદેવનો નમસ્કાર [illegible]. શ્રીકૃષ્ણે [illegible] [illegible] કરીને તેમાં [illegible] કે કપિલને કૃષ્ણનો [illegible] [illegible] સાંભળી કપિલ વાસુદેવ [illegible] [illegible] પદ્મનાભ રાજાને [illegible] કરી, તેના પુત્રને રાજ્યપાટે સ્થાપ્યો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહ્યું કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], હું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પાંડવોને [illegible] [illegible]

ફરીને વિચાર કર્યો કે આપણે નાવ પાછું નથી મોકલતા જોઇયે, તો ખરા કે કૃષ્ણ પોતે ગંગાનદી ઉતરી આવે છે કે નથી આવતા! તિહાં કૃષ્ણજીયે ઘણી વાર જોઇ પણ નાવ આવતું દીઠું નહિં, તેથી શ્રીકૃષ્ણજીયે જાણ્યું જે પાંચે પાંડવ બૂડ્યા દેખાય છે, એમ વિચારી એક હાથમાં રથને ઉપાડ્યો અને એક હાથે પાણી ડોળતા ડોળતા સાડા બાસઠ યોજનના વિસ્તારવાલી નદીને ડોળી આગલ આવી જુવે છે તો પાંડવો બેઠા બેઠા હસે છે. તેવારે શ્રીકૃષ્ણ રીસ ચઢાવીને પાંડવોને પૂછવા લાગ્યા કે અરે દુષ્ટો તમે નાવ કેમ ન મોકલી? પાંડવો બોલ્યા, તમારી પરીક્ષા જોવાને માટે ન મોકલી.તેવારે શ્રીકૃષ્ણ બોલ્યા કે અરે મેં બે લાખ યોજન સમુદ્ર ઉલ્લંઘન કરી પદ્મનાભને જીતી દ્રૌપદી આણી આપી, તેવારે મારી શક્તિ ન દીઠી? એમ કહી ક્રોધ ચઢાવીને પાંચે પાંડવોને મારવા સારુ લોહદંડ ઉપાડ્યો. વળી દયા આવી ને જાણ્યું જે મહોટો અનર્થ થાશે! એમ વિચારી પાંચે પાંડવના રથ ભાંગી ચૂર્ણ કર્યા અને પાંચે પાંડવને દેશનિકાલ કર્યા અને જ્યાં રથ ભાંગ્યા,ત્યાં રથમર્દન કોટ થયો.શ્રીકૃષ્ણ પોતાની સેના લઇ દ્વારકામાં ગયા અને પાંડવ પણ દ્રૌપદીને લઇ સેના સહિત હસ્તિનાપુરે આવી કુંતાજીને દેશનિકાલની વાત કહી, તેવારે કુંતાજી દ્વારકામાં આવી શ્રીકૃષ્ણને મીઠે વચને સંતોષી નવી મથુરા વસાવવાની શ્રીકૃષ્ણ પાસેથી આજ્ઞા લઇ કુંતાજી પાછાં આવ્યાં. પછી દક્ષિણવેલાતટને વિષે રહ્યા. છેવટ પાંડુસેન નામે પોતાના પુત્રને રાજ્ય પાટે થાપી પાંચે પાંડવ અને છઠ્ઠી દ્રૌપદીયે દીક્ષા લીધી. છઠ્ઠ, અઠ્ઠમાદિક તપ કરી ચૌદ પૂર્વ ભણી તે પાંચે પાંડવ શ્રીશત્રુંજય તીર્થ ઊપર મોક્ષે ગયા. અને દ્રૌપદી પણ અગીઆર અંગ ભણી બે માસની સંલેષણા કરી પાંચમા બ્રહ્મદેવલોકે ગઇ. ત્યાંથી ચવી મહાવિદેહક્ષેત્રે મોક્ષ પામશે. એ રીતે જંબુદ્વીપનો વાસુદેવ, ધાતકીખંડમાં ન જાય, તે ગયો. એ પાંચમું અચ્છેરૂં જાણવું.

થી. કેટલાક આચાર્ય એમ કહે છે કે બે વાસુદેવના સંભ[illegible] ગમ ભેગા ન થાય અને એ થયો, માટે એ પણ આશ્ચર્ય જાણવું.

જુગલ નરક ગતિ પામિયો એ ॥ ૬ ॥ ॥ ૪ ॥

અર્થ—જુગલિયા મરણ પામીને નરકે ન જાય અને [illegible] ર્ષિ તથા હરિણી એ બે મરણ પામીને નરકે ગયાં, માટે [illegible] નું આશ્ચર્ય જાણવું.

તેની કથા આમ છે, કે—જંબૂદ્વીપનાં ભરતક્ષેત્રને વિ[illegible] કૌશાંબી નગરીમાં સુમુખ નામે રાજા હતો. એકદા વસંતઋતુ[illegible] આવે તે રાજા હાથી ઉપર આરૂઢ થઈ તે નગરીની નજીક[illegible] વનમાં રમવાને અર્થે જતો હતો. માર્ગે જતાં વીરકનામે કુવિંદ[illegible] ભાર્યાને અત્યંત રૂપવતી દેખીને [illegible] મંત્રિ[illegible] થયો. તેથી રાજા ત્યાંથી આગળ જાય નહીં તેથી સુમતિનામા પ્રધાન કહેવા લાગ્યો કે હે સ્વામી! આપ [illegible] વન આવ્યાં છતાં તમે કેમ ચાલતા નથી? તે સાંભળી રા[illegible] પ્રધાનની સાથે આગળ વનમાં ગયો. પણ સુ[illegible] [illegible] કેવળ તે સ્ત્રીનું ચિંતવન કરે તેથી ક્રીડામાં [illegible] કોઈ ઉપાયો નથી. તે જોઈને પ્રધાને પૂછ્યું કે હે મહારાજ! [illegible] આજ આપ શૂન્યચિત્ત કેમ દેખાઓ છો? એમ પૂછી પૂછી [illegible] આગ્રહ કરી પૂછવાથી રાજાએ મનની સર્વ વાત પ્રધાન[illegible] ને કહી. તે સાંભળી પ્રધાન બોલ્યો કે, તમે કાંઈ ચિંતા કરશો નહીં હું તમને તે સ્ત્રી મેળવી આપીશ.

પછી કેટલે દિવસે પ્રધાને આત્રેયિકાનામે પરિવ્રાજિકા[illegible] ને સર્વ વાત જણાવીને વનમાળાની પાસે મોકલી. તે [illegible] ત્યાં [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]
[illegible]
[illegible]

કહે તો હું તે દુઃખથી તને પાર ઉતારૂં. તે સાંભળી વનમાલાએ ગુહ્યની વાત કહી. તેવારે પરિવ્રાજિકા બોલી કે હું તને રાજાની સાથે કાલે મેલવીશ, તું કાંઇ ચિંતા કરીશ નહીં. પછી તે પરિવ્રાજિકાએ હર્ષવંતથકી ત્યાંથી જઇ સર્વ વાત પ્રધાનને કહી. પ્રધાને જઇ રાજાને સર્વ વૃત્તાંત સંભળાવ્યું.

તેવાર પછી પ્રભાતે પરિવ્રાજિકા વનમાલાને રાજા પાસે તેડી આવી. રાજાયે હર્ષવંત થઇ અંતઃપુરમાં તેને રાખી અને તેની સાથે તે પંચવિધ વિષયસુખ ભોગવવા લાગ્યો. હવે વીરકુવિંદ ઘેર આવ્યો, તેવારે તેણે સ્ત્રીને દીઠી નહીં. પછી પાડોશી પ્રમુખને પૂછતો થકો ભાર્યાના વિરહથી ઘેલો થયો થકો આખા ગામમાં ફરતો ફરતો એક દિવસે રાજાના પ્રાસાદ નીચે આવી ઉભો રહ્યો, તેવામાં રાજા અને વનમાલા, એ બન્ને જણાં પણ ગોખમાં આવી બેઠાં હતાં. રાજાયે વીરકુવિંદને દેખીને મનમાં વિચાર્યું જે મેં અત્યંત લોક વિરૂદ્ધ અનાર્ય કાર્ય કીધું, માટે મને ધિક્કાર છે. એમ મનમાં ઘણી જ પોતાની નિંદા કરવા લાગ્યો. તેવામાં અકસ્માત્ ઉપરથી વિજલી પડી તેથી બેઉ જણાં શુભધ્યાને મરણ પામી હરિવર્ષ ક્ષેત્રે યુગલિયા પણે ઉપન્યાં. ત્યાં સમસ્ત મનોવાંછિત કલ્પવૃક્ષ પૂર્ણ કરે છે તેથી સુખે રહે છે.

પછી વીરકુવિંદ પણ તે બેહુનું મરણ જાણી ગ્રથિલભાવ (ગેલછા) તજી, અજ્ઞાન તપસ્યા કરી, સૌધર્મ દેવલોકે કિલ્બિષિયા દેવમાં જઇ ઉપન્યો. ત્યાં અવધિજ્ઞાને પૂર્વ ભવના વૈરી તે યુગલને દેખી, મનમાં ચિંતવવા લાગ્યો કે એ યુગલિયાં કહાં તો મરશે નહીં અને જ્યારે મરણ પામશે, તેવારે પણ દેવલોકે જાશે. માટે એને કહાંથી ઉપાડીને અન્ય સ્થાનકે લઇ જાઉં? એમ ચિંતવી ત્યાં થકી કલ્પવૃક્ષ સહિત અપહરણ કરી, ચંપા નગરીયે તે યુગલને લાવ્યો. ત્યાં ચંદ્રકીર્ત્તિનામે રાજા અપુત્રીઓ મરણ પામ્યો હતો, તેથી તે નગરીમાં લોકો રાજાને ખોળે છે. એહવામાં

આકાશથકી તે દેવ ત્યાંના લોકોને કહેવા લાગ્યો કે હું તમારે ચારુદત્ત સાર્થવાહ છું. એ કલાપુત્રના બેટા થાય છે, તેને નવકાર સુધી બોધ ગ્રહનો આચાર કરાવજો. એમ કહી તેને શ્રાવકનું સ્થાપન કરી તે દેવ પોતાની શક્તિયે કરી તેમનું આયુષ્ય તથા દેહમાન વધારીને પોતાને સ્થાનકે ગયો. તે બેઉ ગણ્યુ પાળીને નરકે ગયા. પણ તે યુગલથકી હરિવંશકુલોત્પત્તિ થઇ. આવી યુગલિયા નરકે ન જાય. તે નરકે ગયાં, માટે એ આશ્ચર્ય જાણવું. ૬

અમરો સૌધર્મે જાય ॥ ૭ ॥

ચમરેંદ્રનો ઉત્પાત એટલે ઉર્ધ્વ જવું થયું, તે આવી રીતે કે ભરતક્ષેત્રે વિન્ધ્યાચલના પાસે બિભેલ નામે સન્નિવેશ ત્યાં પૂરણ નામે તાપસ હતો. તે એક દિવસે ધ્યાન કરતો હતો, તે પૂરણ ચારે ખૂણે પુરુષ જુએ છે. તેથી ચમરેંદ્ર અત્યંત ક્રોધાયમાન થયો અને ઇન્દ્રપદ લેવા માટે જતા હતા, તો ત્યારે ભગવંતને વિહાર કરતા જોયા ! એટલે ભગવંતના શરણને પ્રતાપે જીતી પોતાના દુઃખને માટે કલ્યાણની આરાધનાના તારવાની શિક્ષા લેવા. તે ત્રિશલાનંદન મહાવીરને પણ ભેટી નમસ્કાર કરી ઉપનામ લેવાની સાક્ષી બંધ કરવાને વિચારી એક લાખ યોજનનું રૂપ કર્યું. તે સમયમાં અજ્ઞાનપણામાં આવ્યો ફરી ત્રિશલા દેવ જેમાંથી પહેલા પુષ્પમાં પાડવી લીધા પાંચસોને આપ્યા, બીજા પુષ્પમાં પાડવી ત્રિશલા દશ લાખ પલ્યોપમને આપ્યા, ત્રીજા પુષ્પમાં પાડવી ત્રિશલા સંખ્યાત લાખ યોજન ઇત્યાદિ આપ્યું અને ચોથા પુષ્પમાં પાડવી ત્રિશલા પાંચ કરોડ દેવ ઇન્દ્ર ઉપર અસ્થિરપણે શક્રેન્દ્ર મહાવીરના વચન સાંભળી આવી ચમરેંદ્રને વજ્ર મૂક્યું. ત્યારે ચમરેંદ્ર ભય પામી ભગવંતના ચરણમાં આવી પેઠો. તે વજ્ર ભગવંતની પાસે આવ્યું, ત્યારે શક્રેન્દ્ર આવી વજ્ર પાછું લીધું.

જ્ઞાને કરી જોયું, તો સૌધર્મ દેવલોકના સૌધર્મેંદ્ર, તેના પગ પોતાના મસ્તક ઉપર રાખેલા દીઠા. તે જોઈ અમર્ષથી બોલ્યો કે કોણ દુરાત્મા મારા મસ્તક ઉપર પગ રાખીને બેઠો છે? તે સભામાં દેવ બોલ્યા કે, પૂર્વ જન્મને વિષે સંપાદન કરેલા પુણ્યે કરી સર્વના કરતાં અતિશય ઋદ્ધિ અને પરાક્રમ જેનું એવો આ સૌધર્મેન્દ્ર છે. તે સાંભળી ઘણો અતિશય ક્રોધયુક્ત થઈ બોલ્યો કે સૌધર્મેંદ્ર જેના ઉપર પગ રાખે, તે ચમરેંદ્ર જુદા અને હું જુદો, માટે હું ત્યાં જઈ સૌધર્મેંદ્રને પગ પકડી હેઠો નાખું. એવું કહી ચાલ્યો; ત્યારે સર્વ દેવોએ વાર્યો પણ માન્યું નહીં અને હાથમાં પરિઘ ધારણ કરી વિચાર કરવા લાગ્યો કે કોઈ પણ પ્રકારે તે ઇંદ્રે મારો પરાભવ કર્યો છતો હું કોને શરણે જાઉં! એવો વિચાર કરી સુસુમાર નગરને વિષે પ્રતિમાસ્થિત શ્રી મહાવીરની સમીપ જઈ વંદનપૂર્વક બોલ્યો કે હે ભગવન્! તમારા પ્રસાદથી હું ઇંદ્રને પણ જીતીશ. એ પ્રમાણે પ્રાર્થના કરી લાખ યોજન પ્રમાણ વિસ્તીર્ણ શરીર કરી પગથી ધરતી કંપાવતો, હાથે તાલોટા પાડતો, મેઘની પેરે ગાજતો, વીજળીની પેરે ઝબકાર કરતો, જ્યોતિષચક્રને ત્રાસ પમાડતો, દેવતાઓને ભયભ્રાંત કરતો, દેવીઓ બીહીતી થકી દેવતાઓને ગલે વલગી જાય એ પ્રકારનો કોલાહલ કરતો, પરિઘાયુધ ફેરવતો, ગર્વે કરી અંધ થઈ સૌધર્મેંદ્ર સન્મુખ ધાયો. પછી પોતાનો એક પગ સૌધર્માવતંસક વિમાનની વેદિકાને વિષે અને બીજો પગ સુધર્મ સભાની ઉપર રાખી પરિઘે કરી ઇંદ્રકીલ ઉપર તાડન કરી અનેક પ્રકારે ઇંદ્રને આક્રોશ કરવા લાગ્યો. સૌધર્મેંદ્રે પણ અવધિજ્ઞાને જોયું અને જાણ્યું, જે એ તો ચમરિઓ અડધો ઘડો ભર્યો ઉછલે છે તો હવે એને હું શિક્ષા આપું. એમ વિચારી અગ્નિયે જલતું, હજાર દેવતાયે ઉપાડ્યું ન જાય, એવું દેદિપ્યમાન વજ્ર ચમરીયા ઉપર મૂક્યું. ચમર પણ પોતાની પાછળ

આવનારા વજ્રને જોઈ નીચું મુખ કરી, અસમર્થ થઈ, વિસ્તાર કરેલા પોતાના શરીરનો ઉપસંહાર કરી કેવળ શરણ લેઈ ગોતી કુંથુઆ જેવો સૂક્ષ્મ થઈ, શ્રીમહાવીર સ્વામીના ચરણની વચમાં પ્રવેશ કરી રહ્યો અને વજ્ર, પ્રભુના ચરણથી ચાર આંગુલ દૂર રહ્યું કે એટલામાં સૌધર્મેન્દ્રે આવી વજ્રનો ઉપસંહાર કરી શ્રીમહાવીર સ્વામીની પાસે ક્ષમા માગી અને ચમરેન્દ્ર પ્રત્યે બોલ્યો કે, મેં તારા ઉપર વજ્ર મૂક્યું હતું પણ તું શ્રીમહાવીરસ્વામીને શરણ આવ્યો, તેથી મેં વજ્રનો ઉપસંહાર કર્યો. શ્રીમહાવીર સ્વામીની કૃપાએ તને હવે ભય નથી. એવી રીતે તે ચમરેન્દ્રનું આશ્વાસન કરીને પછી મહાવીર સ્વામીને વંદન કરી આજ્ઞા લેઈ પોતાના સ્થાનકપ્રત્યે ગયો. પછી ચમરેન્દ્ર પણ નાના પ્રકારે કરી શ્રીમહાવીરસ્વામીની સ્તુતિ કરી અને આજ્ઞા લેઈ પોતાની ચમરચંચા રાજધાની પ્રત્યે ગયો. એ સાતમું ચમરોત્પાતનામા આશ્ચર્ય જાણવું.

ઉત્કૃષ્ટ તનુ ધણી, આઠ અસિદ્ધ ટાળ, સીઝિયા એ ॥૮॥

અર્થ:—હવે આઠમું આશ્ચર્ય કહે છે. અષ્ટાપદ પર્વત ઉપર ઉત્કૃષ્ટ પાંચસેંધનુષ્ય પ્રમાણ અવગાહનાવાળા એક શ્રીઋષભદેવ ભગવાન્ પોતે અને ભરત વિના નવાણું ભગવંતના પુત્ર અને આઠ ભરતના પુત્ર, એવી રીતે એકસોને આઠ પુરુષ સિદ્ધિ પામ્યા તે પાંચ અવગાહનાવાળા સીઝે પણ ઉત્કૃષ્ટી અવગાહનાવાળા એક સમયે એકસોને આઠ ન સીઝે. માટે એ આઠમું આશ્ચર્ય જાણવું. ૮

રવિ શશિ મૂળવિમાન, વંદણ આવીઆ ॥ ૯ ॥

અર્થ:—હવે નવમું આશ્ચર્ય કહે છે. શ્રી મહાવીરદેવ કોશાંબી નગરીએ સમોસરણમાં બેઠેલા અને સૂર્ય ચંદ્ર શાશ્વતાં વિમાન જ્યોતિષચક્રમાં છે. તે બેઉ [illegible] વિમાનમાં બેસીને પશ્ચિમ પહોરે શ્રીમહાવીરને વંદના કરવા આવ્યા. અહીંયાં દેવતાઓ [illegible] કે ઉત્તર વૈક્રિય વિમાનમાં બેસીને આવે, પરંતુ

તેમ ન જાણવું. એ મૂલગે વિમાને બેશીનેજ વાંદવા આવ્યા છે. તે મૂલગે વિમાને કોઇવારે ન આવે અને હમણાં આવ્યા માટે એ અચ્છેરું જાણવું ॥ ૯ ॥

અસંયતી યતિ પરે, પૂજના એ ॥ ૧૦ ॥ ૫ ॥

અર્થ:—દશમું અસંયતી-આરંભી, પરિગ્રહવંત, અબ્રહ્મચારી, ગૃહસ્થના વેષે રહેલા, તેનો પૂજા, સત્કાર તે અસંયતિપૂજા નામે દશમું અચ્છેરું, તે આવી રીતે છે. શ્રી સુવિધિનાથના નિર્વાણ પછી કેટલોક કાળ વ્યતિક્રમ્યા બાદ હુંડાવસર્પિણીના દોષને લીધે સાધુઓનો વિચ્છેદ થયો. તેવાર પછી જે સ્થવિર શ્રાવકો હતા, તેની પાસે જઈ લોકો ધર્મ પૂછવા લાગ્યા. તે પણ જેવું જાણતા હતા, તેવું તેઓને કહેવા લાગ્યા. તેથી લોક પણ તેમને ધન વસ્ત્રાદિક દેવા લાગ્યા. તેથી તેઓ ગર્વિત થયા થકા પોતાનાં મનઃકલ્પિત નવીન શાસ્ત્ર બનાવી કહેવા લાગ્યા કે, જે કોઈ પૃથ્વી, શય્યા, મંદિર, સુવર્ણ, રુપું, લોહ, કપાસ, ગાય, કન્યા, અશ્વ અને ગજ અમને આપે, તે આ લોકે તથા પરલોકે મહા ફલ પામે. અને અમેજ સુપાત્ર છીએ. એવો ઉપદેશ સાંભલી લોકે તેમને ગુરુ કરી માન્યા. એવી અસંયતીની પૂજા ચાલી. કેટલાએક આચાર્ય કહે છે કે, સાધુનો ધર્મવિચ્છેદ થયો અને જૈન વિના પાખંડી સન્યાસી પ્રમુખ અન્ય દર્શનીજ પૂજાવા લાગ્યા. પ્રથમ સદા સર્વદા સંયતીની પૂજા થતી હતી, તેથી વિપરીતપણાયે કરીને શ્રીશીતલનાથજિનનાં તીર્થ બેસતાં સુધિ આશ્ચર્ય થયું. તે માટે એ દશમું અચ્છેરું છે, એ રીતે એ દશ આશ્ચર્ય આ ચોવીશીમાં થયાં. વળી અનંતે કાળે થશે. ॥ ૧૦ ॥ ૫ ॥

હવે દશ અચ્છેરાં કયા કયા તીર્થંકરની વારે થયાં? કહે છે.

શ્રી ઋષભદેવના વારામાં એકસો ને આઠ સિદ્ધ થયા ॥ ૧ ॥ શ્રી શીતલનાથના વારામાં હરિવંશ કુલની ઉત્પત્તિ થઈ ॥ ૨ ॥

મલ્લિનાથના વારામાં સ્ત્રી તીર્થંકર થયા ॥ ૭ ॥ શ્રી નેમિનાથ વારામાં અમરકંકા નગરીયે શ્રી કૃષ્ણનું ગમન થયું ॥ ૮ ॥ ને શ્રી સુવિધિનાથના વારામાં અસંયતી આચાર્યની પૂજા થઈ ॥ ૯ ॥ એ અસંયતીની પૂજા તો શ્રી આદિનાથના વારામાં પણ મરિચિ કપિલાદિકની સાંભળીયે છીએ. એમ પણ કોઈક બીજા તીર્થંકરોના વારામાં પ્રવાહે થાય છે. અને પાંચ અચ્છેરા મહાવીર સ્વામીને વારે થયાં. એમ દશ અચ્છેરા અધિકાર સંપૂર્ણ ॥ હવે મહાવીર સ્વામીના ગર્ભાવતાર આશ્રયી કહે છે.

નીચકુલે નવિ હોય, જિન ચક્રી હરિયુગ ॥
નીચકુલે નવિ ઉપજે એ ॥
કોઈક કર્મ પ્રભાવ, આવી ઉપના ॥
પણ જનમ નવિ સંભવે એ ॥ ૬ ॥
ભવ સત્તાવીશમાંહે, મરિચિ ભવ નીચે ભવે ॥
ગોત્ર મદે જે બાંધિયો એ ॥

અર્થઃ- હવે એક મહાઅચ્છેર વિચારે છે જે નીચ કુલને વિષે જન્મ ન હોય. કોનો જન્મ ન હોય ? તો કે એક તો (જિનેંદ્ર) તીર્થંકર, બીજો (ચક્રી કે૦) ચક્રવર્તી, ત્રીજો (હરિયુગ કે૦) વાસુદેવ અને બળદેવ એ બેનું જોડલું. એવા પુરુષ તો ઉગ્ર કુલે, ભોગકુલે, રાજન્યકુલે, ઇક્ષ્વાકુ આદિક ઉત્તમ કુલમાં આવી ઉપજે પણ નીચ, ભિક્ષાચરના કુલમાં ન ઉપજે તથાપિ કર્મની વિચિત્રતા છે માટે કોઈએક કર્મના પ્રભાવે કરી આવ્યા, નીચ કુલને વિષે ઉપના છે પણ આવ્યા કુલને વિષે પ્રભુનો જન્મ, સંભવે નહીં, એટલે હોય નહીં, થાય પણ નહીં. એટલે એમ પણ નથી ॥ ૬ ॥ હવે ભગવાન્ શ્રી મહાવીર કિયે કર્મે. મરીચિ નામે ત્રીજે ભવે સ્વામીજી થયા. ભરત ચક્રવર્તીના પુત્ર, તેમણે જે ભગવન ત્રિદંડીપણામાં ભરત ચક્રવર્તિ

વાંચો, અભિમાનથકી ઘણો નાચ્યો, કૂદ્યો, તે વખત કર્મ બંધાણ
છે. કહ્યું છે કે જે પ્રાણી, હસતાં કર્મ બાંધે છે તે રોતાં થકાં પણ
છૂટતાં નથી. તુંબડાને દૃષ્ટાંતે જીવ જે છે તે કર્મથકી ભારે થાય
છે. જેમ તુંબડાને માટી ચોપડી પાણીમાં નાખીએ, તો બૂડી જાય,
તેમ જીવ પણ ઘણાં ચીકણાં કર્મથકી સંસારમાં બૂડયો થકો નર-
કાદિક ગતિમાં પરિભ્રમણ કરે છે, તેમ પ્રભુયે પણ સત્તાવીશ ભવ-
માંહેલા મરીચિના ત્રીજા ભવને વિષે ગોત્રનો મદ કર્યો હતો તે
વખત એ નીચ ગોત્ર-કર્મ બંધાણું છે, તે હમણાં ઉદય આવ્યું છે.
તિહાં પ્રથમ શ્રી મહાવીરનો જીવ, જે ભવથકી સમકિત પામ્યો,
તિહાંથી માંડીને લોક પ્રસિદ્ધ સત્તાવીશ ભવ થયા. તે સત્તા-
વીશ ભવ, અહીંઆં કહિયે છીએ. વિશેષ ગ્રંથાંતરમાં તો અ[illegible]
વીશ ભવ પણ કહ્યા છે.

૧ પ્રથમ પશ્ચિમ મહાવિદેહે નયસાર નામે ગરાશીઓ હતે
તે એક વાર વનમાં કાષ્ઠ લેવા નિમિત્તે ગયો, તિહાં રસોઈ ની
પજાવીને મનમાં ભાવના ભાવવા લાગ્યો કે અહો કોઇ સાધુ આવે
તો તેને વહોરાવીને ભોજન કરું. એટલામાં સાથથકી ભૂલા
પડેલા સાધુ તિહાં આવ્યા તેને દેખી હર્ષવંત થયો. તેને આહાર
પ્રતિલાભ્યો, પછી પોતે જમીને સાધુને માર્ગ દેખાડયો. જાતી
વખતે સાધુયે ધર્મ ઉપદેશ્યો, તિહાં પ્રથમ સમકિત પામ્યો અને
અંતે નમસ્કાર સહિત મરણ પામ્યો ॥ ૨ ॥ અને બીજે ભવે
પ્રથમ દેવલોકે એક પલ્યોપમને આઉખે દેવતા થયો ॥

૩ ત્રીજે ભવે ભરતચક્રવર્તીનો મરીચિનામા પુત્ર થયો, તેણે
શ્રીઋષભદેવ પાસે પ્રતિબોધ પામી, દીક્ષા ગ્રહણ કીધી. થીવિર
પાસે અગીયાર અંગ ભણ્યો. એકદા ઉષ્ણ કાલે શરીરમાં તાપ
[illegible] લાગ્યો, તેથી મનમાં નાવાની ઇચ્છા થઇ, તેવારે સંયમનો
નિર્વાહ દોહિલો, ઘરે પણ જવાય નહીં, એવું વિચારી મનઃકલ્પ-
[illegible] નવો વેષ ધારણ કર્યો, તે આવી રીતે કે સાધુ ત્રણ દંડ-

રહિત છે હું તેવો નથી માટે મહારે ત્રિદંડનું ચિન્હ હોજો. તથા સાધુ દ્રવ્યથી અને ભાવથી મુંડ છે, હું તો તેવો નથી માટે મહારે મસ્તકે શિખા અને મુંડન હો. વળી સાધુ સર્વ પ્રાણાતિપાતાદિકથી વિરમ્યા છે અને હું તો તેવો નથી. માટે મહારે સ્થૂલ પ્રાણાતિપાતની વિરતિ હો. વળી સાધુ શીલે કરી સુગંધિત છે હું તો એવો નથી માટે મહારે ચંદનાદિકનું વિલેપન હો. વળી સાધુ મોહરહિત છે, હું તો મોહે કરી ઢંકાયો છું, માટે મહારે એક છત્ર ઢાંકવા સારૂ રાખવું. વળી સાધુ ઉપાનહે રહિત છે. મહારે પગે પાવડી હો. વળી સાધુ કષાયે રહિત છે, હું તો કષાયે સહિત છું, માટે મહારે વસ્ત્ર કષાયલાં હો. વળી સાધુ સ્નાને કરી રહિત છે, મહારે થોડે પાણીએ સ્નાન હો. એમ પોતાની બુદ્ધિએ પરિવ્રાજકનો નવો વેષ કીધો. પછી તે વિહાર ભેગ કરીને રહે છે. તેની આગળ ઘણા લોક ધર્મ સાંભળવા આવે. તથા કોઇ પૂછે જે સાધુનો ધર્મ કેવો? તો તેઓને તેને શુદ્ધ ધર્મોપદેશ આપે. એમ અનેક ભવ્યજીવોને પ્રતિબોધી ભગવંતને શિષ્યપણે સોંપે. એમ સાથે ભગવંતનાથે વિચરે. એકદા શ્રીઋષભદેવ સમોસર્યા અયોધ્યા, તેવારે ભરતચક્રવર્તીએ વાંદીને પૂછ્યું જે હે ભગવન્! આ સમોસરણમાં કોઈ તીર્થંકરનો જીવ છે? તેવારે ભગવંતે કહ્યું કે સમવસરણની બાહિર તારો પુત્ર મરીચિ છે તેહિજ ચોવીશમું તીર્થ કરશે, તે વર્તમાન ચોવીશીમાં શ્રી મહાવીરસ્વામી તીર્થંકર થાશે, વળી આ ભરતમાં પોતનપુરે ત્રિપૃષ્ઠ નામા પ્રથમ વાસુદેવ થાશે, વળી શ્રી મહાવિદેહમાં મુકા નગરીએ પ્રિયમિત્રનામા ચક્રવર્તી થાશે. એવું સાંભળી ભરત રાજા ઘણું સમોસરણમાંથી ઉઠીને મરીચિ જિહાં બેઠો છે, ત્યાં આવ્યો અને ત્રણ પ્રદક્ષિણા આપી વાંદીને એમ કહ્યું, કે હે મરીચિ! તાહરો પરિવ્રાજકપણું હું વાંદતો નથી પણ તું ચોવીશમો તીર્થંકર શ્રીમહાવીર થાશ. તે માટે તને વાંદું છું. વળી મહાવિદેહમાં ચક્રવર્તી મુકાપુરી નગરે પ્રિયમિત્ર થઈશ.

તમાં પ્રથમ વાસુદેવ થાઇશ, એમ કહી ભરત સ્વસ્થાનકે ગય એ વાત સાંભળી મરીચિ હર્ષને વશે નાચતો, હાથે તાલોટકે વિચારવા લાગ્યો, જે આ ભરત ચક્રવર્ત્તી કોઇને વાંદે નહીં અને મને વાંદ્યો. વળી હું વાસુદેવમાંહે પ્રથમ વાસુદેવ થઇશ અને ચક્રવર્ત્તીમાંહે મહારો પિતા પ્રથમ ચક્રવર્તી, તથા તીર્થંકર માંહે મારો દાદો પ્રથમ તીર્થંકર માટે અહો મહારું ઉ કુલ ! એવો મદ કરીને મરીચિયે નીચજાતિ ગોત્ર બાં જે માટે (૧) જાતિમદ, (૨) કુલમદ, (૩) લાભમદ, (ઐશ્વર્યમદ, (૫) બલમદ, (૬) રુપમદ, (૭) તપમ (૮) શ્રુતમદ, એ આઠ મદ કરતો જીવ હીન જાત્યાદિક પામે હવે શ્રીઋષભદેવ મુક્તિ પધાર્યા પછી પણ પૂર્વ રીતેજ સા સંઘાતે મરીચિ વિચરે. એકદા મરીચિ રોગગ્રસ્ત થયો, પણ ભિન્નવેષ માટે સાધુ કોઇ તેની પરિચર્યા ન કરે, તેવારે મરીચિ ચિંતવવા લાગ્યો, જે અહો ! સાધુ ચિરપરિચિત છે, તોહે પણ એ મહારા નહીં, માટે જો રોગ રહિત થાઉં, તો એક શિષ્ય વૈયાવચ્ચ કરવાને અર્થે કરું; અનુક્રમે નીરોગી થયો. પછી એકદા કપિલનામા રાજકુમાર દેશના સાંભળી પ્રતિબોધ પામ્યો. તેને મરીચિયે કહ્યું કે સાધુ પાસે જઇને ચારિત્ર લે. તેવારે કપિલ બોલ્યો કે હે સ્વામી ! તમારા દર્શનને વિષે ચારિત્ર નથી ? તે સાંભળી મરીચિએ યથાર્થ કહ્યું, તો પણ તે બાહુલકર્મી જીવ કપિલ કહેવા લાગ્યો કે શું સર્વથા તમારા દર્શનને વિષે ધર્મ નહીજ ? તેવારે મરીચિયે આદિ કષાયે સહિત મિથ્યાત્વોદયે [illegible]થી શિષ્યના લોભથી સ્વધર્મ સ્થાપવા આવી રીતે ઉત્સૂ[illegible] કે હે કપિલ ! જૈનમાર્ગમાં પણ ધર્મ છે અને મહારા માર્ગમાં [illegible] છે. એવા ઉત્સૂત્ર વચને કરી એક કોડાકોડી સાગરોપમ [illegible] સંસાર [illegible] ઉપાર્જ્યો. કપિલને દીક્ષા દીધી. [illegible] આલોયા પડિક્કમ્યા નહીં. હવે ત્યાંથી કાળ

ગુ ભોગવી ॥ ૪ ॥ ચોથે ભવે પાંચમે બ્રહ્મદેવલોકે દશ સાગ-
રોપમ આઉખે દેવતા થયા ॥

૫ પાંચમે ભવે તિહાંથી ચવી ગામિને કોલ્લાગ સંનિવેશને
વિષે એંશીલાખ પૂર્વને આઉખે કોશિકનામા વિપ્ર થયા. તિહાં
ઘણો કાળ ત્રિદંડી થયા. તિહાંથી ચવી ઘણો કાળ ભમીને
... પતિબંધ કર્યો. ગયો ॥ ૬ ॥ છઠ્ઠે ભવે સ્થુણાખ્ય સંનિ-
વેશે પુષ્પમિત્રનામા બ્રાહ્મણ થયા, તિહાં ત્રિદંડી થઇ બહોંતેર
લાખ પૂર્વનું આઉખું પાળીને ॥ ૭ ॥ સાતમે ભવે સૌધર્મ દેવલોકે
મધ્ય આઉખે દેવતા થયા ॥ ૮ ॥ આઠમે ભવે ચૈત્ય
સંનિવેશે ચોસઠ લાખ પૂર્વને આઉખે અગ્નિદ્યોતનામા વિપ્ર થયો,
ત્રિદંડી તપસ્વી થયા. ॥ ૯ ॥ ત્યાંથી ચવીને નવમે ભવે ઇશાન
દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયા. ॥૧૦॥ દશમે ભવે મંદિર-
સંનિવેશે છપનલાખ પૂર્વને આઉખે અગ્નિભૂતિનામા વિપ્ર
થયા, તિહાં ત્રિદંડી થયા. ॥ ૧૧ ॥ અગીઆરમે ભવે ત્રીજે સન-
ત્કુમારનામા દેવલોકે મધ્યમ આઉખે દેવતા થયા ॥

૧૨ બારમે ભવે શ્વેતાંબિકા નગરીયે ચુમ્માલીસ લાખ પૂર્વને
આઉખે ભારદ્વાજ નામા બ્રાહ્મણ થયા, તિહાં ત્રિદંડીપણું લીધું.
॥ ૧૩ ॥ તેરમે ભવે ચોથે માહેંદ્ર દેવલોકે મધ્યમ આઉખે દેવ-
તા થયા. તિહાંથી ચવી ઘણો કાળ સંસાર ભમણ કરીને ચૌદમા
ભવે રાજગૃહી નગરીયે ચોત્રીસ લાખ પૂર્વને આઉખે
સ્થાવરનામા બ્રાહ્મણ થયા, ત્યાં ત્રિદંડીપણે રહ્યા.

૧૫ પંદરમે ભવે પાંચમા બ્રહ્મદેવલોકે મધ્યમ આઉખે દેવ-
તા થયા. તિહાંથી ચવી ઘણો સંસાર ભમણ કરીને ॥ ૧૬ ॥
સોળમે ભવે રાજગૃહી નગરીયે વિશ્વનંદિનામે રાજા તેનો પુત્ર
વિશાખાનંદિ યુવરાજ છે અને તે રાજાનો લઘુ ભાઈ વિશાખાભૂતિ
તેનો પુત્ર વિશ્વભૂતિનામે કુમાર થયો. એકદા વિશ્વભૂતિકુમાર ઉદ્યાનમાં
રમે છે, તેવામાં વિશાખાનંદિ ... વિશાખાનંદિ ...

